# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 71 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 March 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૩ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



PRE-REGISTER: paradiseroyalcarnival.com

THE EMPIRE OF MODERN-DAY KINGS AND QUEENS
CALLS FOR THE GRANDEST EVER CELEBRATIONS

COME, ENJOY, EXPERIENCE




29TH 30TH 31ST
MARCH, 2024

SAI
WORLD EMPIRE
KHARGHAR

PHASE-1 OC RECEIVED

WITNESS THE GRAND KEY HANDOVER CEREMONY
OF 951 ROYAL RESIDENCES (PHASE-1)




COME BE A PART OF GREATEST EVER ROYAL EXTRAVAGANZA OF KHARGHAR

SPECIAL EVENTS OF CARNIVAL

The Royal Parade of Knights & Dames • Imperial Buggy Rides for Kids • International Artists Performances • Royal Wizards and Magicians Show
The Regal-Attire Competition • Non-stop Music, DJ and Dance • Kids Fun and Gaming Arcade • Exciting Games and Lucky Draws

98330 90000

www.paradisegroup.co.in
Email: enquiry@paradisegroup.co.in

Site & Sales Office: Sai World Empire, Sector-36, Opp. Kharghar Valley Shilp (CIDCO Colony), Kharghar
Corporate Office: 1701, Satra Plaza, Plot No. 19 & 20, Sector - 19D, Vashi, Navi Mumbai - 400 705

Disclaimer: All the specifcation, design, facilities, dimensions, etc. are subject to the approval of the respective authorities & developers and would be changed if necessary. The discretion remains with the developers.

PRE-REGISTER FOR YOUR ROYAL ARRIVAL

PARADISE GROUP®
Your World. Our Vision.
ISO - 9001: 2015 Certified Organization

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડાકોરમાં ફાગણી પૂનમ મેળાનો પ્રારંભઃ મંદિરમાં હોળી ઉત્સવની તડામાર તૈયારીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ ડાકોરમાં આમલકી એકાદશી પર્વથી ફાગણી પૂર્ણિમા મેળાનો પ્રારંભ થઇ ગયો છે. મંદિરમાં દર્શનાર્થે આવતાં પદયાત્રિકો, શ્રદ્ધાળુઓને કોઇ મુશ્કેલી ન પડે તેવું આયોજન ટેમ્પલ કમિટી દ્વારા કરવામાં આવ્યું છે. મંદિરનાં પગથિયાં ચઢતી વખતે ભીડને લઇને ભક્તો પડી ન જાય તે માટે પગથિયા ઉપર મજબૂત ઢાળ સાથેનો રેમ્પ બનાવીને કારપેટ પાથરવામાં આવી છે. યાત્રાધામ ડાકોર રણછોડરાયજી મંદિરમાં ૨૫મી માર્ચ હોળી ઉત્સવની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ડાકોર રણછોડરાયજી મંદિરનાં મેનેજરએ જણાવ્યું હતું કે, ફાગણી મેળાનો પ્રારંભ થઈ ગયો છે. મંદિરમાં દર્શનાથીઓનો ધસારો વધી રહ્યો છે. મંદિરમાં ભગવાનના દર્શન કરવામાં ભકતો, યાત્રાળુઓ તથા પદયાત્રિકોને કોઈ મુશ્કેલી ન પડે તેવું આયોજન ટેમ્પલ કમિટી તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ૨૫મીએ હોળી (ફાગણી) પૂર્ણિમા છે. ૨૪ અને ૨૫મીએ મંદિરમાં દર્શનનો સમય પણ વધારવામાં આવ્યો છે. અમદાવાદથી સેંકડો પદયાત્રા સંઘ ડાકોર તરફ પ્રયાણ થઈ રહ્યા છે. મંદિરની બહાર એલઈડી સ્ક્રીન સહિત ચાર મોટા પ્રોજેકટર સ્ક્રીન લગાવવામાં આવ્યા છે. મંદિરમાં ભગવાનની પ્રસાદીના લાડુ ગત વર્ષે કરતાં આ વર્ષે પ્રસાદીના લાડુ ડબલ એટલે પાંચ લાખથી વધુ બનાવવામાં આવ્યા છે. લાડુ પ્રસાદી વિતરણ મંદિર બહાર, ગૌશાળા, લક્ષ્મીજી મંદિર અને ખેડાવાળવાડી ખાતે રાખવામાં આવ્યા છે. મંદિરમાં પૂનમના મેળા દરમિયાન પરિક્રમા, તુલાપૂજા-ગાયપૂજા તથા બહારના રાજભોગ બંધ રાખવામાં આવ્યા છે. ફાગવી મેળાને લઈને યાત્રાધામમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ ઉપરાંત મંદિરની રણછોડ સેનાના યુવકો પણ ખડેપગે તહેનાત રહેશે. ■

# અમદાવાદ પૂર્વ બેઠક પરથી ઉમેદવારી પાછી ખેંચ્યા બાદ કૉંગ્રેસમાંથી રોહન ગુપ્તાનું રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર પૂર્વની બેઠક પર કૉંગ્રેસે રોહન ગુપ્તાને ઉમેદવાર બનાવ્યા હતાં. જોકે, તેમણે અચાનક ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી. તેમના પિતાની નાદુરસ્ત તબિયતનું કારણ આગળ ધરીને ચૂંટણીના મેદાનમાંથી ખસી ગયા હતાં. હવે રોહન ગુપ્તાએ કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે અને પક્ષના વરિષ્ઠ નેતાઓ પર ગંભીર આરોપો લગાવ્યા હતાં. રોહન ગુપ્તા કૉંગ્રેસમાં નેશનલ સોશિયલ મીડિયાના કો. ઓર્ડિનર હતા.

રોહન ગુપ્તાએ કહ્યું હતું કે, મારા અને મારા પરિવાર માટે કપરો કાળ છે. વ્યક્તિગત જીવનમાં સિનિયર નેતાઓએ આરોપ લગાવ્યાં છે. છેલ્લા ત્રણ દિવસથી છબી ખરડવાનો પ્રયાસ થતો હોવાનો આરોપ લગાવ્યો છે. એક નેતાના અહંકારી, અસંસ્કારી વર્તનથી પાર્ટીને નુકસાન થઈ રહ્યું છે. મારી સાથે દગો કરવાનું વ્યવસ્થિત ષડયંત્ર રચાયું છે. મારે મારો અવાજ ઉઠાવવો જરૂરી છે. મારી નમ્રતાને મારી નબળાઈ ન ગણવી જોઈએ. મે મારી ઉમેદવારી પાછી ખેંચીને જીવનનો મુશ્કેલ નિર્ણય લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રોહન ગુપ્તાએ ૧૯મી માર્ચ મંગળવારે કહ્યું હતું કે તેમના પિતા ચૂંટણી લડવાના તેમના નિર્ણયથી ખુશ ન હતા અને તેમના પર દબાણ લાવવા માટે તેમણે થોડા દિવસો પહેલા કૉંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને પાર્ટી સાથેના દાયકાઓ જૂના સંબંધો પણ તોડી નાખ્યા હતા. ૨૦મી જૂન ૨૦૨૨ના રોજ રોહન ગુપ્તાને રાષ્ટ્રીય કક્ષાના પ્રવક્તા બનાવવામાં આવ્યા હતા. જોકે, આ પહેલાં તેઓ સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના ચેરપર્સન તરીકે કાર્યરત હતા. તેઓ ૨૦૧૨માં કૉંગ્રેસમાં સામેલ થયા હતા અને ત્યારબાદ વિવિધ હોદ્દાઓ પર રહ્યા હતા. ■

# ગાંધીનગર કોર્ટમાં ૩૯૯૦૭ કેસ પેન્ડિંગઃ નવી બે કોર્ટ શરૂ કરવાની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરસ્થિત કોર્ટમાં કેસોનું ભારણ વધી રહ્યું છે, સમયસર કેસોનું નિરાકરણ કરવામાં ન આવતા કેસનો ભરાવો થઇ રહ્યો છે. આ ભારણ ઓછું કરવા માટે ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા કોર્ટમાં નવી બે કોર્ટ શરૂ કરવાની માંગણી કરવામાં આવી હતી.

ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે ગાંધીનગર કોર્ટમાં હાલમાં ૩૯૯૦૭ કેસ પેન્ડિંગ છે, જેમાં ૧૪૩૯૯ સિવિલ કેસ અને ૨૫૫૦૮ ક્રિમિનલ કેસનો સમાવેશ થાય છે. જેથી સમયસર ચુકાદા આવતા નથી, કેસ ચાલતા નથી અને પરિણામે નિર્દોષ લોકોને હેરાન થવું પડે છે. ગાંધીનગર કોર્ટમાં હાલમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટ, જ્યારે બે એડિશનલ ડિસ્ટ્રિક્ટ કાર્યરત છે. જેમાં એકમાં માત્ર પોક્સોના કેસ ચલાવવામાં આવે છે અને બીજામાં એમએપીસીના કેસ ચલાવાઇ રહ્યા છે. પરિણામે કોર્ટમાં ભારણ વધી રહ્યુ છે. જેથી વધુ નવી બે એડીશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ફાળવવી જોઇએ. કોર્ટમાં આવતા અરજદારોને સમયસર ન્યાય મળતો નથી. ભૂતકાળમાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રકટ અને સેશન્સ કોર્ટ ઉપરાંત ત્રણ એડિશનલ સેશન્સ કોર્ટ કાર્યરત હતી. ગુજરાત હાઇ કોર્ટના રજિસ્ટ્રારને નવી બે કોર્ટ ફાળવવા માગ કરાઇ છે. ■

# લોકસભા ચૂંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખકાર્ડ ઉપરાંત અન્ય ૧૨ દસ્તાવેજો માન્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-ઈપીઆઈસી રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

ઈપીઆઈસી ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે.

રાજ્યની ૨૬ લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણી તથા પાંચ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ૭મી મે ૨૦૨૪ના રોજ મતદાન યોજવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-ઈપીઆઈસી રજૂ કરવાનું રહેશે. મતદાર ફોટો ઓળખકાર્ડ-ઈપીઆઈસીની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજૂ કરી મતદાન કરી શકાશે.

આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલું હેલ્થ ઇન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઇ દ્વારા ઇસ્યુ કરેલું સ્માર્ટ કાર્ડ, ઇન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજ્ય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઇસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદ સભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઇસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઇસ્યુ કરેલા કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે.

બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી કરેલી હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત ''અસલ પાસપોર્ટ'' રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. ■

અમદાવાદમાં ચોરીનો ભેદ ઉકેલાયો

# ક્રિકેટના સટ્ટામાં હાર્યા બાદ યુવક ચોરીના રવાડે ચડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના મણિનગર વિસ્તારમાં થોડા દિવસ પહેલા એક ફ્લેટમાં કબાટમાં રાખેલા લોકરમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા સહિત ૧૧.૮૦ લાખનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે નિકોલ વિસ્તારમાં રહેતા પરેશ સોનીની ધરપકડ કરી હતી. પોલીસે પરેશ સોનીની પૂછપરછ કરતા તેણે થોડા દિવસ અગાઉ ફ્લેટમાં ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. તેમજ ક્રિકેટ સટ્ટામાં લાખો રૂપિયા હારી જતા યુવક ચોરીને રવાડે ચડ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં રહેતા દીપક મોહનલાલ બુધવાની જાતે સિંધી (ઉ.વ.૫૦)ના રહેણાંક મકાનના તાળાં તોડી કબાટમાં રાખેલા રોકડ રકમ, સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂ. ૧૧,૮૦,૦૦૦ ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા ફરિયાદના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન પોલીસે આરોપી પરેશ સોનીની ધરપકડ કરી તેની પાસેથી સોના ચાંદીના દાગીના, કપલ વોચ, વિદેશી ચલણી નાણું, મોબાઈલ ફોન, ઈમીટેશન જ્વેલરી, અલગઅલગ કંપનીના લેપટોપ, ચોરી કરવાના સાધનો, ચોરી કરેલું ટૂ વ્હિલર સહિત સાત લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો હતો. પોલીસે આરોપી પરેશ સોનીની પૂછપરછ કરતા આરોપી પરેશ વસ્ત્રાલ વિસ્તારમાં માતા-પિતા અને પત્ની સાથે રહે છે અને છેલ્લા ચાર મહિનામાં મણિનગર, વટવા, નવરંગપુરા, શાહપુર, રામોલ, યુનિવર્સિટી જેવા વિસ્તારોમાંથી અલગ અલગ બાર જેટલી ચોરીઓને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતુ કે આરોપી પરેશ સોનીને ક્રિકેટ સટ્ટામાં ૧૫ લાખ જેટલું દેવું થઈ ગયું હતું અને તેની પાસે કોઈ કામ ધંધો હતો નહીં. પોતાના પરિવારનું ગુજરાન પોતાના ઉપર જ ચાલતું હતું જેથી તેણે શરૂઆતમાં એક મોટરસાઇકલની ચોરી કરી જે મોટરસાઇકલ દ્વારા તે રેપીડો સર્વિસમાં પેસેન્જરના ભાડા કરતો હતો. પકડાયેલા આરોપી ખાસ બંધ મકાનને જ નિશાન બનાવતો હોવાનું પૂછપરછ દરમિયાન બહાર આવ્યું હતુ. આરોપી દ્વારા ચોરીના ધંધા માટે તેજેન્દ્ર કોમ્પલેક્ષ, સોનીની ચાલ, સીએમસી સામે એક ઓફીસ પણ ભાડે રાખી હતી, આ ઓફિસમાં ચોરી કરેલા માલને ઓગાળવા માટેના સાધનો, ચોરી કરવા માટેના સાધનો, ચોરી કરેલો મુદ્દામાલ રાખવા માટેની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી હોઈ, પોલીસ પણ ચોંકી ગઈ હતી. આરોપી પરેશ મૂળ રાજસ્થાનના ઝાલોર જિલ્લાના થોર ગામનો વતની છે. ■

# અમદાવાદ યુનિવર્સિટી પાસે ચરસ અને એમડી ડ્રગ્સ સાથે યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં અમદાવાદ યુનિવર્સિટી નજીક એક યુવક ચરસ અને મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપાયો હતો. પ્રાથમિક તપાસમાં યુવક તેના ગ્રાહકોને ડ્રગ્સ સપ્લાય કરવા માટે આવ્યો હતો. આ અંગે એસઓજીએ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમને બાતમી મળી હતી કે અમદાવાદ યુનિવર્સિટીના એએમટીએસ બસ સ્ટેન્ડ પાસે એક યુવક ડ્રગ્સ વેચાણ માટે આવવાની બાતમીને આધારે ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં વસીમખાન મકસુદખાન પઠાણને ઝડપીને તલાશી લેતા તેની પાસેથી ચરસ અને એમડી ડ્રગ્સના બે પાઉચ મળી આવ્યા હતા. આ અંગે તેની પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, તે મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ખાનપુરમાં રહેતા મોઈન પાસેથી અને ચરસ આણંદ રેલવે સ્ટેશન બહારથી રાકીબ નામના વ્યક્તિ પાસેથી લાવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ વસીમખાન આ વિસ્તારમાં યુવાનોને તેમજ વિદ્યાર્થીઓને ડ્રગ્સ સપ્લાય કરતો હતો. જેથી પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે. જેમાં ડ્રગ્સ સપ્લાયના મોટા ખુલાસા થવાની શક્યતા છે. ■

# ભરૂચમાં શંકરાચાર્ય મઠમાં બુકાનીધારી શખ્સે જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ લગાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચની નવચોકી ઓવારા ખાતે દ્વારકા શારદાપીઠ સંચાલિત શંકરાચાર્ય મઠમાં પરોઢિયે અજાણ્યા શખ્સ દ્વારા આગ લગાડવામાં આવી હતી. સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં આવેલા બુકાનીધારી શખ્સે મઠમાં જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ લગાડી હતી. ત્યારબાદ પોતાની પાસે રહેલી ઉશ્કેરલણીજનક લખાણવાળી કાપલીઓ ઉછાળી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા પોલીસનો કાફલો મંદિર પર પહોંચી તપાસ કરતા ઘટના સીસીટીવીમાં કેદ થતા પોલીસે તેના આધારે તપાસ હાથ ધરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ ભરૂચ નદી કિનારે દ્વારકા શારદાપીઠ સંચાલિત શંકરાચાર્ય મઠ આવેલો છે. શુક્રવારે વહેલી સવારે એક અજાણ્યો શખસ આવ્યો હતો. જેણે મંદિર પરિસરમાં જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ લગાડી હતી. આ શખસ દ્વારા ધાર્મિક લાગણી ઉશ્કેરાય તેવા લખાણવાળી કાપલીઓ પણ મંદિર પરિસરમાં ફેંકવામાં આવી હતી. ત્યારબાદ અજાણ્યો શખસ ઘટનાસ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી પૂછપરછ હાથ ધરી હતી. દ્વારકા શારદાપીઠ સંચાલિત મઠમાં રહેતા સ્વામીએ કહ્યું હતું કે, સવારે પાંચ વાગ્યે મંદિરની પૂજા કરીને સવા પાંચ વાગ્યે પરત આવ્યો અને મંદિરના બીજા ભાગમાં પૂજા કરી રહ્યો હતો ત્યારે સાડા પાંચ વાગ્યે મને જાણ થઈ કે બહાર એક વ્યક્તિ કંઈક છાંટીને ધમાલ કરતો હતો. હું ત્યાં ગયો ત્યાં સળગતા તેને ઓલાવવાનો પ્રયત્ન કર્યો. સીસીટીવ ફૂટેજ જોતા ધ્યાનમાં આવ્યું હતું કે, પાછલા ઓવારાથી પ્રવેશ કરી જ્વલનશીલ પ્રવાહી છાંટ્યું હતું અને પોતાની સાથે લાવ્યો હતો તેમાંથી કેટલાક કાગળો ઉછાળ્યાં હતાં ત્યારબાદ આગ લગાડીને જતો રહ્યો હતો. જે વ્યક્તિ આવ્યો હતો તે કંઈ બોલ્યો ન હતો. પોલીસે અજાણ્યા શખસ સામે ગુનો દાખલ કરી સીસીટીવી ફૂટેજના આધારે તેને પકડવા તપાસ હાથ ધરી હતી. ■

# ગુજરાતના પ્રથમ મુખ્ય પ્રધાન જીવરાજ મહેતા અમરેલીથી સાંસદ તરીકે ચૂંટાયા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લોકસભા બેઠક પર છેલ્લા ત્રણ ટર્મથી ભાજપની જીત થતી રહી છે. જયારે વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપે અમરેલી જિલ્લાની વિધાનસભા બેઠક પર પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે. અમરેલી જિલ્લાની વિધાનસભા બેઠક પર કૉંગ્રેસનું સારું પ્રભુત્વ હતું. આગામી લોકસભા ૨૦૨૪માં સૌરાષ્ટ્રની સૌથી મહત્ત્વની ગણાતી અમરેલી લોકસભા બેઠક પર કોનું પ્રભુત્વ રહેશે તે જોવાનું રહેશે. રાજ્યના પ્રથમ મુખ્યપ્રધાન જીવરાજ મહેતા અમરેલીથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. અમરેલી લોકસભા બેઠકમાં વિધાનસભાની સાત બેઠકનો સમાવેશ થાય છે. આ વિધાનસભા બેઠકમાં ધારી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા, મહુવા અને ગારિયાધાર બેઠકનો સમાવેશ થાય છે. આમ તો અમરેલી જિલ્લાની વિધાનસભા બેઠક પર કૉંગ્રેસનું સારું પ્રભુત્વ હતું, પરંતુ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીનાં પરિણામે કૉંગ્રેસને મોટો ઝટકો આપ્યો હતો. અમરેલી લોકસભા બેઠકમાં આવેલી વિધાનસભા બેઠકો મોટા ભાગે ભાજપના હસ્તક છે. આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે અમરેલી બેઠક પર જંગી બહુમતીથી જીત મેળવવાની તૈયારીઓ શરુ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રની સૌથી મહત્ત્વની ગણાતી અમરેલી લોકસભા બેઠકનો ઇતિહાસ પણ રસપ્રદ છે. રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન જીવરાજ મહેતા અમરેલીથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. આ ઉપરાંત અમરેલીના પ્રથમ સાંસદ મહિલા હતાં. ઈ.સ.૧૯૬૦માં પહેલી મેના રોજ ગુજરાત અલગ રાજ્ય થયું ત્યારે જીવરાજ મહેતા ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન બન્યા હતા. ૧૯૬૪-૧૯૬૬ ઇંગ્લેન્ડમાં ભારત તરફથી હાઈ કમિશનર રહ્યા હતા. ઈ.સ. ૧૯૪૬ થી ૧૯૪૮ સુધી તેઓ મુંબઈ ધારાસભાના સભ્ય રહ્યાં હતા. ઈ.સ. ૧૯૪૯ થી ૧૯૫૦ સુધી મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૬૦ સુધી તેઓ નાણાંપ્રધાન રહ્યા હતા. વર્ષ ૧૯૭૧માં જીવરાજ મહેતા અમરેલી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી સાંસદ બન્યા હતા. અમરેલી લોકસભા બેઠક પર પ્રથમ ચૂંટણી વર્ષ ૧૯૬૨માં થઇ હતી. જેમાં કૉંગ્રેસે મહિલા ઉમેદવાર જયાબેન શાહને ટિકિટ ફાળવી હતી. જયાબેન શાહ આ ચૂંટણીમાં પીએસપી પક્ષના માથુરદાસ મહેતાને હરાવીને સાંસદ બન્યાં હતા. ત્યાર બાદ વર્ષ ૧૯૬૭ની ચૂંટણીમાં પણ જયાબેન શાહ વિજેતા બન્યા હતા. આમ અમરેલી બેઠક પર જયાબેન શાહ બે વખત સાંસદ બન્યાં હતાં. ■

# વલસાડમાં ધવલ પટેલ અને અનંત પટેલ વચ્ચે તીવ્ર રસાકસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ લોકસભા બેઠક પર ભાજપ અને કૉંગ્રેસ બંન્નેએ પોતાના ઉમેદવારોને રાજકીય મેદાને ઉતારી દીધા છે. જેમાં ભાજપે ધવલ પટેલને ટિકિટ આપી છે. જ્યારે કૉંગ્રેસે અનંત પટેલને ચૂંટણી મેદાને ઉતાર્યા છે. અહીં અનંત પટેલના પ્રચારને લઈ અનેક ચર્ચાઓ પણ શરુ થઈ છે. વલસાડ બેઠક ઉપર કૉંગ્રેસ નવ વાર જીતી છે જ્યારે ત્રણ વાર વલસાડ બેઠક ઉપર ભાજપની જીત થઈ છે. જનતા પાર્ટી અને જનતા દળ અનુક્રમે એક-એક વાર જીત્યા છે. ૨૦૧૯માં આ બેઠક ઉપર ભાજપને ૬૧ ટકાથી વધુ મત મળ્યા હતાં.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પડઘમ વાગી ગયા છે. ભાજપ અને કૉંગ્રેસ બંન્ને પક્ષે જોરશોરથી પ્રચાર શરૂ કરી દીધો છે. વલસાડ બેઠકનું જ્ઞાતિ સમીકરણ મુજબ આદિવાસી સમાજની બહુમતિ ધરાવતો આ વિસ્તાર છે. જેમાં ઢોડિયા પટેલ સમાજની વસતિ આશરે ૨૦.૨ ટકા છે જ્યારે કુંકણા અને વારલી સમુદાયની વસતિ ૧૫ ટકાથી વધુ છે. કોળી પટેલ, બિન ગુજરાતી મતદારો પણ નિર્ણાયક સાબિત થઈ શકે છે. બીજી તરફ વલસાડના અંતરિયાળ વિસ્તારમાં મોબાઈલ કનેક્ટિવીટીની સમસ્યા છે. દરિયાઈ ધોવાણના પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. નેશનલ હાઈ-વે ઉપર ઓવરબ્રિજ બનાવવાનું કામ બાકી છે. વલસાડી હાફૂસ કેરીના ઓછા ભાવ મળવાની બૂમરાણ પણ છે. શેરડી, ચીકુમાં પણ પોષણક્ષમ ભાવ ન મળવા તે પણ એક મહત્ત્વનો પ્રશ્ન છે. સાથો સાથ માછીમારોના પ્રશ્નો હજુ પડતર જ છે. ધવલ પટેલ ભાજપના આદિવાસી મોરચાના સોશિયલ મીડિયાના ઈન્ચાર્જ છે. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, લક્ષદ્વીપમાં પ્રભારી તરીકે રહ્યા તેમજ આદિવાસી મોરચાના સંગઠન પ્રભારી તરીકે કામગીરી કરી છે. સ્થાનિક સ્તરે આદિવાસીઓના પ્રશ્નોને ઉકેલ્યા પણ છે. જ્યારે અનંત પટેલ વાંસદાના કૉંગ્રેસના વર્તમાન ધારાસભ્ય છે. તેઓ આદિવાસી સમાજનો અગ્રણી ચહેરો છે. જેઓ ૨૦૦૪માં કૉંગ્રેસમાં જોડાયા હતા. યુથ કૉંગ્રેસમાં પણ કામગીરી કરી ચુક્યા છે. ઉનાઈ ગ્રામપંચાયતના સરપંચ તરીકે રહ્યા તેમજ વાંસદા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે રહ્યા હતા. તેઓ ૨૦૧૭માં વાંસદાથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે અને તાપી-પાર પ્રોજેક્ટ સામે વિરોધનો આગળ પડતો ચહેરો પણ ગણાય છે. ■

# અમદાવાદ મેટ્રો આઈપીએલ ક્રિકેટ મેચો દરમિયાન રાત્રિના ૧૨.૦૦ વાગ્યા સુધી દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ૨૪મી અને ૩૧મી માર્ચ તથા ચારથી એપ્રિલના રોજ યોજાનારી આગામી આઈપીએલ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, જીએમઆરસીએ મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી સવારના ૬.૨૦ વાગ્યાથી રાત્રિના ૧૨.૦૦ વાગ્યા સુધી ટ્રેન સેવાઓનો સમય લંબાવવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત આઈપીએલ મેચોના દિવસોમાં પરત ફરવા સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડી છે.

સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું વ્યક્તિ દીઠ ફિકસ રૂ. ૫૦ રહેશે, જેનો ઉપયોગ ફક્ત મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી બીજા કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા માટે થઈ શકશે. આઈપીએલ મેચના દિવસે સાંજના સમયે ટિકિટ ખરીદવા માટે રાહ જોવાનો સમય ટાળવા મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશન પર અગાઉથી સવારે ૮:૦૦ કલાકથી સ્પેશ્યલ પેપર ટિકિટની ખરીદી કરી શકાશે. સ્પેશિયલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેકટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ સાથેની એન્ટ્રી પણ હંમેશની જેમ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. ■

# સુરતમાં સરકારી આધાર પુરાવા બનાવી આપનાર નકલી જન સુવિધા કેન્દ્ર ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ડુપ્લિકેટ દસ્તાવેજો માટેનું એપી સેન્ટર બની રહ્યું હોય તેમ છેલ્લા ચાર દિવસમાં પહેલા નકલી ડોક્ટર, પછી નકલી પનીર, નકલી ઘી, જુદી જુદી યુનિવર્સિટીની બોગસ માર્કશીટ અને હવે સરકારી આધાર પુરાવા બનાવી આપનાર આખેઆખું જ નકલી જન સુવિધા કેન્દ્ર ઝડપાયું હતું. કાપોદ્રા વિસ્તારમાં ચાલતું જન સુવિધા કેન્દ્ર પર પુણાના મામલતદાર અને કાપોદ્રા પોલીસે રેડ કરી ઝડપી પાડ્યું હતું. પોલીસે નકલી જન સુવિધા કેન્દ્ર ચલાવનાર એક આરોપીની ધરપકડ કરી કોમ્પ્યુટર, પ્રિન્ટર સહિત નકલી આધાર પુરાવાઓ જપ્ત કર્યા હતાં.

સૂત્રોના જણાવ્યા મુજબ સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલા કિરણચોક ખાતે એક કન્સલ્ટન્સીના નામે નિકુંજ દૂધાત નામની વ્યક્તિ દ્વારા આ જન સુવિધા કેન્દ્ર છેલ્લા ઘણા સમયથી ચલાવવામાં આવી રહ્યું હોવાની જાણ પુણાના મામલતદારને થઈ હતી, જેથી મામલતદાર દ્વારા આ પ્રકારના જન સુવિધા કેન્દ્ર અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી અને પોલીસની સાથે રહી મામલતદારની ટીમે રેડ કરી ચાલી રહેલા નકલી જન સુવિધા કેન્દ્રને ઝડપી પાડ્યું હતું. પૂછપરછ કરતા નિકુંજ દૂધાત દ્વારા આ જન સુવિધા કેન્દ્ર ખોલવા માટે સરકાર પાસેથી તેને કોઈપણ પ્રકારનું લાઇસન્સ મેળવ્યા વગર ચલાવવામાં આવતું હતું. તેના કોમ્પ્યુટર અને લેપટોપમાં આધારકાર્ડ, પાનકાર્ડ, રેશનકાર્ડ જેવા સરકારી દસ્તાવેજોના વર્ડ ફાઇલમાં ડુપ્લિકેટ ફરમો તૈયાર કરાયા હતા, જેના આધારે તે આવનારા લોકોના નકલી દસ્તાવેજો બનાવી આપતો હતો. એટલું જ નહીં, તે ડુપ્લિકેટ લાઈટ બિલ અને ડુપ્લિકેટ વેરા બિલ પણ બનાવી આપતો હતો. પોલીસને તેની ઓફિસમાંથી ઢગલાબંધ નકલી સરકારી દસ્તાવેજો મળી આવ્યા હતા. આરોપી નકલી આધાર પુરાવા બનાવી આપતો હોવાથી ગેરકાયદે સુરતમાં ઘૂસણખોરી કરનાર બંગલાદેશીઓના પણ તેણે આધાર પુરાવા બનાવી આપ્યા છે કે નહીં એ બાબતે પણ પોલીસ સઘન તપાસ કરી રહી છે. આવનારા દિવસોમાં નિકુંજ દૂધાતની પૂછપરછમાં પોલીસને હજુ પણ ચોંકાવનારી માહિતી મળે એવી શક્યતા સેવાઈ રહી છે. ■

# અમદાવાદમાં પોલીસકર્મીએ બેફામ કાર ચલાવી ચાર લોકોને અડફેટે લીધા

અમદાવાદઃ શહેરમાં એક પોલીસ કર્મીએ બેફામપણે કાર ચલાવીને એક જ પરિવારના ચાર સભ્યોને અડફેટે લેતા બે બાળકો અને પતિ-પત્નીને ઈજા થઈ હતી. આ મામલે એમ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે સોલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીની ધરપકડ કરી જામીન પર મુક્ત કર્યો હતો. પોલીસ કર્મચારીને તાત્કાલિક જામીન મળી જતાં લોકોમાં ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

અમદાવાદના વાસણા વિસ્તારના ખોડિયારનગર પાસે ગુરુવારે મોડી રાત્રે એક પોલીસ કોન્સ્ટેબલ બેફામ ગતિએ કાર હંકારી બાઈક પર જતાં પતિ, પત્ની અને બે બાળકોને અડફેટે લીધા હતાં. આ ચારેય જણાંને ગંભીર ઈજાઓ પહોંચી હતી. નાના બાળકને મોઢા અને પગના ભાગે ગંભીર ઇજાઓ પહોચતા સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતુ. અકસ્માત બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા ટ્રાફિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે તપાસ કરતા કાર સોલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ વિજયની જાણ થતા પોલીસે વિજયની રાત્રે ધરપકડ કરી હતી. ત્યાર બાદ તેને જામીન પર મુક્ત કર્યો હતો. બીજી તરફ ઘટનાનો ભોગ બનનારના જણાવ્યા મુજબ કારચાલક અકસ્માત સર્જી ભાગવા જતો હતો ત્યાં કારનું ટાયર ફાટી ગયું એટલે ભાગી શક્યો નહી, પબ્લિક અહીં આવીને કારચાલકને જોરદાર ફટકાર્યો છે, આ ગાડી પોલીસની છે, એમાં પોલીસ લખેલું હતું એ પ્લેટ અને બંને બાજુની નંબરપ્લેટ કાઢીને લઈ ગયા છે. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 71 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 March 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૩ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કેજરીવાલને છ દિવસના રિમાન્ડ

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને છ દિવસના એટલે કે ૨૮ માર્ચ સુધીના રિમાન્ડ પર લેવાનો કોર્ટે આદેશ આપ્યો હતો.

કેજરીવાલ, 'આપ'ના નેતાઓ અને અન્ય પ્રધાનો સાથે એક્સાઈઝ પૉલિસી કેસ સંબંધિત મનીલૉન્ડરિંગ કેસના મુખ્ય કાવતરાંખોર હોવાનું ઈડીએ શુક્રવારે કહ્યું હતું.

કેસને મામલે ઈડીએ કેજરીવાલની દસ દિવસની કસ્ટડીની કોર્ટ સમક્ષ માગણી કરી હતી.

એક્સાઈઝ પૉલિસી કેસ સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ઈડીએ કરેલી ધરપકડના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજી ગુરુવારે સાંજે પાછી ખેંચી લીધા બાદ કેજરીવાલને ટ્રાયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

'આપ'ના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલની કસ્ટડીની સુનાવણી દરમિયાન ઈડીએ રાઉસ એવેન્યુ કોર્ટ ખાતે સ્પે. જજ કાવેરી બાવેજાને કહ્યું હતું કે વર્ષ ૨૦૨૧-૨૨માં દિલ્હી એક્સાઈઝ પૉલિસી ઘડી તેને અમલમાં મૂકવા બદલ કેજરીવાલને દક્ષિણના જૂથ તરફથી કરોડો રૂપિયાની કટકી મળી હતી.

પંજાબની ચૂંટણી લડવા માટે કેજરીવાલે દક્ષિણ જૂથના અમુક આરોપી પાસેથી રૂ. ૧૦૦ કરોડની માગણી કરી હોવાનું ઈડી વતી ઉપસ્થિત રહેલા એડિશનલ સોલિસિટર જનરલ (એએસજી) એસ. વી. રાજુએ કહ્યું હતું.

આ રૂપિયાનો ટ્રેક રેકોર્ડ જોતાં જણાઈ આવ્યું હતું કે કટકીની રકમમાંથી રૂ. ૪૫ કરોડ ગોવાની ચૂંટણીમાં ખર્ચવામાં આવ્યા હતા. હવાલા માર્ગે આ રકમ મોકલવામાં આવી હતી.

કૉલ ડિટેઈલ રેકોર્ડ (સીડીઆર) મારફતે

(જુઓ પાનું ૨) ▶▶

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

હીરાવેપારીઓ સાથે છેતરપિંડી ૧૨




ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 60,840/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# રૂપિયો કડડડભૂસ

## ડૉલર સામે રૂપિયામાં ૪૭ પૈસાના ગાબડાં સાથે નવી નીચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં બાઉન્સબૅક થતાં અન્ય એશિયાઈ ચલણો પણ નબળા પડ્યા હોવાથી તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૪૭ પૈસાના ગાબડાં સાથે ૮૩.૬૧ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ડૉલર સામે રૂપિયો ૮૩.૪૦ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર

(જુઓ પાનું ૨) ▶▶

# મોદીને ભુતાનનો સર્વોચ્ચ નાગરિક અવૉર્ડ અપાયો

થિમ્પુ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીને શુક્રવારે ભુતાનનો સર્વોચ્ચ નાગરિક અવૉર્ડ 'ઓર્ડર ઑફ ડ્રુક ગ્યાલપો' અપાયો હતો. આ બહુમાન મેળવનાર મોદી પ્રથમ વિદેશી સરકારી વડા છે. ભારત-ભુતાનના સંબંધોને સુદૃઢ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપવા અને ભુતાન દેશ અને લોકોને વિશિષ્ટ સેવા આપવા બદલ આ અવૉર્ડ મોદીને અપાયો હતો. ભુતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યીલ વાંગચુકે વડા પ્રધાન મોદીને અવૉર્ડ આપ્યો ત્યાર બાદ મોદીએ એક્સ પર લખ્યું હતું કે હું આ અવૉર્ડ ૧૪૦ કરોડ ભારતીયોને સમર્પિત કરું છું. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૧એ ૧૧૪મા નેશનલ ડેની ઉજવણી વખતે ભુતાનના રાજાએ આ સન્માન મોદીને આપવાની જાહેરાત કરી હતી. શુક્રવારે મોદીએ બે દિવસની સરકારી મુલાકાત વખતે અવૉર્ડ સ્વીકાર્યો હતો. ૨૦૧૪માં વડા પ્રધાન બન્યા બાદ આ તેમની ભુતાનની ત્રીજી મુલાકાત છે. (એજન્સી)■

# ઍર ઈન્ડિયાને દંડ

નવી દિલ્હીઃ વિમાનની ફરજની સમયમર્યાદા અને ક્રૂ મૅમ્બરોને થકવી નાખતી વ્યવસ્થા યંત્રણાના નિયમોનો ભંગ કરવા બદલ ઉડ્ડયન નિયામક ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ)એ શુક્રવારે ઍર ઈન્ડિયાને રૂ. ૮૦ લાખનો દંડ કર્યો હતો. જાન્યુઆરી મહિનામાં ડીજીસીએએ ઍર ઈન્ડિયાનું સ્પૉટ ઑડિટ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઑડિટ દરમિયાન પુરાવાઓ

(જુઓ પાનું ૨) ▶▶

# ચૂંટણીલક્ષી બૉન્ડ્સમાં ૪,૦૦૦ કરોડ રૂપિયાનો તાળો નથી મળતો

નવી દિલ્હીઃ એસોસિયેશન ફૉર ડેમોક્રેટિક રિફૉર્મ્સ (એડીઆર)એ અગાઉ માહિતી અધિકાર ધારા હેઠળ મેળવેલી ચૂંટણીલક્ષી માહિતીમાં બૉન્ડ્સની રૂ. ૧૬,૪૯૨ કરોડની જાણકારી હતી, જ્યારે ચૂંટણીપંચના આંકડામાં રૂ. ૧૨,૭૬૯ કરોડની સંબંધિત માહિતી છે એટલે કે બંને વચ્ચે રૂ. ૪,૦૦૦ કરોડનો તફાવત છે.

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બૉન્ડ યોજના પર પ્રતિબંધ લગાવ્યા બાદ ભારતીય સ્ટેટ બૅન્કને

(જુઓ પાનું ૨) ▶▶

# ભારતે પુષ્પક વિમાનનું સફળ પરીક્ષણ કર્યું

ચિત્રદુર્ગઃ ઈસરોએ શુક્રવારે પુષ્પક વિમાન (આરએલવી એલએક્સ -૦૨)ને સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. લોન્ચિંગ બાદ વિમાને સફળ લેન્ડિંગ પણ કર્યું હતું.

ઈસરોએ શુક્રવારે સવારે ૭.૧૦ વાગ્યે કર્ણાટકના

(જુઓ પાનું ૨) ▶▶









LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલની ધરપકડ, લોકો કોની વાત માનશે?

**દિલ્હીના** કહેવાતા લીકર એક્સાઈઝ સ્કેમમાં અંતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી લેવાઈ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ લીકર એક્સાઈઝ સ્કેમ અંગે પૂછપરછ કરવા માટે ૯ સમન્સ મોકલ્યા છતાં કેજરીવાલ પૂછરપરછ માટે હાજર નહોતા થતા. બલકે પોતાની ધરપકડ રોકવા માટે હાઈ કોર્ટ ને સુપ્રીમ કોર્ટનાં ચક્કર લગાવ્યા કરતા હતા. કેજરીવાલે દિલ્હી હાઈ કોર્ટમાં પણ અરજી કરેલી.

આ અરજીમાં કેજરીવાલે ઈડી સામે પૂછપરછ માટે હાજર થવાની તૈયારી બતાવેલી પણ સામે કોર્ટ પાસે ખાતરી માગી હતી કે, પોતે પૂછપરછ માટે ઈડીની ઓફિસે જાય. તેમની ધરપકડ કરવામાં આવશે નહીં. કોર્ટે સાફ શબ્દોમાં કહી દીધું કે, કેજરીવાલે ઈડી સામે હાજર થવું પડશે અને ઈડી તેમની ધરપકડ નહીં કરે એવી કોઈ ખાતરી કોર્ટ ના આપી શકે કેમ કે તેમની ધરપકડ પર કોઈ સ્ટે નથી.

હાઈ કોર્ટે ગુરુવારે બપોરે અઢી વાગ્યે કેજરીવાલની ધરપકડ પર સ્ટે આપવાની અરજી ફગાવી દીધી પછી કેજરીવાલની લીગલ ટીમે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને હાઇ કોર્ટના આદેશને પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટમાં આ અરજી હાથ ધરાય એ પહેલાં તો ઈડીની ટીમે પોતાનો ખેલ પાડી દીધો ને સાંજે સાત વાગ્યે તો ઈડીની ટીમ કેજરીવાલના ઘરે પહોંચી ગઈ. ઈડીની ટીમ દ્વારા પહેલાં બે કલાક લગી કેજરીવાલની પૂછપરછ કરવામાં આવી અને તેમના ઘરની તલાશી લેવામાં આવી. બે કલાકની પૂછપરછ પછી ઇડીએ કેજરીવાલની ધરપકડ કરી હોવાની સત્તાવાર જાહેરાત કરી નાંખી.

કેજરીવાલને પીએમએલએ કોર્ટમાં રજૂ કરાયા પછી તેમના ૧૦ દિવસના રીમાન્ડ મંજૂર કરાયા છે. આમ આદમી પાર્ટી સુપ્રીમ કોર્ટમાં ગયેલી ને કેજરીવાલની ધરપકડના મુદ્દે તાત્કાલિક સુનાવણીની માગ કરેલી પણ સુપ્રીમ કોર્ટે એ માગણી સ્વીકારી નથી તેથી કેજરીવાલ જેલની હવા ખાશે એ નક્કી છે. આ દરમિયાનમાં સુપ્રીમ કોર્ટને દયા આવી જાય તો ઠીક છે, બાકી મનિષ સિસોદિયા અને સંજયસિંહની જેમ કેજરીવાલનો જેલવાસ પણ લંબાઈ જશે.

કેજરીવાલે કશું ખોટું કર્યું છે કે નહીં એ ચર્ચા અત્યારે જોરશોરથી ચાલી રહી છે. ભાજપ સરકાર કેજરીવાલને કહેવાતા લીકર સ્કેમના સૂત્રધાર ગણાવે છે અને તેમણે ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ લીધી હોવાનો આક્ષેપ કરે છે તો આપ સહિતના વિપક્ષો આપ અને કેજરીવાલને દબાવવા માટે લીકર સ્કેમનું તૂત ઊભું કરાયું હોવાના આક્ષેપ કરી રહ્યા છે.

આ બંને પૈકી સાચું કોણ ને ખોટું કોણ એ કોર્ટ નક્કી કરશે તેથી તેના વિશે બહુ ચોવટ કરવાનો મતલબ નથી પણ લીકર સ્કેમમાં બે મુદ્દા બહુ મહત્ત્વના છે. પહેલો મુદ્દો એ કે, અત્યાર સુધી ઈડી કે બીજી કોઈ પણ એજન્સી લીકર સ્કેમમાં લાંચ પેટે અપાયેલા અબજો રૂપિયા ક્યાંથી આવ્યા ને ક્યાં ગયા એ અંગે કોર્ટમાં સંતોષકારક લાગે એવું કશું પણ કેમ રજૂ કરી શકી નથી ?

વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે મનિષ સિસોદિયાની જામીન અરજી વખતે આ સવાલ કરેલો પણ પછી ગમે તે કારણોસર સુપ્રીમ કોર્ટ ચૂપ થઈ ગઈ. બીજો મુદ્દો એ છે કે, કોઈ સરકાર એક નીતિ બનાવે ને એ નીતિ નિષ્ફળ જાય તો તેને સ્કેમ કહેવાય કે વહીવટી નિષ્ફળતા કહેવાય ? સુપ્રીમ કોર્ટ આ કેસની સુનાવણી વખતે આ બંને મુદ્દે સ્પષ્ટતા કરશે એવી આશા રાખીએ.

આ કેસમાં કોર્ટ ક્યારે ચુકાદો આપશે એ ખબર નથી પણ અત્યારે તો લિકર કેસ રાજકીય મુદ્દો બની ગયો છે. ભાજપ કેજરીવાલ સરકાર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરી રહી છે ને આપ ભાજપ સરકાર પર ઈડીનો દુરુપયોગ કરીને કેજરીવાલના અવાજને દબાવી દેવાની મથામણ ચાલી રહી હોવાનો આક્ષેપ કરી રહી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે બંને તેનો રાજકીય ફાયદો ઉઠાવવા ભરપૂર કોશિશ કરી રહ્યાં છે.

ભાજપ કેજરીવાલની પ્રમાણિકતાની વાતો દેખાડો અને દંભ હોવાનું ચિત્ર ઊભું કરી રહી છે ત્યારે આમ આદમી પાર્ટી પોતે ભાજપની તાનાશાહી સામે લડવાની કિંમત ચૂકવી રહ્યા હોવાનું ચિત્ર ઊભું કરી રહી છે. આપનું કહેવું છે કે, અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મનીષ સિસોદિયા અને સંજયસિંહની ધરપકડ પછી પણ કંઈ મળ્યું નથી. ભાજપ સરકાર ચૂંટણી પહેલા અરવિંદ કેજરીવાલના અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે તેથી ધરપકડ કરાઈ છે. લોકો કોની વાતો પર ભરોસો કરે છે તેની ખબર લોકસભાની ચૂંટણીમાં પડશે.

કેજરીવાલની ધરપકડ સાથે ઈડીએ ઈતિહાસ રચી નાંખ્યો છે કેમ કે કેજરીવાલ મુખ્યમંત્રીપદે ચાલુ હોય ને છતાં ધરપકડ કરાઈ હોય એવા દેશના પહેલા મુખ્યમંત્રી છે. આ પહેલા ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ઈડીએ ગયા મહિને ધરપકડ કરી ત્યારે સોરેને પહેલાં રાજીનામું આપ્યું હતું ને પછી સત્તાવાર રીતે તેમની ધરપકડ કરાઈ હતી. સોરેનની પણ કેજરીવાલની જેમ પહેલાં પૂછપરછ કરાયેલી પછી સોરેને રાજભવન ઈડીની કસ્ટડીમાં જઈને રાજીનામું આપ્યું હતું તેથી ટેકનિકલી હેમંત સોરેન ભૂતપૂર્વ મુખ્યમંત્રી બની ગયા હતા.

કેજરીવાલના કિસ્સામાં આમ આદમી પાર્ટી પહેલાં જ એલાન કરી ચૂકી છે કે, ધરપકડ થશે તો પણ કેજરીવાલ રાજીનામું નથી આપવાના તેથી ઈડીએ તેમને રાજીનામું આપવા માટે લેફ્ટનન્ટ ગવર્નરને ત્યાં લઈ જવાની જહેમત ના ઉઠાવી.

કેજરીવાલની ધરપકડ પછી આમ આદમી પાર્ટી પણ ઈતિહાસ રચવા જઈ રહી છે કેમ કે કેજરીવાલ રાજીનામું નથી આપવાના અને દિલ્હીના મુખ્યમંત્રીપદે ચાલુ રહેવાના છે. ભારતમાં જેલમાં બેઠાં બેઠાં વિધાનસભા કે લોકસભાની ચૂંટણી જીતનારા બહુ નેતા આવ્યા પણ જેલમાં બેઠાં બેઠાં સરકાર ચલાવનારા કેજરીવાલ પહેલા મુખ્યમંત્રી હશે. દિલ્હી કેબિનેટની હવે પછીની બેઠક બુધવારે મળવાની છે. કેજરીવાલ જેલમાં બેઠાં બેઠાં આ બેઠકના અધ્યક્ષસ્થાને કઈ રીતે રહેશે એ જોવાનું છે પણ એ રાજીનામું નથી આપવાના એ નક્કી છે. દિલ્હીના મંત્રી આતિશીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રીપદે રહેવાના જ છે અને જેલમાંથી સરકાર ચલાવશે.

ઈડીએ કેજરીવાલની ધરપકડ કરી એ પહેલાં દિલ્હી વિધાનસભાના સ્પીકર રામનિવાસ ગોયલે પણ એલાન કરેલું કે, અરવિંદ કેજરીવાલની ધરપકડ કરાશે તો પણ મુખ્યમંત્રીપદેથી રાજીનામું નહીં આપે. દિલ્હીના તમામ ધારાસભ્યો, પંજાબના ધારાસભ્યો, રાજ્યસભાના સાંસદોએ સર્વસંમતિથી નિર્ણય લીધો છે કે, કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રહેશે અને જેલમાંથી સરકાર ચલાવશે.

ભારતમાં જેલમાંથી સરકાર ચલાવવાનો પ્રયોગ કેવો ચાલે છે એ જોઈએ. ■

## આજનું પંચાંગ

'„qX$s rS>s¡" lqflf dl¡kpZphpmp

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શનિવાર, તા. ૨૩-૩-૨૦૨૪

- ભારતીય દિનાંક ૩, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૩જો અર્દિબહેશ્ત, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૪મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક.૧૧-૧૭, રાત્રે ક. ૨૩-૪૪
- ઓટઃ બપોરે ક. ૧૭-૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૦ (તા. ૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - ત્રયોદશી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શનિ-શુક્ર દેવતાનું પૂજન, ખાખરાના વૃક્ષનું પૂજન, પ્રયાણ મધ્યમ, માલ વેચવો, ખેતીવાડીનાં કામકાજ, નિત્ય થતાં પશુ લેવડ-દેવડ, સ્થાવર લેવડ દેવડનાં કામકાજ, હનુમાન ચાલિશા, સુંદરકાંટ પાઠ વાંચન, શનિ દેવતાનું પૂજન, જાપ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન-કથા વાંચન. તુલસી પૂજન, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

# દેશભરમાં 'આપ'નો વિરોધઃ અનેક નેતાની અટક કરાઈ

નવી દિલ્હીઃ એક્સાઈઝ પૉલિસી કેસને મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની કરેલી ધરપકડના વિરોધમાં 'આપ'ના નેતાઓએ શુક્રવારે વિરોધપ્રદર્શન કર્યું હતું.

પ્રદર્શનાર્થીઓ વિરુદ્ધ કરેલી કાર્યવાહી દરમિયાન દિલ્હીના કૅબિનેટ પ્રધાન આતિશી અને સૌરભ ભારદ્વાજને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ભાજપ અને 'આપ'ના કાર્યાલય નજીક આવેલા આઈટીઓ ચાર રસ્તા પાસેથી ખસી જવાનું નકાર્યા બાદ આ બંને પ્રધાનને આઈપીસીની કલમ ૧૪૪નો ભંગ કરવા બદલ પોલીસ બસમાં ત્યાંથી અન્યત્ર લઈ જવામાં આવ્યા હતા.

અમે આઈટીઓ ખાતે શાંતિપૂર્વક પ્રદર્શન કરી રહ્યા હોવા છતાં અમને અટકાયતમાં લેવામાં આવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ લોકોએ ખોટા કેસમાં મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી છે અને હવે જેઓ શાંતિપૂર્વક ધરણા કરી રહ્યા છે તેમની પણ ધરપકડ કરવામાં આવી રહી છે. આને લોકશાહીની હત્યા નહીં તો બીજું શું ગણવું? એમ આતિશીએ કહ્યું હતું. ઇડી દ્વારા દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ધરપકડને પગલે પ્રદર્શન દરમિયાન શુક્રવારે કોલકાતામાં આપ અને ભાજપના કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઇ હતી. આ ઘટના મધ્ય કોલકાતામાં મુરલીધર સેન લેનમાં રાજ્ય ભાજપના મુખ્યાલયની બહાર બની હતી.

પ્લેકાર્ડસ અને પક્ષના ઝંડા સાથે આપ કાર્યકરોએ એક્સાઇઝ પોલિસી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં ઇડી દ્વારા કેજરીવાલની ધરપકડ પર ભાજપ અધિકારીની નજીક પ્રદર્શન શરૂ કર્યું હતું. આપ કાર્યકર્તાઓ કેન્દ્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા ત્યારે પાર્ટી કાર્યાલયની અંદર રહેલા ભાજપ કાર્યકરો બહાર આવ્યા અને વળતા સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. બન્ને પક્ષો વચ્ચે ઝપાઝપી થતાં તણાવ વધી ગયો હતો. પોલીસે તાત્કાલિક દરમિયાનગીરી કરી પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આપના ૩૦ કાર્યકરોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. આપએ જોરાસાંકો પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઝપાઝપી દરમિયાન તેના મહિલા સભ્યોની ભાજપના કાર્યકરો દ્વારા છેડતી કરવામાં આવી હોવાનો આરોપ કરવામાં આવ્યો હતો. આપ સમર્થકે જણાવ્યું હતું કે ભાજપના કાર્યકરોએ અમારી સાથે દુર્વ્યવહાર કર્યો અને અમને લાકડીઓ વડે માર્યા કારણ કે અમે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. જ્યારે બીજેપીએ આપ સમર્થકો પર વરિષ્ઠ નેતાઓ સાથે દુર્વ્યવહાર કરવાનો આરોપ મૂક્યો હતો. આ મામલે વધુ ભડકો ન થાય તે માટે આ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. (એજન્સી) ■

# મોરબી પુલ કાંડમાં જયુસખ પટેલને જામીન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી કેબલ બ્રિજ કાંડમાં આરોપી ઓરેવા ગ્રૂપના માલિક જયુસખ પટેલના જામીન કોર્ટે મંજૂર કર્યા હતા. ઓક્ટોબર ૨૦૨૨ મોરબીમાં કેબલ બ્રિજ તૂટવાથી ૧૩૫થી વધુ લોકોના જીવ ગયા હતા. સુપ્રીમ કોર્ટે પાસપોર્ટ સહિતની શરતો પર જામીન મંજૂર કરવામાં આવ્યા છે. મોરબી કેબલ બ્રિજ કાંડમાં આરોપી ઓરેવા ગ્રૂપના માલિક જયુસખ પટેલના જામીન કોર્ટે મંજૂર કર્યા હતા. ઓક્ટોબર ૨૦૨૨ મોરબીમાં કેબલ બ્રિજ તૂટવાથી ૧૩૫થી વધુ લોકોના જીવ ગયા હતા. સુપ્રીમ કોર્ટે પાસપોર્ટ સહિતની શરતો પર જામીન મંજૂર કરતા ઓરેવા ગ્રૂપના માલિક જયુસખ પટેલ ૧૪ મહિના બાદ જેલમાંથી મુક્તિ થશે. મોરબી ઝુલતા પુલ દુર્ઘટનાના ૮૮ દિવસ બાદ ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પર કાયદાનો સકંજો કસાયો હતો. ૧૩૫ લોકોનો ભોગ લેનાર મોરબી પુલ દુર્ઘટનાના કેસમાં જયસુખ પટેલનું નામ ચાર્જશીટમાં ઉમેરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૩૫ નિર્દોષ લોકોનાં મોત માટે મુખ્યત્વે જવાબદાર જયસુખ પટેલે જાન્યુઆરી ૨૦૨૩ના અંતમાં કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. ■

# તૃણમૂલના નેતાને ત્યાં દરોડા

કોલકાતા : આવકવેરા ખાતાના અધિકારીઓએ કથિત કરચોરીના સંબંધમાં તૃણમૂલ કૉંગ્રેસના નેતા સ્વરૂપ બિશ્વાસના ઠેકાણા પર સતત ત્રીજા દિવસે શુક્રવારે દરોડા પાડ્યા હતા. અધિકારીઓએ માહિતી આપી હતી કે રીયલ એસ્ટેટ બે કંપનીઓની કથિત કરચોરીની તપાસના ભાગરૂપે બુધવારે દરોડા પડાયા હતા. કંપનીઓએ આવકવેરાના નિયમોનો ભંગ કરીને બિશ્વાસના ખાતામાં ફંડ ટ્રાન્સફર કરાયા હતા. ■

# કૉંગ્રેસ ઈન્કમ ટૅક્સના સકંજામાંઃ ફરી આકારણી સામેની અરજી ફગાવાઈ

નવી દિલ્હી : આવકવેરા ખાતાએ કૉંગ્રેસ સામે શરૂ કરેલી ફેરઆકારણી સામેની પક્ષની અરજી દિલ્હી વડા અદાલતે શુક્રવારે ફગાવી દીધી હતી. જસ્ટિસ યશવંત વર્મા અને પુરુષૈન્દ્ર કુમાર કૌરવે ચુકાદો જાહેર કરતાં કહ્યું હતું કે અમે રીટ અરજીઓ ફુકરાવી દઈએ છીએ. ૨૦૨૪-૧૫, ૨૦૨૫-૧૬ અને ૨૦૧૬-૧૭ એમ લાગલગાટ ત્રણ વર્ષમાં સત્તાવાળાઓએ શરૂ કરેલી ફેરઆકારણીની હિલચાલ સામેની વડી અદાલતે ૨૦ માર્ચે કૉંગ્રેસની અરજીઓ પરનો નિર્ણય અદાલતે ૨૦ માર્ચે અનામત રાખ્યો હતો.

પક્ષે ફેરઆકારણી કાર્યવાહીનો વિરોધ કરતાં દાવો કર્યો હતો કે અમે લિમિટેશનને લીધે બાકાત છીએ. કૉંગ્રેસ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા સિનિયર એડવોકેટ અભિષેક સિંઘવીએ દલીલ કરી હતી કે વેરાની ફેરઆકારણીની કાર્યવાહી પર સમયની મર્યાદા છે અને આવકવેરા ખાતા મહત્તમ છ વર્ષની આકારણી કરી શકે.

આઈટી વિભાગે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટૅક્સના સત્તાવાળાઓએ કોઈ કાયદાકીય જોગવાઈનો ભંગ કર્યો નથી અને જે મટરીયલ મળ્યું છે એ બતાડે છે કે પક્ષે છુપાવેલી આવક ૫૨૦ કરોડ રૂપિયાથી વધારે છે. ■

# ડુક્કરની કિડનીનું માનવમાં પ્રત્યારોપણ

ન્યુ યોર્કઃ બોસ્ટનમાં ડોકટરોએ ગુરુવારે એવી જાહેરાત કરી હતી કે તેઓએ ૬૨ વર્ષીય દર્દીમાં આનુવંશિક રીતે સંશોધિત ડુક્કરની કિડનીનું સફળ પ્રત્યારોપણ કર્યું હતું. મેસેચ્યુસેટ્સ જનરલ હૉસ્પિટલે જણાવ્યું હતું કે ડુક્કરની કિડની જીવંત વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હોય તેવું પ્રથમ વખત બન્યું છે. આ અગાઉ, ડુક્કરની કિડની અસ્થાયી રૂપે બ્રેઇન ડેડ દાતાઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. ઉપરાંત, બે માણસોએ ડુક્કરમાંથી હૃદય ટ્રાન્સપ્લાન્ટ મેળવ્યું હતું, જો કે બંને મહિનાની અંદર મૃત્યુ પામ્યા હતા. પ્રત્યારોપણ આ મહિનાની શરૂઆતમાં કરવામાં આવ્યું હતું. દર્દી, શ્મેસેચ્યુસેટ્સના વેમાઉથના રિચાર્ડ રિક સ્લેમેનની તબિયત સારી છે અને તેને ટૂંક સમયમાં એમને રજા આપવામાં આવશે, તેમ ડોકટરોએ ગુરુવારે જણાવ્યું હતું. આ ઘોષણા પ્રત્યારોપણના નવીનત્તમ વિકાસને ચિહ્નિત કરે છે. દાયકાઓ સુધી, તે કામ કરતું ન હતું - અતયાર સુધીનાં તમામ કેસમાં માનવ રોગપ્રતિકારક તંત્રએ તરત જ પ્રાણીઓની પેશીઓનો નાશ કર્યો હતો. તાજેતરના પ્રયાસોમાં ડુક્કર સામેલ છે, જેમાં તેનાં અંગોમાં ફેરફાર કરવામાં આવ્યા છે જેથી તેમના અંગો વધુ માનવ જેવા હોય. ■

# એએસઆઈ દ્વારા ભોજશાળા સંકુલનો સર્વે શરૂ

ધારઃ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ(એએસઆઇ)ની એક ટીમે શુક્રવારે મધ્ય પ્રદેશના આદિવાસી પ્રભુત્વ ધરાવતા ધાર જિલ્લામાં આવેલી વિવાદાસ્પદ ભોજશાળા/કમાલ મૌલા મસ્જિદ સંકુલનું સર્વેક્ષણ શરૂ કર્યું હતું.

એક ડઝનથી વધુ સભ્યોની એએસઆઇની ટીમ સવારે સંકુલ ખાતે પહોંચી હતી. તેની સાથે વરિષ્ઠ સ્થાનિક પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ પણ હતા. એએસઆઇની ટીમે બપોર સુધી કામ કર્યું હતું. નોંધનીય છે કે હિન્દુ અને મુસ્લિમ બન્ને આ સ્થળને પૂજા સ્થળ માને છે. ધારના પોલીસ અધિક્ષક (એસપી) મનોજ કુમાર સિંહે જણાવ્યું હતું કે મંગળવારે પૂજા અને શુક્રવારે નમાઝ પ્રથા મુજબ યોજવામાં આવશે.

એસપીએ જણાવ્યું હતું કે તેઓ આ બાબતે એએસઆઇ અધિકારીઓ સાથે ચર્ચા કરશે અને વિશ્વાસ સંબંધિત પ્રવૃતિઓ માટે પૂરતી વ્યવસ્થા કરશે. ગોયલે જણાવ્યું હતું કે ભોજશાળા સંકુલનું સર્વેક્ષણ કરવા માટે ૧૫ સભ્યોની ટીમ વહેલી સવારે સ્થળ પર પહોંચી હતી. હાઇ કોર્ટના નિર્દેશ મુજબ ટીમ દ્વારા જીપીએસ અને કાર્બન-ડેટિંગ સાધનો જેવી નવી તક્નીકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચાલુ પ્રથા મુજબ મુસ્લિમ સમુદાયના સભ્યોએ ભારે પોલીસ હાજરી વચ્ચે સ્થળ પર શુક્રવારની નમાઝ અદાઝ કરી હતી, એમ તેઓએ જણાવ્યું હતું. મધ્ય પ્રદેશ હાઇ કોર્ટે ૧૧ માર્ચે એએસઆઇને ભોજશાળા સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવા માટે છ અઠવાડિયાનો સમય આપ્યો હતો. જે મધ્યયુગીન સ્મારક છે. જેને હિન્દુઓ દેવી વાગદેવી(સરસ્વતી)નું મંદિર અને મુસ્લિમ સમુદાય કમાલ મૌલા મસ્જિદ માને છે. સાત એપ્રિલ, ૨૦૦૩ના રોજ જારી કરાયેલા એએસઆઇના આદેશ મુજબ હિંદુઓને દર મંગળવારે ભોજશાળા સંકુલની અંદર પૂજા કરવાની છૂટ છે, જ્યારે મુસ્લિમોને શુક્રવારે સ્થળ પર નમાઝ અદા કરવાની છૂટ છે. ■

પહેલા પાનાનું ચાલુ

## કેજરીવાલને

આરોપીઓ અને સાક્ષીઓની ઊલટતપાસ કરવામાં આવી હોવાનું બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

કોર્ટ અને તેની આસપાસના પરિસરમાં કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે કેજરીવાલને શુક્રવારે બપોરે બે વાગ્યે કોર્ટમાં લાવવામાં આવ્યા હતા.

કેજરીવાલની દસ દિવસની કસ્ટડીની માગણી કરતી અરજી અમે સુપરત કરી છે, એમ એએસજી રાજુએ કહ્યું હતું. કેજરીવાલ વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે વર્તમાન મુખ્ય પ્રધાનની ધરપકડ કરવામાં આવી હોય એવું ભારતના ઈતિહાસમાં પ્રથમવાર બન્યું છે. કેજરીવાલનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ વિક્રમ ચૌધરીએ કહ્યું હતું કે ઈડી જન, જ્યુરી અને એક્ઝિક્યૂશનર બની ગઈ છે. (એજન્સી) ■

## ઍર ઈન્ડિયાને

એકઠાં કરવામાં આવ્યા હતા અને કાફલાઓ અંગેના રિપોર્ટનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

ઍર ઈન્ડિયા ક્રૂ મૅમ્બરોને પૂરતો અઠવાડિક આરામ, લાંબા અંતરની ફ્લાઈટ અગાઉ તેમ જ બાદમાં તેમ જ લૅ ઑવર દરમિયાન પૂરતો આરામ આપવામાં નિષ્ફળ ગઈ હતી.

આ બાબત ડીજીસીએના નિયમોનો ભંગ કરતી હોવાનું નિયામક દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ફરજનો સમયગાળો વધારવો તેમ જ ટ્રેનિંગના રેકોર્ડની ખોટી રજૂઆત જેવી બાબતો પણ ઑડિટ દરમિયાન ધ્યાન પર આવી હતી.

નિયમોનો ભંગ કરવા બદલ ડીજીસીએએ પહેલી માર્ચે ઍર ઈન્ડિયાને કારણદર્શક નૉટિસ પાઠવી હતી જેનો ઍર ઈન્ડિયાએ આપેલો જવાબ સંતોષજનક નહોતો. (એજન્સી) ■

## રૂપિયો કડડડભૂસ

સામે રૂપિયો ગઈકાલના ૮૩.૧૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩.૨૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૬૫ અને ઉપરમાં ૮૩.૨૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૪૭ પૈસા ગબડીને ૮૩.૬૧ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં યુરો અને પાઉન્ડ સામે ડૉલર મજબૂત થતાં રૂપિયા સહિતના એશિયન ચલણો માઠી અસર પડતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું બીએનપી પારિબાસનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે સ્વિસ નેશનલ બૅન્કે આશ્ચર્યજનક પગલું ભરીને વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરતાં યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક આગામી જૂન મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ થતાં ડૉલર સામે યેન અને યુરો નબળાં પડ્યા હતા.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૧ ટકાના બાઉન્સબૅક સાથે ૧૦૪.૩૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૮૨૬.૯૭ કરોડની વેચવાલી રહેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને બેરલદીઠ ૮૫.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયામાં ઘટાડો અમુક અંશે સિમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ભારતે પુષ્પક વિમાનનું

ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે આયોજિત આ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. પુષ્પકને ફરીથી વાપરી શકાય તેવા લોન્ચ વ્હીકલથી લોન્ચ કરવામાં આવ્યું હતું જે એક મોટી ઉપલબ્ધિ માનવામાં આવે છે.

પુષ્પક (આરએલવી એલએક્સ -૦૨)ના લેન્ડિંગ પ્રયોગ દ્વારા રિયુઝેબલ લોન્ચ વ્હીકલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) એ શુક્રવારે કહ્યું કે તેણે આરએલવી લેક્સ -૦૨નાં સફળ લેન્ડિંગ પ્રયોગ દ્વારા ફરીથી વાપરી શકાય તેવા લોન્ચ વ્હીકલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં એક મુખ્ય સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

કર્ણાટકના ચિત્રદુર્ગની એરોનોટિકલ ટેસ્ટ રેન્જમાં સવારે ૭.૧૦ વાગ્યે આયોજિત શ્રેણીની આ બીજી ટેસ્ટ હતી.

ગયા વર્ષે આરએલવી લેક્સ -૦૧ મિશન પૂર્ણ થયા પછી, આરએલવી લેક્સ -૦૨એ ચોક્કસ પ્રારંભિક પરિસ્થિતિઓમાં પુનઃઉપયોગ કરી શકાય તેવા પ્રક્ષેપણ વાહન (આરએલવી) ની સ્વાયત્ત લેન્ડિંગ ક્ષમતા દર્શાવી હતી, એમ બેંગલૂરુ-મુખ્યમથક સ્પેસ એજન્સીએ જણાવ્યું હતું. આરએલવીને વિખેરાઈને વધુ મુશ્કેલ દાવપેચ હાથ ધરવા, ક્રોસ-રેન્જ અને ડાઉનરેન્જ બંનેને ઠીક કરવા અને સંપૂર્ણ સ્વાયત્ત મોડમાં રનવે પર ઉતરવા માટે બનાવવામાં આવ્યું છે,' એમ નિવેદનમાં જણાવ્યું હતું. ■

## ચૂંટણી લક્ષી બૉન્ડ્સમાં

આ યોજના સંબંધિત તમામ માહિતી ચૂંટણી પંચને સોંપવાનો આદેશ આપ્યો હતો. જેનું પાલન કરતા એસબીઆઇએ ઇલેક્ટોરલ બોન્ડ સંબંધિત તમામ માહિતી ચૂંટણી પંચને સોંપી હતી. જેનાથી એ જાણકારી મળી રહી છે કે કઇ કંપનીએ કઇ રાજકીય પાર્ટીને કેટલા કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું.

ઇલેક્ટોરલ બોન્ડમાં ચાર હજાર કરોડ રૂપિયાનો ડેટા ગાયબ થયાની જાણકારી મળી રહી છે. ચૂંટણી પંચના ડેટામાં ૧૨,૭૬૯ કરોડ રૂપિયાના ૨૦,૪૨૧ બોન્ડની જાણકારી છે જ્યારે એડીઆરના ડેટામાં ૧૬,૪૯૨ કરોડ રૂપિયાના ૨૭,૮૧૧ ઇલેક્ટોરલ બોન્ડની જાણકારી છે. એટલે કે બન્ને ડેટા વચ્ચે ૪,૦૦૦ કરોડ રૂપિયાનો તફાવત જોવા મળી રહ્યો છે જેમાં ૭,૦૦૦થી વધુ બોન્ડ સામેલ છે. ચૂંટણી પંચે એપ્રિલ ૨૦૧૯ થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીના ડેટાની માહિતી જાહેર કરી છે. જ્યારે એડીઆરએ અહેવાલ આપ્યો છે કે માર્ચ ૨૦૧૮થી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં ૧૬,૫૧૮.૧૧ કરોડ રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડ વેચાયા હતા.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) એ અગાઉ માહિતી અધિકાર (આરટીઆઈ) એક્ટ હેઠળ દાખલ કરાયેલી અરજીઓમાંથી વધારાના ડેટાનો સ્ત્રોત મેળવ્યો હતો. આ વર્ષે જાન્યુઆરીમાં એડીઆરએ એક અહેવાલ બહાર પાડ્યો હતો, જે મુજબ, સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયાએ ૧૬,૦૦૦ કરોડથી વધુ મૂલ્યના ઈલેક્ટોરલ બોન્ડ જાહેર કર્યા હતા અને ૨૦૧૮માં આ યોજનાની શરૂઆત થઈ ત્યારથી ૩૦ તબક્કામાં એટલી જ રકમ રિડીમ કરવામાં આવી હતી.

રાજકીય પક્ષો દ્વારા કુલ ૧૬,૪૯૨ કરોડનું રિડીમ કરવામાં આવ્યું હતું અને બાકીના. ૨૬ કરોડ રૂપિયા વડા પ્રધાન રિલિફ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જ્યારે ચૂંટણી પંચના ડેટામાં ૧૨,૭૬૯ કરોડ રૂપિયાના ૨૦,૪૨૧ બોન્ડની જાણકારી આપવામાં આવી છે. આ મુખ્ય રાજકીય પક્ષોના ઘોષિત ડેટામાં પણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે ભારતીય જનતા પાર્ટી પાસે ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના બોન્ડ્સ છે, જે ચૂંટણી પંચના ખુલાસાનો ભાગ નથી કારણ કે અગાઉના ડેટાને બાકાત રાખવામાં આવ્યા છે.

અન્ય પક્ષો પણ આ પ્રકારનું અંતર જોવા મળે છે. જોકે કેટલાક પાસે ચૂંટણી પંચના ખુલાસામાં મોટી રકમ છે કારણ કે તે એવા સમયગાળાને આવરી લે છે જેમાં તેમને વધુ દાન મળ્યું છે. ચૂંટણી પંચના ડેટામાં પ્રથમ આઠ તબક્કાનો ડેટા ગુમ છે.

ટોચના દસ દાતાઓએ કુલ દાનમાં ત્રીજા ભાગનો હિસ્સો આપ્યો હતો જેનું મૂલ્ય ૪,૫૬૪ કરોડ રૂપિયા હતું. ટોચના દાતા ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસિસ નામની કંપની હતી જેણે ૧,૩૬૮ કરોડ રૂપિયાના કુલ ઇલેક્ટોરલ બોન્ડ્સ ખરીદ્યા હતા, ત્યારબાદ મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે ૯૬૬ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે ઇલેક્ટોરલ બોન્ડ યોજનાને અમાન્ય ગણાવી હતી. ત્યારબાદ સર્વોચ્ચ અદાલતે ૨૦૧૯થી જ ચૂંટણી બોન્ડ ડેટાની સંપૂર્ણ જાહેરાત કરવાનો આદેશ આપ્યો હતો. ■

# મ્હાડાની લોટરી વિજેતાઓને હવે હોમલોન લેવામાં થશે સરળતા

મુંબઈ: ગરીબ, મધ્યમ તેમજ ઉચ્ચ વર્ગના નાગરીકો માટે મ્હાડા દ્વારા વિવિધ આવાસ યોજનાઓ લાગુ કરવામાં આવે છે. જેથી સામાન્ય માણસ વાજબી કિંમતે ઘર ખરીદી શકે. જો કે મ્હાડા લોટરીમાં સફળ થતા લોકોને ઘણી વખત લોન મેળવવામાં સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેથી જ હવે મ્હાડાએ યોગ્ય વિજેતાઓને હોમ લોન અને અન્ય આર્થિક સલાહ આપવાનો નિર્ણય કર્યો છે.

હવે મ્હાડા લોકોને આવાસ સાથે હોમલોન માટેની સલાહ પણ પ્રદાન કરવા જઈ રહ્યું છે, ત્યારે આના માટે મ્હાડા એક ફાયનાન્સિયલ કન્સલ્ટનસીની નિમણૂક કરવા જઈ રહ્યું છે. જો કે આનો લાભ ફક્ત મ્હાડા લાભાર્થિયો અને ગ્રાહકોને મળશે. તમામ લાભાર્થિયોને હોમ લોન માટે ઉપલબ્ધ વિકલ્પોને લગતી જાણકારી મળશે. ગ્રાહકોને ક્રેડિટ તેમજ આર્થિક પરિસ્થિતિના આધારે હોમ લોન મળશે. મ્હાડા લોટરીમાં નામ આવ્યા બાદ સફળ ફ્લેટ ધારકને એક સપ્તાહની અંદર આને સંબંધીત કચેરીમાં જવું પડશે અને જરૂરી દસ્તાવેજ જમા કરાવાના રહેશે. સાથે જ મકાનના દસ ટકા પૈસા પણ ભરવાના રહેશે. આ પ્રમાણપત્રોને આવશ્યક દસ્તાવેજો સાથે સીધા બૅંકમાં જમા કરાવાના રહેશે. અને આના માધ્યમથી એક સફળ ફ્લેટ ધારકને હોમ લોન મળી જશે. મ્હાડા કચેરી અને અન્ય જાહેર કરાયેલી સાઈટ પર અસ્થાયી કચેરીના રૂપમાં સંબંધિત કન્સલ્ટન્સી સ્થાપિત કરવામાં આવશે. ફર્મ માટે લગભગ ૧૦૦ સ્ક્વેર ફૂટનો વિસ્તાર ઉપલબ્ધ કરવામાં આવશે. આ ફર્મ ગ્રાહકો પાસેથી તેમના દ્વારા પ્રદાન કરવામાં આવેલી સેવાનું કોઈ શુલ્ક લેશે નહીં. જો કે ગ્રાહકોને બૅન્કિંગ અને હોમ લોન સંબંધિત શુલ્ક સીધુ બૅંક અથવા બૅંક ડિલરોને ભરવા પાત્ર હશે. આ આર્થિક સલાહકાર ફર્મ તમામ નિયમોનું પાલન કરશે. પ્રત્યેક કાઉન્ટર ખોલવા કે બંધ કરવા પહેલા ફર્મે મ્હાડાને એક અનુરોધ પત્ર જમા કરવું પડશે. નિયમોનું ઉલ્લંઘન કરવા પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# ક્રિપ્ટોકરન્સી સ્કૅમમાં યુવાને ૧૦.૬૧ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણે: ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ પર ઊંચા વળતરની લાલચે સાયબર ઠગે નવી મુંબઈના યુવાન પાસેથી ૧૦.૬૧ લાખ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. ઉરણ પોલીસે આ પ્રકરણે ગુરુવારે ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર કથિત છેતરપિંડી ૯થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન થઈ હતી. આરોપીએ નવી મુંબઈમાં રહેતા ૩૭ વર્ષના ફરિયાદીનો ટેલિગ્રામ ઍપ પર સંપર્ક સાધ્યો હતો. બાદમાં અલગ અલગ નંબર પરથી અમુક લોકોએ ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. ■



**રંગીન હાસ્ય...** રંગો વગરના જીવનની કલ્પના પણ કરી શકાય નહીં. જીવન ફક્ત રંગોથી જ નહીં, પણ આનંદથી પણ રંગીન બની જતું હોય છે. દક્ષિણ મુંબઈની વિશેષ બાળકો માટેની સ્કૂલમાં શુક્રવારે ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે બાળકોમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. (અમય ખરાડે)

# ગોદાન એક્સપ્રેસના પાર્સલ ડબ્બામાં આગ



નાશિક રોડ: નાશિક રેલવે સ્ટેશનેથી ભુસાવળની દિશામાં જઈ રહેલી ગોદાન એક્સપ્રેસની પાર્સલ બોગીમાં શુક્રવારે બપોરે આગ લાગી હતી. જોકે, રેલવે ગાર્ડના ધ્યાનમાં આ વાત સમયસર આવતા ટ્રેન થોભાવી આગ બુઝાવી દેવામાં આવી હતી. પરિણામે મોટો અનર્થ ટળી ગયો હતો. મુંબઈના લોકમાન્ય ટિળક ટર્મિનસથી ઊપડેલી ગોદાન એક્સપ્રેસ શુક્રવારે બપોરે હંમેશ મુજબ નાશિક રોડ સ્ટેશન પહોંચી હતી. સ્ટેશનેથી રવાના થયા બાદ ગોરેવાડી નજીક ટ્રેનના પાર્સલના ડબ્બામાંથી ધુમાડો નીકળ્યો હોવાનું ધ્યાનમાં આવતા બાજુના ડબ્બાના પ્રવાસીઓએ બૂમાબૂમ કરી હતી. ગાર્ડને ખબર પડતા તત્કાળ ટ્રેન થોભાવવામાં આવી હતી. અગ્નિશમન દળના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા, પણ ડબ્બા પર પાણીનો મારો ચલાવવો શક્ય ન હોવાથી એને ટ્રેનથી અલગ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ટ્રેન આગળ વધી હતી. ■


















## ટિકિટ વગર ટ્રેનમાં મુસાફરી

# પહેલી એપ્રિલથી દંડ ઓનલાઇન પણ ભરી શકાશે

મુંબઈ: પ્રવાસીઓને આપવામાં આવતી સેવા - સુવિધા માટે અનેક બદલાવ અનેક નિયમોમાં ફેરફાર ભારતીય રેલવે દ્વારા સમયે સમયે થતા હોય છે. પહેલી એપ્રિલથી એક નવો બદલાવ અમલમાં આવશે. ડિજિટલ ઈન્ડિયા સાથે તાલ મેળવવા ઉત્સુક રેલવેએ પહેલી એપ્રિલથી રેલવે કેટરિંગ, ટિકિટ, દંડ અને પાર્કિંગ જેવી બાબતો માટે ઓનલાઇન પેમેન્ટની સગવડ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ટિકિટ વિના પ્રવાસ કરતા પકડાઈ ગયેલા પ્રવાસીઓ પાસેથી ક્યુઆર કોડ સ્કેનિંગની મદદથી દંડ વસૂલ કરવામાં આવશે. રેલવેના આ નવા નિયમને કારણે પ્રવાસીઓને ઘણી રાહત મળશે. વિના ટિકિટ મુસાફરી દરમિયાન પકડાઈ ગયેલા પ્રવાસી પાસે જો દંડની રકમ ભરવા માટે પર્યાપ્ત રોકડ રકમ નહીં હોય તો ડિજિટલ પેમેન્ટ કરી જેલની સજા ટાળી શકાશે. આ માટે રેલવે ટિકિટ ચેકરોને હાથમાં રાખી ઉપયોગમાં લઈ શકાય એવું ટર્મિનલ મશીન આપવામાં આવશે. ■

## કેજરીવાલની ધરપકડના વિરોધમાં પ્રદર્શન

# મુંબઈ પોલીસે કડક વલણ અપનાવ્યું હોવાનો આક્ષેપ

મુંબઈ: આમ આદમી પાર્ટીએ શુક્રવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ધરપકડ સામે વહેલી સવારે વિરોધ કરી રહ્યા હતા ત્યારે મુંબઈ પોલીસ પર ઉગ્રતાનો આરોપ મૂક્યો હતો.

આપના મહારાષ્ટ્ર પ્રમુખ પ્રીતિ શર્મા મેનને જણાવ્યું હતું કે તેમના કાર્યકરોને ધક્કો મારવામાં આવ્યો હતો અને માર મારવામાં આવ્યો હતો અને રાત્રે મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે કેટલાક કામદારોને મુક્કા મારવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં દસ આપ નેતાઓની અટકાયત કરવામાં આવી હતી, બાદમાં તમામને કોર્ટ દ્વારા મુક્ત કરવામાં આવ્યા હતા.

દિલ્હી હાઇ કોર્ટે એજન્સી દ્વારા કોઈપણ બળજબરીભરી કાર્યવાહીથી રક્ષણ આપવાનો ઇન્કાર કર્યાના કલાકો બાદ ગુરુવારે રાત્રે,આપના રાષ્ટ્રીય સંયોજક અને વર્તમાન મુખ્ય પ્રધાનની ધરપકડ કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણીના પ્રચાર વચ્ચે ૫૫ વર્ષીય નેતાની ધરપકડ થતા આપ તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ આવી હતી. પાર્ટીએ કહ્યું કે કેજરીવાલ ''દિલ્હીના મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રહેશે. જો જરૂર પડશે તો તેઓ જેલમાંથી સરકાર ચલાવશે''. 'ઈન્ડિયા' જૂથના વિવિધ ઘટકોએ કેજરીવાલની ધરપકડની નિંદા કરી હતી અને દાવો કર્યો હતો કે ભાજપ આગામી લોકસભા ચૂંટણીના પરિણામોથી ડરી ગઈ છે અને વિપક્ષો માટે સમસ્યા ઊભી કરવા માટે ગભરાટથી કામ કરી રહી છે. (પીટીઆઈ)■

## વૈકલ્પિક જગ્યા સ્વીકારો અથવા આર્થિક ભરપાઈ મેળવો

# મીઠી નદી પ્રોજેક્ટ અસરગ્રસ્તોએ બેમાંથી એક વિકલ્પ પસંદ કરવાનો હાઈ કોર્ટનો આદેશ

મુંબઈ: મીઠી નદી સુધાર અને પ્રદૂષણ નિયંત્રણ પ્રોજેક્ટને કારણે અસરગ્રસ્ત થયેલા પાત્ર રહેવાસીઓ સમક્ષ મહાપાલિકાના ધોરણ અનુસાર બે જ વિકલ્પ હોવાની સ્પષ્ટતા હાઈ કોર્ટે બુધવારે કરી હતી. એ બે વિકલ્પમાં કાં તો તેમણે વૈકલ્પિક જગ્યા સ્વીકારવાની રહેશે અથવા આર્થિક ભરપાઈ મેળવવાની રહેશે. આ વિકલ્પ માન્ય નહીં રાખવાનો સવાલ જ ઉપસ્થિત નથી થતો તેમજ નદી કિનારે રહેવાનો વિકલ્પ પણ તેમની પાસે નથી એમ હાઈ કોર્ટે જણાવ્યું હતું. અસરગ્રસ્તોને કોઈ પણ રાહત આપવાનો પણ હાઇ કોર્ટે ઇન્કાર કર્યો છે. વિશિષ્ટ પાયાભૂત સુવિધા પ્રોજેક્ટ આવશયક છે કે નહીં એ અદાલત નક્કી ન કરી શકે. એ વિશેષ અધિકાર નિયોજન પ્રાધિકરણ પાસે છે એવી ટિપ્પણી પણ ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ કમલ ખાતાની ખંડપીઠે અસરગ્રસ્તોને રાહત આપવાનો ઇન્કાર કરતી વખતે કરી હતી. સાથે સાથે અસરગ્રસ્તોને ઘર ખાલી કરવા પૂરતો સમય મળી રહે એ માટે તેમને સમયસર નોટિસ આપવાનો આદેશ પણ આ વખતે અદાલતે મહાનગરપાલિકાને આપ્યો છે. ■

# મુંબ્રામાં આગ: ૩૫૦ રહેવાસીઓને બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના મુંબ્રામાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની ઈમારતમાં ગુરુવારે મધરાત બાદ લાગેલી આગમાં ફસાઈ ગયેલા ૩૫૦ રહેવાસીઓને હેમખેમ બચાવી લેવામાં સફળતા મળી છે. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણે જિલ્લાના મુંબ્રામાં શિવાજી નગરમાં ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની અમન હાઈટ્સ નામની ઈમારત આવેલી છે. ગુરુવારે મધરાત બાદ ૧.૪૨ વાગે ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા મીટર બોક્સમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા ઘટના સ્થળે ફાયરબ્રિગેડ, પોલીસ સહિત પાવર કંપનીના કર્મચારીઓ પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. મોડી રાતે આગ લાગી હોવાથી મોટાભાગના રહેવાસીઓ ભરઊંઘમાં હતા.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના અધિકારીના જણાવ્યા મુજબ આગ ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા મીટર બોક્સમાં લાગી હતી. ■

# પીએમસી ફ્રોડ: ઓડિટરને જામીન

મુંબઈ: પંજાબ અને મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બૅન્કમાં ₹૬,૬૭૦ કરોડની છેતરપિંડીમાં સંડોવાયેલા ભૂતપૂર્વ ઓડિટર અનિતા શંકર કિરદતને બોમ્બે હાઈ કોર્ટે જામીન આપ્યા હતા. ૨૦૦૫થી ૨૦૧૯ સુધી પીએમસી બૅન્ક માટે સહવર્તી ઓડિટર તરીકે ફરજ બજાવતા કિરદતને બૅન્કના મુખ્ય ક્લાયન્ટ હાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ સાથે જોડાયેલ છેતરપિંડીપૂર્ણ બૅંકિંગ પ્રેક્ટિસની દેખરેખમાં બેદરકારીના આરોપોનો સામનો કરવો પડ્યો હતો.

જામીન અરજીની સુનાવણી દરમિયાન કિરદતના વકીલે કહ્યું હતું કે તેની તેની અટકાયતને ચાર વર્ષ અને ચાર મહિના થઇ ગયા છે, તે મહિલા છે અને નજીકના ભવિષ્યમાં ટ્રાયલના નિષ્કર્ષ પર પહોંચવાની સંભાવના ઓછી છે.

વિરોધી પક્ષે, વધારાના સરકારી વકીલ સંગીતા ડી શિંદેએ આર્થિક ગુનાઓની ગંભીરતા અને ઓડિટ યોગ્ય રીતે કરવામાં કિરદતની નિષ્ફળતાને ટાંકીને જામીન સામે દલીલ કરી હતી. તેઓએ એચડીઆઇએલ સાથે તેના નજીક સંબંધો પણ દર્શાવ્યા હતા.

કિરદતના કેસમાં મુખ્ય આરોપી વર્યમ સિંઘ સાથેનું જોડાણ ખાસ નોંધનીય છે. સિંઘ, પીએમસી બૅન્કના ભૂતપૂર્વ ચેરમેનને, પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ તેમની ખરાબ તબિયત અને તેમની જેલની લાંબી અવધિના કારણે આ જ અદાલત દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા હતા.

ન્યાયમૂર્તિ કણિકે કિરદતને એક કે બે સ્થાનિક જામીન સાથે ₹એક લાખના વ્યક્તિગત બોન્ડ અને ₹૨૫,૦૦૦ની રોકડ જામીન પર મુક્ત કરવાની મંજૂરી આપી છે અને જામીન ભરવા માટે છ અઠવાડિયાનો સમય આપ્યો છે. ■

# વરિષ્ઠો સામે જાતીય સતામણીનો આરોપ કરતા બોગસ પત્રમાં ત્રણ પોલીસની સંડોવણી

મુંબઈ: મોટર ટ્રાન્સપોર્ટ વિભાગના ત્રણ પોલીસ અધિકારીઓ સામે જાતીય સતામણીના આરોપની તપાસમાં ક્રાઇમ બ્રાન્ચને જાણવા મળ્યું હતું કે આઠ મહિલા પોલીસની જાતીય સતામણીનો આક્ષેપ કરતો પત્ર બોગસ હતો અને વિભાગની બદનામી કરવા તેને વાયરલ કરાયો હતો.

તપાસમાં મોટર ટ્રાન્સપોર્ટ (એમટી) વિભાગના બે કોન્સ્ટેબલ અને એક અધિકારીની સંડોવણી સામે આવી છે. કોન્સ્ટેબલ ડી.કે. જાધવે બોગસ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ કરવા પોતાના પરિવારના સભ્યના મોબાઇલનો ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચ જાધવ અને તેના પરિવારજનોની પૂછપરછ કરી રહી છે.

તપાસકર્તા અધિકારીએ જણાવ્યું હતું કે એમટી વિભાગ આંતરિક વિવાદોથી ઘેરાયેલો છે. આમાંનું મુખ્ય કારણ ડ્રાઇવર કોન્સ્ટેબલોની બદલી-પોસ્ટિંગ એક છે. એમટી વિભાગમાં ૨,૩૦૦ ડ્રાઇવરો કાર્યરત છે અને તેમને ઉદ્યોગપતિઓ, વીઆઇપી અને 'એ' ગ્રેડ પોલીસ સ્ટેશન, ક્રાઇમ બ્રાન્ચ, પ્રોટેક્શન એન્ડ સિક્યુરિટી બ્રાન્ચ સહિત અનેક સ્થળોએ ફરજ સોંપવામાં આવે છે. બે પોલીસ ઇન્સ્પેક્ટરને મલાઇદાર પોસ્ટિંગ જોઇતી હતી તેમાંથી વેર પેદા થયું હતું. એ અધિકારીઓને મુંબઈના ઉદ્યોગપતિના નિવાસે અથવા ઓફિસે પોસ્ટિંગ જોઇતી હતી, જે ફરજમાં મફત તબીબી સુવિધાઓ સહિતનાં ભથ્થાં મળે છે. ■

# એપીએમસીના વેપારીઓ પર નજર રાખી ચોરી કરનારા પકડાયા

થાણે: એપીએમસીના વેપારીઓની દિનચર્યા પર નજર રાખી રોકડ અને કીમતી વસ્તુઓ ચોરનારી આંતરરાજ્ય ટોળકીના બે આરોપીને નવી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના સિનિયર ઈન્સ્પેક્ટર ઉમેશ ગવળીએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા બન્ને આરોપીમાં અજય ચૌહાણ અને રોહન કંજરનો સમાવેશ થાય છે. તેમની પાસેથી ૧૩.૬૪ લાખ રૂપિયાની મતા હસ્તગત કરવામાં આવી હતી. આ ટોળકી મોટા ભાગે વાશીના એપીએમસીના વેપારીઓ પર નજર રાખતા હતા. સ્કૂટર પર વેપારીઓની કારનો પીછો કરતા અને તક મળતાં જ રોકડ-કીમતી વસ્તુ ચોરી કરી ફરાર થઈ જતા હતા.

નંબર પ્લૅટ વિનાના સ્કૂટર પર ફરનારા બન્ને આરોપીને શંકાને આધારે બે દિવસ અગાઉ તાબામાં લેવાયા હતા. પૂછપરછમાં આરોપીઓના રાજસ્થાનમાં રહેતા ત્રણ સાથીઓની ઓળખ થઈ હતી. આ ટોળકી વિરુદ્ધ ન્હાવા-શેવા, એપીએમસી, સાનપાડા, પનવેલ, નેરુળ, ખારઘર, વાશી, દિંડોશી અને શિળ ડાયઘર પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ)■




# વીકએન્ડ

## બેંગલુરુંમાં પાણીની કટોકટી એક ટકોર

# સળગી રહ્યું છે મહાનગરોમાં સપનાનું ભવિષ્ય



કવર સ્ટોરી

feedback@bombaysamachar.com
લોકમિત્ર ગૌતમ

નબળું ચોમાસું, ભૂગર્ભજળમાં સતત ઘટાડો, માફિયાઓના ચુંગાલમાં રહેલા જળાશયો અને અત્યાધુનિક શહેરીકરણે હિન્દુસ્તાનના સિલિકોન વેલી સમાન બેંગલુરુંને હચમચાવી દિધું છે. સામાન્ય રીતે આઈટી સંબંધિત બાબતો માટે ચર્ચામાં રહેનારુ બેંગ્લોર, તે સમગ્ર દેશમાં હાલના દિવસોમાં જે વાત માટે ચર્ચામાં છે તેમાં સમાવેશ થાય છે મહિનામાં માત્ર ચાર વખત સ્નાન કરવાની સલાહ, ઓફિસ આવવાને બદલે ઘરેથી કામ કરવાની સલાહ, બાળકોને શાળામાંથી તાત્કાલિક મળેલી રજાઓ અને ઘણી વખત ઘરે રસોઈ કરવાને બદલે રેસ્ટોરાંમાંથી ફૂડ ઓર્ડર કરવાનો આઈડિયા.

આ તાત્કાલિક સ્થિતિ ભલે માત્ર બેંગલુરું પૂરતી જ સીમિત હોઈ, પરંતુ સૌથી મોટી હકીકત એ છે કે હાલમાં દેશના લગભગ તમામ મહાનગરો પાણીની કટોકટીનો સામનો કરી રહ્યા છે, જ્યારે દેશના ૩૦ મોટા શહેરોની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. આ શહેરોમાં રહેતા લગભગ ૧૫ કરોડ લોકો પાણીની ભયંકર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. બેંગ્લોર સિવાયના દેશના અન્ય શહેરો જ્યાં દર ઉનાળામાં અથવા વર્ષના અમુક મહિનામાં પાણીની ગંભીર કટોકટી ઊભી થાય છે તેમાં મુંબઈ, ચંદીગઢ, કોલકાતા, જયપુર, ઈન્દોર, શ્રીનગર, અમૃતસર, ગુરુગ્રામ, હૈદરાબાદ, ચેન્નઈ, કોઈમ્બતુર, અમરાવતી, વિશાખાપટ્ટનમ, આગ્રા, આસનસોલ, મેરઠ, ફરીદાબાદ, સોલાપુર અને દિલ્હીનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા યુનેસ્કોના એક રિપોર્ટ અનુસાર ભારતમાં જળ સંકટ વધુને વધુ ગંભીર બની રહ્યું છે અને વર્ષ ૨૦૨૫ સુધીમાં આ સ્થિતિ ખૂબ જ વિકટ બની શકે છે, જેનું મુખ્ય કારણ આ રિપોર્ટ અનુસાર ભૂગર્ભજળનું વધુ પડતું શોષણ અને ગ્લેશિયરોનું સામાન્ય કરતાં વધુ પીગળવું છે. જેના કારણે ગંગા, બ્રહ્મપુત્રા અને સિંધુ જેવી હિમાલયની નદીઓનો પ્રવાહ ઘણો ધીમો પડી ગયો છે.

પરંતુ આ કટોકટી કંઈ રાતોરાત નથી આવી. વર્ષ ૨૦૧૮માં, નીતિ આયોગે વ્યાપક વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્સ (સીડબ્લ્યુએમઆઇ)ની શરૂઆત કરી છે, જેથી વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના જળ ક્ષેત્રોની સ્થિતિ અને વ્યવસ્થાપન કામગીરીનો વાર્ષિક સ્નેપશોટ પ્રદાન કરી શકાય અને આવી રીતે જળ વ્યવસ્થાપનની વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ પણ કરી શકાય. સંયુક્ત રાષ્ટ્રના અન્ય એક રિપોર્ટ અનુસાર ભારતમાં જળ સંકટની સ્થિતિ અપેક્ષા કરતા વધુ ઝડપથી બગડી રહી છે. આ રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૫ સુધીમાં સમગ્ર ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગંભીર જળ સંકટની સ્થિતિ સર્જાઈ શકે છે. જોવાની વાત એ છે કે આ દિવસોમાં સરકારથી લઈને સ્થાનિક પ્રશાસકો સુધી દરેક બેંગલુરું કટોકટીથી ચિંતિત છે. તે કટોકટી કોઈ આપત્તિ-પ્રેરિત કટોકટી નથી જે સમજી ન શકાય. બેંગલુરુંની જળ સંકટ વાસ્તવમાં ઓછા વરસાદ કરતાં ભૂગર્ભજળના આડેધડ શોષણની સમસ્યા વધુ છે અને આ સંકટના તળિયે સૌથી મોટી ખામી એ છે કે આડેધડ શહેરીકરણને કારણે જે રીતે જમીનનું સિમેન્ટીકરણ થયું છે તેના કારણે વરસાદી પાણીનો જથ્થો ઓછો થયો છે. તે પાણી જમીનમાં સમાઈ જવું જોઈએ, તેમાંથી ૮૦ થી ૮૫ ટકા પાણી વહી જાય છે.

બેંગલુરુંમાં સતત વધતી જતી વસ્તી અને ગ્લોબલ આઈટી હબ બનવાથી થયેલા આડેધડ બાંધકામને કારણે આજે બેંગલુરુંને દરરોજ ૨૦ કરોડ લિટર પાણીની જરૂર છે. પરંતુ માત્ર ૪ કરોડ લીટર પાણી જ ઉપલબ્ધ છે. તેના પરથી અંદાજો લગાવી શકાય છે કે આ સંકટ કેટલું વધી ગયું છે. એક સમયે બેંગલુરુંમાં ૩૦૦ થી વધુ જળાશયો હતા, આજે તેમની સંખ્યા ઘટીને ૩૨ થઈ ગઈ છે અને તેમાંથી ૧૭ જળાશયો ગંભીર રીતે પ્રદૂષિત છે અને બાકીના જળાશયોમાં પાણીનું સ્તર અત્યંત ઓછું થઈ ગયું છે. કારણ કે તેમાંથી દર વર્ષે જેટલું પાણી નીકળે છે તે વરસાદી ઋતુમાં એટલા પાણીની ફરી પૂર્તિ નથી થઈ રહી. આ જ કારણ છે કે આજે દક્ષિણ ભારતનું આ સૌથી આશાસ્પદ શહેર જળ સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. આજે જે બેંગલુરુંમાં, છોડને પાણી આપવા, કાર ધોવા અથવા અન્ય હેતુઓ માટે પાણીના ઉપયોગ પર પ્રતિબંધ છે અને જો કોઈ તેનો ઉપયોગ કરે છે તો તેના પર ૫,૦૦૦ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો છે. આવી સખ્તાઈ જો ૫ વર્ષ પહેલા લાદવામાં આવી હોત, જ્યારે કહેવામાં આવી રહ્યું હતું કે બેંગલુરું જળ સંકટ તરફ આગળ વધી રહ્યું છે, તો કદાચ આ સ્થિતિ ન સર્જાઈ હોત.

પરંતુ હજુ પણ એ વાતને ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, આ સંકટ માત્ર બેંગલુરું-વ્યાપી કટોકટી નથી, હકીકત એ છે કે દેશના શહેરીકરણના સ્વપનશીલ ભવિષ્ય પર સંકટના વાદળ છવાઈ ગયા છે. વિશ્વની એક નહીં પરંતુ ઓછામાં ઓછા અડધો ડઝન અલગ એજન્સીઓ ભારપૂર્વક કહી રહી છે કે વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતના લગભગ ૩ ડઝન શહેરો જળ સંકટનો શિકાર બનશે. પરંતુ આજે પણ આ કટોકટી પ્રત્યે આપણું વલણ માત્ર કામચલાઉ છે. જો જોવામાં આવે તો ભારતમાં જળ સંકટનું કોઈ એક કારણ નથી. આ કટોકટી વધતી જતી વસ્તી અને તેનાથી પણ વધુ ઝડપથી થઈ રહેલા શહેરીકરણને કારણે વધુ ઘેરી બની છે. દેશમાં રોજગાર, શિક્ષણથી લઈને કારકિર્દી સુધીની તમામ તકો શહેરો અને અમુક ચોક્કસ શહેરોમાં કેન્દ્રિત થઈ ગઈ હોવાથી, ભારતના કેટલાક મહાનગરોમાં વસ્તીમાં વધારો એ એટલી મોટી સમસ્યા છે કે તેની સામે તમામ પ્રકારની યોજનાઓ અને સંસાધનો અર્થહીન બની જાય છે.

દેશમાં જળ સંકટનું બીજું મુખ્ય કારણ ગંદા પાણીનું નબળું સંચાલન છે. જ્યારે જર્મની, લક્ઝમબર્ગ, ફ્રાન્સ અને ઈંગ્લેન્ડમાં ૯૫ ટકા ગંદા પાણીનો પુનઃઉપયોગ થાય છે, ભારતમાં હજુ પણ ૨૦ ટકાથી વધુ ઘરગથ્થું પાણીનું સંચાલન કરવું શક્ય નથી. આપણી બિનટકાઉ કૃષિ પદ્ધતિઓ પણ ભૂગર્ભજળના ઘટાડાનું સૌથી મોટું કારણ છે. પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં સરકારો ઘણા દાયકાઓથી ખેડૂતોને મે-જૂન મહિનામાં અનાજનું વાવેતર ન કરવા માટે સતત સૂચનાઓ આપી રહી છે, પરંતુ લોકો પોતાના ફાયદાના કારણે સરકારની વાત પર ધ્યાન આપતા નથી અને ભ્રષ્ટાચારને કારણે વિવિધ સરકારો દ્વારા ખેડૂતોને આ અંગે ધમકીઓ આપવા છતાં, તેઓ વ્યવહારમાં કંઈ કરી શકતા નથી. પંજાબ અને હરિયાણામાં જે રીતે ખેતી માટે પાણીનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેનાથી મુઠ્ઠીભર મોટા ખેડૂતોને જ ફાયદો થયો છે, પરંતુ સમગ્ર સ્થાનિક વસ્તીને તેનું નુકસાન સહન કરવું પડશે. આપણે બધા જાણીએ છીએ કે ભારતમાં મીઠા પાણીનો લગભગ ૭૦ ટકા હિસ્સો હિમાલયમાં હિમનદીઓ અને હિમનદીઓના સ્વરૂપમાં છે અને ૨૦૧૦થી, ગ્લોબલ વોર્મિંગને કારણે તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે અને હિમનદીઓ અપેક્ષા કરતા વધુ ઝડપથી સંકોચાઈ રહી છે, તે પણ ભારતના જળ સંકટનું એક મોટું કારણ છે. કારણ કે આપણા દેશમાં માત્ર ૨.૪ ટકા જમીન જ પાણીથી ઢંકાયેલી છે. તેથી, વિશ્વ સંસાધન સંસ્થાએ ભારતના ૯ રાજ્યોને ખાસ કરીને આગામી દિવસોમાં જળ સંકટ અંગે ગંભીર ચેતવણી આપી છે. તેમાં ખાસ કરીને ચંદીગઢ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, મધ્ય પ્રદેશ અને ગુજરાતનો સમાવેશ થાય છે. આ બધાની હાલત બેંગલુરું જેવી ન થાય તે માટે આપણે હવેથી પગલાં લેવા પડશે. ■

મસ્તરામની

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી

## ઊતરેલી કઢી જેવા મોઢા હોય તે પણ પૂછે છે,ઓળખો છો ને?



ચાલો, ઓળખવાની સિઝન શરૂ થઈ ગઈ છે. આજકાલ ખભ્ભે ખેસનો પાવર બહુ જોવા મળે છે. જેને જોવો તે તંગ ચહેરા સાથે ફરે છે. અમુકને તો બોલાવ્યા થતા નથી. ઘરે સચવાતા ન હોય એવા ને બજારમાં રમતા મુકી દીધા હોય છે. પોતાની શાંતિ માટે થઈને ગામની પથારી ફેરવે. હાલતા જાતા કૂતરાની પૂંછડી આમળે અને જો તમે ટપારો તો પહેલું વાક્ય કાઢે, ‘મને ઓળખશ હું કોણ છું?’

બોલો, બાજવું જ છે. કાં બાજ અને કાં બાજવા વાળો દે.

લોકોને દુઃખે છે પેટ અને કુટે છે (ક્યારેક તો બીજાનું!) માથું. નડતી હોય મોંઘવારી અને પાણો કૂતરાને મારે. એક તેલનો ડબ્બો લીધો હોય તો આખો દિવસ છોકરાવને વઢે રાખશે. ગેસનો સિલિન્ડર આવે તે દિવસ આપણે ફોન કરીએ તો વિરોધ પક્ષની જેમ વરસી પડે. પીધેલો પહેલવાન સ્કૂટર સાથે ભટકાય અને તેનું કાંઈ બગાડી ન શકવાનો ગુસ્સો શેરીમાં રમતાં નાનાં ભુલકાઓ પર નીકળે.

ઘણા લોકોને અમસ્તો અમસ્તો સીન નાખવાની આદત હોય છે. સાચે બનેલો આ કિસ્સો તમારી સાથે શેર કરું...

અમે ત્રણ -ચાર મિત્ર ગાડી લઈને બહારગામ જતા હતા. હાઈ-વે પર થોડો ટ્રાફિક જામ થયેલો જોયો એટલે સામાન્ય માણસની જેમ જ અમે પણ થોડો સમય ‘પોં.. પું..’ હોર્ન વગાડ્યા. પછી નીચે ઊતરીને જોયું તો બે વાહનવાળા ઝઘડતા હતા. સૌ અગત્યના કામ પડતા મુકીને લોકોને ઝઘડો જોવાની ખૂબ મજા આવે. અમે પણ એ જ કેટેગરીમાં.. મારી સાથે ચુનિયો ગુંદાના ઠળિયાની જેમ ચોટેલો જ હોય. એણે જોયું કે ઝગડવાવાળા થોડા સોફિસ્ટિકેટેડ અને દુબળા છે એટલે મને કહે : ‘તમે ખાલી મને ‘સાહેબ... સાહેબ’ કરજો બાકીનું હું સંભાળી લઈશ’. હું કશું બોલું તે પહેલાં તો બંનેની વચ્ચે પહોંચી અને બંનેને એક એક થપ્પડ મારી ગુસ્સો કરવા લાગ્યો. મારી સામું જોયું મેં તરત જ વચ્ચે પડી અને ચુનિયાને કહ્યું : ‘સાહેબ, રહેવા દ્યો હવે એવું નહીં થાય’. વાને કાળો પણ થોડો મજબૂત કાઠીનો એટલે ચુનિયો સાહેબ તો લાગે. અને પાછું મેં પણ વજનપૂર્વક ‘સાહેબ’ કહેલું સરવાળે બંને પાર્ટી પણ અચાનક આવી પડેલી સાહેબની થપ્પડથી ડઘાઈ અને પોતાની ગાડીમાં બેસી ગઈ અને ટ્રાફિક ક્લિયર થઈ ગયો !

આજ કાલ પોલિટિકલ પાર્ટીના કાર્યકરો જાણે એર કંપ્રેસરના વાલ્વ પર બેઠા હોય તેવી હાલતમાં હોય છે. જે નેતાના જોરે કૂદતા હોય છે અને સોશિયલ મીડિયામાં તે નેતાનો પક્ષ લઈ અને સારા માણસ સાથે પણ એના બાપુજી ને ગાળો દીધી હોય તેમ બાજી લે જીવનભર સામું જોયા ના સંબંધ ના રહે એવી હાલત થાય ત્યાં સુધી ઝગડી લે અને એક સવારે છાપું ઉઘાડે ત્યારે સમાચાર જાણવા મળે કે એના નેતા તો સામેના પક્ષમાં જોડાઈ ગયા છે...! નેતાએ તો થૂંકેલું ચાટવાનું હોય પણ સાથે આવા કાર્યકરો પણ થૂંકેલું ચાટવા મજબૂર થતા હોય છે ને તો’ય કહેશે : ‘હું કોણ છું ખબર છે?’

અમુક લોકો તો સવારમાં બજારમાં બાજવા-ઝગડવા માટે જ નીકળે છે. અમસ્તે અમસ્તા કતરાતા જાતા હોય. અમુક ‘વોટસએપ’ પરની પ્રજાતિઓને જ્યાં સુધી મોઢામાંથી ઝેર ન ઓકે ત્યાં સુધી મજા જ ન આવે.

એક ઘરમાં બનેલો કિસ્સો તમને જણાવું અમારા દિલાના દીકરાએ તો હદ કરેલી. એને ત્યાં એક વડીલ મહેમાન બની અને ગયેલા. ઘણા વડીલોને તેવી આદત હોય છે કે એ ઘરધણી સાથે ગાઢ સંબંધ ધરાવે છે, જૂના સંબંધ ધરાવે છે તેવું સાબિત કરવા માટે છોકરાઓ ને પૂછે :

‘તું મને ઓળખે છે? આ પ્રશ્ન પૂછવા પાછળ ઘરધણીએ એના દીકરાને પોતાની ઓળખાણ આપી છે કે નહીં તે જાણવાનો આશય હોય છે.અને જો વ્યવસ્થિત ઓળખાણ ન આપી હોય તો તે બહાને ઘરધણીને ખખડાવી શકાય. વડીલે દિલાના દીકરાને દિલની ફાંદ પરથી લિફ્ટ કરી ખોળામાં બેસાડી અને પૂછી લીધું : તને ખબર છે હું કોણ છું? તરત જ દીકરાએ ભોળાભાવે કહ્યું : ‘હા, મારા પપ્પા કહેતા હતા કે એક દોઢ ડાયા મહેમાન આવવાના છે. જલ્દીથી ચા પાઈને રવાના કરવાના છે’.

વડીલ ચા પીધા વગર નીકળી ગયા. દિલો કોઈ દિવસ લાભ વગર શરીર ને કષ્ટ ન આપે તે દિલો વાત વાળવાની કોશિશમાં શેરીના ખૂણા સુધી મહેમાનને મનાવવા દોડ્યો, પરંતુ દીકરાએ એવી ધારદાર રજૂઆત કરી હતી કે એના પ્રયત્નો વિફળ ગયા.

પોતાની જાતને જે ઓળખી ગયા હોય તે બીજાને ક્યારેય પુછતા નથી કે ‘હું કોણ છું તને ખબર છે’? ■

**વિચારવાયુઃ**

ખાતું ખોલાવવા માટે મારી અને તમારી પાસે ઓળખાણ માગતી SBI ને સુપ્રીમ કોર્ટે સાચી ઓળખ આપી દીધી..!

અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

## લા એસ્કાલાનાં યાદગાર બીચ, શિલ્પો અને સૂર્યોદય...



બાર્સિલોનામાં સિટી સેન્ટરથી નીકળવામાં એટલા બધા વન-વે આવ્યા કે ટૂરિસ્ટ બસના બદલે અહીં ગાડીમાં જ ચક્કરો મારી લીધાં હોત ચાલી જાય એવું લાગતું હતું. હજી સાંજ પડે તે પહેલાં લા એસ્કાલા પહોંચવું હતું. નાસ્તો અને પાણીનો સ્ટોક પૂરતો હતો, પણ સાંજે લા એસ્કાલા પહોંચીને બીચ પર લટાર મારવાની પણ લાલચ હતી. રસ્તામાં બાર્સિલોનાનો અર્બન વિસ્તાર ઘણો લાંબો ચાલ્યો. ખાસ તો રોવિરા રોડ જાણે આખા બાર્સિલોનાને બાથ ભરીને ઊભો હોય તેમ બંધાયેલો હતો. વળી કોઈ પણ મેટ્રોની જેમ એક પછી એક બ્રિજ આવ્યે જતા હતા. ગૂગલ મેપ્સ પર જે રસ્તો માંડ બે કલાકની ડ્રાઇવ બતાવતો હતો, ત્યાં ટ્રાફિકમાં જ કલાક નીકળી ગયો. પહેલાં દરિયા કિનારે સ્લો રસ્તા પર વ્યુ સાથે જવાનું વિચારેલું, પણ હવે એક વાર બહાર નીકળ્યા પછી સીધો હાઇ વે જ લઈને લા એસ્કાલા તરફ ગાડી મારી મૂકી.

બાર્સિલોનામાં ખુદ પોતાના ઘણા મજેદાર બીચ છે. તે પછી જે પણ શહેર કે ગામની પાછળ ‘માર’ આવતું ત્યાં દરિયો અને બીચ છે તે સમજી લેવું. મારી ઓફિસની હાલના પ્રોજેક્ટની ટીમ બાર્સિલોના નજીક જ સાન્ટ કુગાટ ટાઉનમાં બેઝ્ડ છે, પણ ત્યાં રહેતું કોઈ નથી. બધાં કાં તો બાર્સિલોનામાં રહે છે અથવા જીરોનામાં. જીરોના કાટાલોનિયાનો બાર્સિલોના પછીનો સૌથી મહત્ત્વનો રિજન છે. લા એસ્કાલા પણ જીરોનામાં જ આવેલું અને સ્પેનનું ખ્યાતનામ કોસ્ટા બ્રાવા પણ. એ લોકો જ્યારે મન પડે ત્યારે બે કલાકની ટ્રેન લઈને કોસ્ટા બ્રાવા પહોંચી જતાં. તેમની પાસેથી બધાંની મનપસંદ જગ્યાઓનું લિસ્ટ પણ મળ્યું હતું. સાથે કુમારનું રિસર્ચ તો ખરું જ. એવામાં લા એસ્કાલા જીરોના રિજન જોવા માટે સૌથી મોકાની જગ્યા પુરવાર થઈ.

હોટલ પહોંચ્યાં, સામાન રૂમ પર મૂક્યો અને ચાલવા નીકળી પડ્યાં. એક તરફ લા એસ્કાલા ગામનું સેન્ટર હતું અને બીજી તરફ ત્યાંનાં બીચ અને આર્કિયોલોજિકલ સાઇટ. તેના પ્રોમોનાડનો એક હિસ્સો હાઇટ પર હતો. ત્યાં હારબંધ સ્થાનિક રેસ્ટોરાંની લાઇન પણ લાગેલી હતી. એટલું જ નહીં, ગામમાં પ્રવેશતાની સાથે જ એક મ્યુઝિક બેન્ડ વાજિંત્રો લઈને કોન્સર્ટ આપવા તૈયાર હોય તેવી રીતે એક ગ્રુપ સ્ટેચ્યૂ બરાબર પ્રોમોનાડ પર ગોઠવાયેલું હતું. તેમની પાછળ સીધો દરિયો હતો. ખાસ તો ટેકરી પર થઈને દરિયા તરફ જતો રસ્તો આ શિલ્પ પાસે આવીને અટકતો. અહીંથી કાં તો લેફ્ટમાં રેસ્ટોરાં તરફ જવાતું અથવા રાઇટમાં અમારી હોટલ, બીચ અને લા એસ્કાલાના સિટી સેન્ટર તરફ જવાતું. પાછળ હતો દરિયો. અમે આ જ રસ્તે ચાલીને નીકળ્યાં. રેસ્ટોરાં તરફ ગયાં. ત્યાં વચ્ચે વચ્ચે થોડી સુવિનિયર શોપ્સ પણ હતી.

આખો દિવસ બાર્સિલોનામાં ફર્યા પછી અહીં આગળ લાંબું ચાલવાનું તો શક્ય ન બન્યું, એટલે પહેલી સાંજ તો તે પ્રોમોનાડની બેન્ચ પર જ વીતી. કોઈ પણ રસ્તે જાઓ, દરિયો તો સાથે જ આવતો હતો. લા એસ્કાલાને વિગતે જોવાનું તો પ્લાનમાં હતું જ. એક દિવસ થોડા કલાકો તો ત્યાંનાં મેઇન બીચ પર જ વિતાવવાનો પણ મેળ પડ્યો હતો. ઘણાં ટૂરિસ્ટિક બીચ પર પહેલાં જવાનું બન્યું છે, પણ જીરોનાના બીચ એટલા સ્થાનિક લોકોથી ભરપૂર હતા કે અહીં લોકો દરિયા કિનારે બેસવાની ખુરશીઓ પણ ઘરેથી લાવતાં હતાં. ત્યાંનો લોકલ ફ્લેવર જરા અલગ જ મજા કરાવે તેવો હતો. એક દિવસ એક માજી તો મેટલની ખુરશી મોજાની વચ્ચે લઈને બેસી ગયેલાં. અહીં બીચ સાવ છીછરો અને જલસા કરાવી દે તેવો હતો. અહીં ટૂરિસ્ટ તો ઘણાં હતાં, પણ મોટા ભાગનાં કાં તો સ્પેનિશ હતાં અથવા નજીકનાં ફ્રેન્ચ બોર્ડરથી ડ્રાઇવ કરીને આવેલાં. અહીં મોટાભાગના બીચ પર લાઉન્જ વગેરે ન હતાં, લોકો બેસવાની વ્યવસ્થા સાથે જ લઈને આવતાં હતાં.

પ્લાયા ડે રિએલ્સ નામે આ બીચ તરફ જતાં વધુ સુંદર સ્ટેચ્યૂ પણ રસ્તામાં આવતાં. નજીકમાં જ લા એસ્કાલાનું પોર્ટ પણ હતું. અહીં હોટલ પર રોકાયાં ત્યાં સુધી રોજ સવારે નજીકની કોઈ મજેદાર જગ્યા જોવા નીકળી પડતાં, પણ સાંજ પડ્યે લા એસ્કાલામાં થાક ઉતારવા મળતો. કોઈ વાર ચાલીને લા પ્લાત્યાના ટચૂકડા બીચ તરફ જતાં. અને એક દિવસ જરા વધુ હિંમત કરીને એમ્પુરિયેસ બીચ અને આર્કેયોલોજિકલ મ્યુઝિયમ સુધી પણ જઈ આવેલાં.

આ ગામની ઘણી ખાસિયતો છે. તેમાં એક એ પણ છે કે અહીં ઐતિહાસિક સ્તરે લોકપ્રિય સારડીન માછલીનું ફિશિંગ થતું અને તેને ખાસ સોલ્ટમાં પ્રિઝર્વ કરવાની ટેકનિક વિકસાવવામાં આવી હતી. તે બધું અમને તેના મ્યુઝિયમમાં જોવા મળ્યું. ગામનું ટેમ્પરામેન્ટ અત્યંત શાંતિ અને રિલેક્સેશન વાળું હતું.

તેમાં અમે હોટલમાં જ બ્રેકફાસ્ટ અને ડિનર મળે તેવું પેકેજ લીધેલું. ત્યાં સાંજ પડ્યે રોજ કોઈ અલગ પ્રકારનો પાયેયા ચાખવા મળતો. અને હોટલ આમ ત્યાં ખાસ્સી જાણીતી હતી, પણ તેનું સંચાલન કોઈ પરિવાર કરતો હોય તેવું લાગ્યું. રિસેપ્શન પર બેઠેલા સ્ટાફને બાદ કરતાં ભાગ્યે જ કોઈ અંગ્રેજી બોલતું. છતાંય ત્યાં રોજ અમને જમવાના સમયે બધું સંચાલન કરતાં બહેન અત્યંત મજાથી જમાડતાં. જમવાનું સાવ ફિક્કું રહેતું એટલે અમે સ્થાનિક માર્કેટથી હોટ સોસ લઈને આવેલાં. રોજ જમવામાં થોડી તીખાશવાળો કંઇક મસાલો મળે તો જરા સંતોષ થતો.

લા એસ્કાલામાં એક સવારની વોક પર એવો સૂર્યોદય જોવા મળેલો જે ભાગ્યે જ કદી ભૂલી શકાશે. તેનાં ઘણાં વીડિયો અને ફોટા છે, પણ તેને યાદ કરવા માટે તેને જોવાની કદી જરૂર ન પડે. તે સવાર હવે કોર મેમરીનો ભાગ બની ગઈ છે. સ્પેનમાં તે સમયે દુકાળની પરિસ્થિતિ હતી. સપ્ટેમ્બર એન્ડમાં પણ ઘણી ગરમી હતી અને મારાં કોલિગ મિત્રોએ કહેલું કે આખું કાટાલોનિયા વરસાદની રાહ જોઈ રહ્યું છે. તે સવારે સૂર્યોદય જોઈ પાછાં ફરતાં મજાનું ઝાપટું આવ્યું હતું. હવામાન ખુશનુમા થઈ ગયું હતું. જાણે લા એસ્કાલા અમને મજા કરાવવાનો ખાસ પ્રયત્ન કરી રહ્યું હોય તેવું લાગતું હતું. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| બોઘરણું | બખોલ |
| બોચિયું | ઊંટનું બચ્ચું |
| બોડ | વાંસની ટોપલી |
| બોતડું | મૂર્ખ |
| બોત | ઘડો |

## ઓળખાણ પડી?



ચોખાનો લોટ, બટાકા, બદામ અને ગોળના સંયોજનથી તૈયાર થતી પિઠા નામની વાનગી કયા રાજ્યની સ્પેશિયાલિટી છે એ કહી શકશો?

અ) પંજાબ બ) રાજસ્થાન ક) ઓડિશા ડ) ઝારખંડ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ તા | ૨ બ | ડ | ૩ તો | બ | | ૪ લો | ૫ ક | ૬ શા | ૭ હી |
| ૮ ડ | ગ | | ર | | ૯ ભ્ર | | ૧૦ મા | ખ | ણ |
| ૧૧ ગો | લ | ૧૨ ક | | ૧૩ સ્ર | ષ્ટા | | ના | | પ |
| ળા | | ૧૪ પા | ૧૫ ક | | ૧૬ ચા | ૧૭ ક | ર | | ત |
| | ૧૮ અ | સ | ર | ૧૮-અ કા | ર | ક | | ૧૯ પા | |
| ૨૦ વિ | જ | | ૨૧ ક | ળા | | ળા | | ૨૨ ન | ૨૩ વા |
| સ્તુ | | | સ | | ૨૪ બ | ટ | ૨૫ ર | | ર |
| ત | | ૨૬ સ | ર | હ | દ | | ૨૭ સ | હ | સા |
| | ૨૮ હ | દ | | | ૨૯ ના | હ | ક | | ગ |
| ૩૦ ગ | ર | મા | ગ | ર | મ | | ૩૧ સ | ત | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | | |
| ૬ | | | | ૭ | | | | | ૮ |
| | | | | | | ૯ | | ૧૦ | |
| ૧૧ | ૧૨ | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | |
| | | | ૧૬ | | | | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | | | ૨૦ | ૨૧ | | | |
| ૨૨ | | | | ૨૩ | | ૨૪ | | | ૨૫ |
| | | ૨૬ | | | ૨૭ | | | | |
| | ૨૮ | | | ૨૯ | | | | ૩૦ | |
| ૩૧ | | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. વ્યવસ્થા, સગવડ, બંદોબસ્ત (૪)
૪. છૂટ, મોકળાશ (૪)
૬. ચાંદી (૩)
૭. નામની પાછળ લાગે (૩)
૯. ઉપરા છાપરી, એક પછી એક (૪)
૧૧. ધૂળ (૨)
૧૩. અચાનક, ઓચિંતુ, એકદમ (૪)
૧૫. મેળામાં જોડિયા ---- વાગે (૨)
૧૬. કરનાર, કરાવનાર (૩)
૧૭. એક બ્રહ્મર્ષિ (૩)
૧૯. સંભવ, આશા, ઉમેદ (૨)
૨૦. આકર્ષવું (૪)
૨૨. શિવશંભુ (૨)
૨૪. રક્તવર્ણી (જો.છૂ.) (૨)
૨૬. ઓરમાન મા (૪)
૨૯. ભોજન પીરસવાનું પાત્ર (૨)
૩૦. સોગંદ (૨)
૩૧. જેનો પાર નથી તે (૫)
૩૨. નોતરું, બોલાવવું તે (૪)

**ઊભી ચાવી**

૧. જોરવાળું, જબરજસ્ત (૪)
૨. હાથી (૨)
૩. ઊભા રહો તો કહું ---- - બિહારીલાલ (૩)
૪. મોકળાશ, રજા, સ્વતંત્રતા (૨)
૫. ઘડિયાળની અવાજ (૪)
૭. હક, પાત્રતા, સત્તા (૪)
૮. સામાન્ય નિયમમાં બાધ, નિંદા (૪)
૧૦. ટકોર કરવી (૪)
૧૨. એક ધાન્ય (૨)
૧૩. એકલો (૩)
૧૪. સાથી વિનાનો (૩)
૧૭. પતિ (લાલિત્યવાચક) (૪)
૧૮. ---- કરવું એટલે સ્વીકારવું (૩)
૨૧. એક શસ્ત્ર (૨)
૨૩. પતિ (૪)
૨૫. સલાહ (૪)
૨૭. મેડો, મજલો, માળા (૨)
૨૮. પિતા (૨)
૩૦. ટર્મ, ક્ષેત્ર, યજ્ઞ (૨)

## ગુજરાત મોરી મોરી રે

રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં થઈને વહેતી સૌરાષ્ટ્રની સૌથી મોટી નદીનું નામ જણાવો. ૧૯૫૮ અને ૧૯૬૮માં આ નદીમાં ભારે પૂર આવ્યા હતા.

અ) શેત્રુંજી બ) હીરણ ક) નાગમતી ડ) ભાદર

## જાણવા જેવું

એવું કહેવાય છે કે ખચ્ચરમાં નર માદા હોય છે, પરંતુ તેઓ પોતાની ઓલાદ વધારી શકતા નથી. એટલે ઘોડી - ગધેડો અથવા ઘોડો - ગધેડીથી એને જન્મ મળે છે. દીર્ઘજીવી હોય છે, બીમાર ઓછું પડે છે અને પરિશ્રમ વધારે કરી શકે છે. ઘોડાની માફક તે સમજદાર હોય છે. ઊંચીનીચી જમીન ઉપર તેના પગ મજબૂત બેસે છે. આ પ્રાણી ગધેડાની માફક ભાર ઉપાડવાના કામમાં આવે છે.

## સુડોકુ-૫૦૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૭ | ૨ | | | | | |
| | | | | ૪ | ૭ | | | |
| | | | ૬ | | | ૩ | ૮ | |
| | | | ૭ | | | | | ૧ |
| ૭ | | ૮ | | | | ૨ | | ૪ |
| ૬ | | | | | ૧ | | | |
| | ૩ | ૪ | | | ૮ | | | |
| | | | ૪ | ૬ | | | | |
| | | | | | ૯ | ૧ | ૪ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૫ | ૮ | ૭ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૬ | ૯ | ૫ | ૮ | ૭ |
| ૨ | ૭ | ૮ | ૪ | ૩ | ૫ | ૧ | ૯ | ૬ |
| ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૯ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૯ | ૭ | ૧ | ૩ | ૨ | ૬ | ૮ |
| ૮ | ૬ | ૨ | ૯ | ૫ | ૪ | ૭ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ | ૭ | ૯ |
| ૯ | ૮ | ૬ | ૧ | ૪ | ૭ | ૩ | ૫ | ૨ |
| ૭ | ૨ | ૩ | ૫ | ૯ | ૬ | ૮ | ૧ | ૪ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

મેદાનમાં અને ઇન્ડોર સ્ટેડિયમમાં અનેક રમત રમાતી હોય છે. અહીં આપેલા વિકલ્પમાંથી કઈ રમતમાં બોલનો ઉપયોગ નથી થતો એ યાદ કરીને જણાવો.

અ) હેન્ડબોલ
બ) ટેનિસ
ક) રોલર સ્કેટિંગ
ડ) હોકી

## નોંધી રાખો

જીવનની અભરાઈ ઉપર ઈશ્વર સંદર્ભ ગ્રંથ તરીકે કાયમ હાજર હોય છે. એ હંમેશાં હાથવગો હોય છે, પણ આપણે ભાગ્યે જ એ ગ્રંથ ઉઘાડી ઉપયોગ કરીએ છીએ.

## માઈન્ડ ગેમ

વિદ્યાભ્યાસ સાથે સંબંધ ધરાવતી અનેકવિધ શાખાઓ ઉપલબ્ધ છે. Oceanography નામની શાખા શેના અભ્યાસ સાથે સંબંધ ધરાવે છે એ કહી શકશો?

અ) સરોવર બ) સરિતા
ક) સમુદ્ર ડ) વાદળા

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખટરાગ | કુસંપ |
| ખટાવવું | લાભ કરી આપવો |
| ખડ | ઘાસ |
| ખડતલ | મજબૂત |
| ખફગી | નાખુશી |

**ગુજરાત મોરી મોરી રે**
પંચમહાલ

**ઓળખાણ પડી**
હરિયાણા

**માઈન્ડ ગેમ**
માનવશાસ્ત્ર

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
રશિયા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વૈદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રદ્ધા આશર (૬) ધીરેન્દ્ર ઉદ્દેશી (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) અલકા વાણી (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) મહેન્દ્ર લોઢાવિયા (૧૨) મીનળ કાપડિયા (૧૩) વિભા મહેશ્વરી (૧૪) પુષ્પા પટેલ (૧૫) હર્ષા મહેતા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) અબદુલ્લા એફ. મુનીમ (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) સુરેખા દેસાઈ (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) અબદુલ્લા એફ. મુનીમ (૨૬) નંદકિશોર સંજાણવાળા (૨૭) પ્રવીણ વોરા (૨૮) જગદીશ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) ભાવના કર્વે (૩૧) રજનીકાંત પટવા (૩૨) સુનીતા પટવા (૩૩) મહેશ દોશી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) અંજુ ટોલિયા (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) દિલીપ પરીખ (૩૯) પુષ્પા ખોના (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શિલ્પા શ્રોફ (૪૩) નિતીન બજરિયા (૪૪) નીતા દેસાઈ (૪૫) અરવિંદ કામદાર (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હિના દલાલ (૫૦) રમેશ દલાલ

## ટૂંકી વાર્તા (સાતમા પાનાનું ચાલુ)

લીધી કે હવે અરૂણ નહીં, તો બીજો કોઇ જ નહીં. ભલે આ કાચા એકલતા અને ઉદાસીની આગમાં બળીને રાખ થઇ જતી. છતાં હઠ ત્રણ વર્ષ જ ચાલી. ત્રીજા વર્ષે પપ્પાએ રીતસર ત્રાગું કર્યું. આપઘાતની ધમકી સુદ્ધાં આપી દીધી. એમની સામે નમતું જોખવું પડ્યું.

અને ગૌતમ આવ્યો.

કોઇ સૂસવાટા મારતા પવનની જેમ આવ્યો ગૌતમ! બે વર્ષમાં અરૂણ નામના શબ્દને તેણે કેટલોય દૂર ફંગોળી દીધો. છતાં અંધારી રાતે ચમકતા નાનકડા તારાની જેમ દૂર દૂર ઝબુક્યા કરે છે. લાખ ઇચ્છા છતાં અરૂણ ભુલાતો નથી.

હવે રહી રહીને એવું લાગે છે તે ગૌતમને અન્યાય કરી રહી છે. એક પ્રેમાળ પુરુષને, એક વફાદાર પતિને છેતરી રહી છે.

રૂપલે જરા ચમકીને ઘડિયાળ સામે જોયું. સાડા ચાર થવા જતા હતા. ઘેરાયેલાં વાદળને કારણે સાંજ થઇ ગયા જેવું લાગતું હતું. રૂપલને યાદ આવ્યું કે, સવારે જતી વખતે ગૌતમ કહેતો ગયો હતો- આજે બહાર જમશું. લોંગ ડ્રાઇવ પર જશું. આવું ત્યારે તૈયાર રહેજે, અને હા મારી પસંદની પેલી મોરપીચ્છ કલરની સાડી પહેરજે. હોં ને! બારી બંધ કરી રૂપલ નીચે આવી. શાવર ચાલુ કરતા પહેલાં તેણે પોતાના કમનીય અનાવૃત દેહને જોયા કર્યું. આ એજ શરીર છે જેને જોઇને ગૌતમ પાગલ થઇ જાય છે. આ શરીરના અણુએ અણુમાં પ્રવેશી ચુક્યો છે. ગૌતમ. અરૂણ સાથે જે માત્ર કલ્પનાઓ હતી. ગૌતમ એ હકીકત છે. હવે આ બધું માત્ર ગૌતમનું જ છે. ના. હવે ગૌતમ સિવાય કશું યાદ રાખવું નથી. બધું ભૂલી જવું છે. બસ મારો ગૌતમ ખુશ રહેવો જોઇએ. તે નિરાંતે નહાઇ. આજે તેને તૈયાર થવું ગમ્યું. તેણે નક્કી કર્યું કે બધું જ ગૌતમની પસંદનું હોવું જોઇએ. તેણે ગૌતમની પસંદના વાળ ઓળ્યા. નહીં ચપ્પટ, નહીં ઢીલા કાન પર રહે એવા. રીંગ ઉતારી ઝુમ્મર પહેર્યા. ઝુમ્મર ગૌતમની જ પસંદ હતી. મોરપીચ્છ રંગની સાડીમાં તેનું દેહલાલિત્ય ખીલી ઉઠ્યું. બેડરૂમના ફુલસાઇઝના અરીસા સામે ઊભા રહી તે પોતાને જ જોઇ રહી. એના હોઠ પર આછો મલકાટ આવ્યો. એને થયું- આજે ગૌતમને સંભાળવો મુશ્કેલ થશે.

સાડા પાંચ થઇ ગયા. અત્યાર સુધી ગૌતમ આવી જવો જોઇતો હતો. બહાર ધીમા ધીમા છાંટા પડવા શરૂ થઇ ગયા હતા. લગભગ છ વાગ્યા સુધી તે ઓરડામાં ટહેલતી રહી. તે ગૌતમને ફોન કરવાનું જ વિચાર કરતી હતી ત્યાં જ ગૌતમનો ફોન આવ્યો.

-રૂપલ સોરી યાર. આજે મોટું થશે. હું રસ્તા પર અટવાયો છું એક એક્સિડેન્ટને કારણે ટ્રાફીક જામ થઇ ગયો છે.

ફોનમાં હોર્નના એટલા બધા અવાજો આવતા હતા કે રૂપલ સરખું સમજી નહીં. તેણે પૂછ્યું- શું થઇ ગયું છે ગૌતમ?

-રૂપલ રસ્તા પર એક્સિડેન્ટ થયો છે.

એક્સિડેન્ટ શબ્દ સાંભળી રૂપલની નાભિમાંથી નીકળેલું ભયનું લખલખું આખાય શરીરમાં ફરી વળ્યું.

-કોનો એક્સિડેન્ટ થયો છે?

- કોઇ બાઇકસવાર છોકરો છોકરી ટ્રકને અડફેટે ચડ્યા છે. છોકરો મરી ગયો છે. છોકરીને વાગ્યું નથી પણ શોકને કારણે તે બેભાન બની ગઇ છે. થોડીવાર પહેલા જ બેયને હોસ્પિટલે લઇ ગયા. એક ટ્રક આડી રહી ગઇ છે. પોલીસ જામ ખોલવાની ટ્રાય કરે છે મને તારી પાસે દોડી આવવાનું મન થાય છે.

ફોન કપાઇ ગયો.

બહાર ઝરમર વરસાદ શરૂ થઇ ગયો હતો. સૂરજ ડૂબવાને હજી વાર હતી તોય અંધારા જેવું લાગતું હતું. ઘેર આવી ગયેલા ગૌતમે કેટલીય વાર હોર્ન વગાડ્યું પણ હંમેશની જેમ રૂપલ ગેઇટ ખોલવા બહાર ન આવી. દોડતો હોય તેમ ગૌતમ અંદર ધસી આવ્યો. - કેમ લાઇટ નથી કરી રૂપલ? કહેતાં ગૌતમે સ્વીચ ઓન કરી. રડી રડીને થાકી ગઇ હોય તેમ રૂપલ સોફા પર ઢગલો થઇને પડી હતી. તેમે કાળા રંગનો ગાઉન પહેર્યો હતો. મોરપીચ્છ રંગની સાડી સોફા પર જ અસ્તવ્યસ્ત પડી હતી.

-અરે? અરે? શું થયું? તું આટલું રડી છે શા માટે? મને મોડું થયું એટલે નારાજ છો? અરે સોરી યાર. હું શું કરું? એક્સિડેન્ટ બહુ જ ખરાબ હતો, અને માય ગોડ એ છોકરાનું આખું બોડી... યાર હું જોઇ શક્યો નહોતો.

ગૌતમ આગળ કંઇ બોલે તે પહેલા રૂપલ ગૌતમની ડોકે વળગીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. બહાર વીજળીનો આછો ચમકારો થયો. વરસાદ જરા તેજ થયો. ગૌતમને સમજાતું ન હતું કે તે રૂપલને કેમ સંભાળે. કોઇના મોત પર રડતી હોય તેમ રૂપલ રડતી હતી.

ગૌતમે તેને રડવા દીધી. તે રૂપલની પીઠ પર હાથ ફેરવતો રહ્યો. ખાસ્સીવારે રૂપલના ડૂસ્કાં શમ્યા ત્યારે ગૌતમે તેને હળવેથી પૂછ્યું- રૂપલ મને કહીશ કે તું આટલું શા માટે રડી રહી છે?

કોઇ ડરી ગયેલી બાળકીની જેમ રૂપલ ગૌતમને જોઇ રહી. તેને પહેલીવાર ગૌતમની આંખો જોઇ જુદી જાતની ચિંતા થઇ. તેણે ગૌતમને કદી આટલી હદે ગંભીર જોયો નહોતો. તેણે માથું નીચું ઢાળી દીધું.

રૂપલ હું માનું છું કે એવી કોઇ વાત છે જે તને ખટકે છે. તું એ વાતને ભુલી શક્તી નથી અને કહી શક્તી નથી. પણ આજે કહી દે પ્લીઝ.

રૂપલે ધીમે રહીને કહ્યું- ગૌતમ મને સમજાતું નથી કે તમને કઇ રીતે કહું. તમને કહ્યા પછીની કલ્પનાથી ડરી જાઉં છું. ગૌતમ હું તમને ખોવા નથી માગતી.

-ઓહ! યાર. એમા ખોવાની વાત ક્યાં આવી? અરે હું તારા વગર એક દિવસ પણ રહી શકું તેમ નથી. તને એવું શા માટે લાગે છે કે એ વાત કહ્યા પછી કંઇક થશે?

રૂપલના ગળામાં ભયંકર અટકાવ આવ્યો. તેના હોઠ ધ્રૂજતા રહ્યા. બહાર આવતા શબ્દો એના ગળામાં અટવાઇ રહ્યા. તેણે માથું ધુણાવતા કહ્યું - પ્લીઝ એ વાત જવા દે. ચાલી આપણે બહાર જઇએ. આજે પહેલો વરસાદ ઉજવવો નથી?

-ના. તારી આવી હાલતમાં મને કંઇ જોઇતું નથી. મારા માટે તું અને તારી ખુશી સિવાય કશું અગત્યનું નથી, અને હા, વાત નીકળી જ છે તો તને કહી દઉં કે તું ભલે મને ન કહે. પણ હું બધું જાણું છું. તું શા માટે થોડા થોડા દિવસે ઉદાસ થઇ જાય છે. શા માટે અચાનક તારું શરીર ઠરી જાય છે. તું રજા આપે તો હું આખી વાત તને કહું. તારી ઉદાસી મને વિંધી નાખે છે રૂપલ!

રૂપલ ફાટી આંખે ગૌતમને જોઇ રહી.

ગૌતમે રૂપલના બેય હાથ પકડતાં કહ્યું. -મારી રૂપલ, મને એ તો કહે કે બે વર્ષ મારી સાથે વિતાવ્યા પછી પણ તને વિશ્વાસ નથી બેસતો કે તું તારા મનની વાત મને કહે. શું તને એવું લાગે છે કે તારો ભૂતકાળ જાણ્યા પછી હું તને છોડી દઇશ કે તારાથી મોં ફેરવી જઇશ? તને એવુંય થાય છે ને કે તું મને છેતરી રહી છો? ના, તું મને જરાય છેતરતી નથી પણ અંદર ને અંદર પીડાઇ રહી છો. જે મારાથી જોઇ શકાતું નથી. રૂપલ હું બધું જ જાણું છું. તને અરુણની યાદ આવે છે ને?

રૂપલે ડરેલી આંખે ગૌતમ સામે જોઇ રહી. પછી ધીમા સ્વરે પૂછ્યું. - તમે જાણો છો મારા વિશે? અને કેટલું જાણો છો?

મારી જાન બધું જ જાણું છું! તું અને અરુણ એક બીજાને ખૂબ પ્રેમ કરતા હતા. એક દિવસ બેય સાથે હતા અને તમારા બાઇકને ટ્રકની ઠોકર વાગી. અરુણનું મૃત્યુ થયું. તને ખૂબ જ આઘાત લાગ્યો. તેં ન પરણવાનું નક્કી કરી લીધેલું.

-પ્લીઝ ગૌતમ મને એ બધું ન કહો. પ્લીઝ ન કહો. મેં તમારો વિશ્વાસઘાત કર્યો છે. મારે તમને બધું કહી દેવું જોઇતું હતું. ભલે તમે બધું જાણતા હતા. મેં તમને છેતર્યા છે.

-હા, મને એવું હતું કે એક દિવસ તું મને બધું કહી દઇએ. તું કહીશ તો તારા મનના ઉંડાણમાં પડેલી વાતો બહાર આવી જશે અને તું હળવી થઇ જઇશ. તું એટલી પીડાતી રહી પણ મને ના કહ્યું. તને ઉદાસ જોઇ મારો જીવ કપાઇ જાય છે. હવે એ બધું ભૂલી જા. એમાં તારો કંઇ જ દોષ નહોતો. અરુણના મૃત્યુ માટે તું જવાબદાર નથી. એ એક એક્સિડેન્ટ હતો. જસ્ટ એન એક્સિડેન્ટ!

આહ! ગૌતમ! પણ તમને આ બધું કોણે કહ્યું? અને બધું જાણતા હોવા છતાં તમે મારી સાથે લગ્ન કરવા તૈયાર થયા?

-હા, કારણ કે તને પહેલીવાર જોઇ ત્યારે જ મેં નક્કી કરી લીધું હતું કે લગ્ન તારી સાથે જ કરીશ. મારા એક ફ્રેન્ડની પ્રેમિકા વીણા તારી ફ્રેન્ડ નીકળી. એના દ્વારા જ બધું ગોઠવાયું. મેં જ્યારે એને કહ્યું કે મને રૂપલ જ જોઇએ. ત્યારે તેણે ગંભીર થઇને કહેલું કે, રૂપલના મનને મોટો આઘાત લાગેલો છે. એ ન પરણવાની હઠ લઇને બેઠી છે. પછી તેણે અરુણના એક્સિડેન્ટની વાત કહી. મને કોઇ પણ હિસાબે તું જોઇતી હતી. મેં વિણા દ્વારા જ તારા મમ્મી પપ્પા સુધી વાત પહોંચાડી. તારા પપ્પાને આપઘાતવાળી ધમકીનું પણ વિણાએ જ સમજાવેલું. વિણાની એ યુક્તિ કામ કરી ગઇ. એટલે તો મને રૂપલ મળી. મેં નક્કી કરેલું કે તારા મન પર પહેલો આઘાત મારા પ્રેમથી ધોઇ નાખીશ. મારો પ્રેમ તને બધું ભુલવાડી દેશે. પણ મને અફસોસ એ છે કે તેં સામેથી ન કહ્યું. રૂપલ મારા પ્રેમમાં હજુ કંઇ ખૂટે છે?

રૂપલની આંખોમાંથી ફરી એકવાર આંસું વહી નીકળ્યા. તે રડતા રડતા જ બોલી- પ્લીઝ મને માફ કરો ગૌતમ. મને બહુ જ ગીલ્ટી ફીલ થાય છે. -અરે યાર! ફરગેટ ઇટ! આજે મોસમનો પહેલો વરસાદ પડી રહ્યો છે. ચાલ તૈયાર થા. આપણે બહાર જઇએ.

ગૌતમ ઊભો થાય તે પહેલા રૂપલ તેને વળગી પડી. બહાર વીજળીના જોરદાર કડાકા સાથે વરસાદ શરૂ થયો. ■

## ઝાકળની પ્યાલી (સાતમા પાનાનું ચાલુ)

તું મને આ રીતે ક્યાં સુધી કડવા જવાબો આપતી રહીશ? હું પર્વત અને જંગલમાં આમતેમ ભટકી રહ્યો છું અને ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડતો રહ્યો છું. તારા વગર મારું ઘર પણ હવે રહેવા લાયક રહ્યું નથી.

***કલ તલક હોતી થી કુછ નબ્ઝ મેં ગરમી મહસૂસ,***
***આજ તો નબ્ઝ હી હોતી નહીં અપની મહસૂસ.***

ગઇ કાલ સુધી તો નાડમાં કંઇક ગરમી જણાતી હતી. આજે તો નાડી છે કે નહીં તેનો અનુભવ જ થતો નથી. યુવાની અને ઘડપણ -બે વચ્ચેનો તફાવત શાયરે સરસ રીતે અહીં વ્યક્ત કર્યો છે.

***સભૂ સે બોલતા હૈ, પર મુઝી સે***
***નહીં કુછ બોલતા, ક્યા જાને ક્યા હૈ?***

તું (સનમ) બધા સાથે વાતચીત કર્યા કરે છે પણ મારી સાથે તો તું કશું બોલતી નથી. (કોણ જાણે તારા આ પ્રકારના વર્તનમાં કયું રહસ્ય છુપાઇને પડયું છે.)

'દેખતે હૈ' રદીફ (અનુપ્રાસ) પર લખાયેલી તેમની એક ગઝલનું હવે રસદર્શન કરીશું.

જહાં તગ ઉસ કી અલમ દેખતે હૈં,
વહાં અપના સર હમ કલમ દેખતે હૈં,

હું જયાં તેમની પીડાની તલવાર જોઉં છું ત્યાં મને મારું માથું જાણે કપાઇ ગયું હોય તેવો ભાસ થાય છે.

જો જલવા સનમ તુઝમેં હમ દેખતે હૈ,
ખુદા કી ખુદાઇ મેં કમ દેખતે હૈ.

ઓ પ્રિયતમા! તારામાં જે તેજની આભા મને દેખાય છે તે ખુદાએ બનાવેલી દુનિયામાં મને ઓછી માત્રામાં વરતાય છે.

ગુઝરતે હૈં સૌ સૌ ખયાલ અપને દિલ મેં,
કિસીકા જો નકશે. કદમ દેખતે હૈ

અમને જો કોઇના પગલાંના નિશાન જોવા મળે છે ત્યારે (સારા-નરસા) સેંકડો વિચારો હૃદયમાંથી પસાર થઇ જાય છે.

બુતોં કી ગલી મેં શબો-રોઝ 'આસફ'
તમાશા ખુદાઇ કા હમ દેખતે હૈં.

ઓ 'આસફ'! સનમ-સજનીની ગલીમાં તો અમને રાત-દિવસ (તારી) દુનિયાનો તમાશો (સતત) જોવા મળે છે.

## સ્થાપત્યનું વાઈ-ફાઈ (સાતમા પાનાનું ચાલુ)

જ વ્યક્તિની પસંદગી, મૂલ્યો તથા અગ્રતાક્રમ જાણી શકાય - પણ જો એ પ્રમાણેની રચના કરવામાં આવી હોય તો. એમ ન કરવામાં આવ્યું હોય તો પણ વ્યક્તિની ઘણી બાબતો તેના આવાસની મુલાકાતથી ખબર પડી શકે. આવાસની રચનામાં સાવચેતી રાખવી પડે.

આજના સમયમાં કુટુંબ ભલે વિભાજિત થઈ જતું હોય, પણ આવાસની રચના એ રીતની હોવી જોઈએ કે ત્યાં રહેનાર દરેક વ્યક્તિ અન્ય સાથે તાલમેલ મેળવી એકરાગતા જાળવી રાખે. આવાસ એવું ન જોઈએ કે વ્યક્તિ-વ્યક્તિને વિભાજિત કરી દે. આવાસમાં બહુઉપયોગી સામાન્ય સ્થાનનું નિર્ધારણ વ્યૂહાત્મક સ્થાને અસરકારક રીતે થવું જોઈએ. જેનાથી વ્યક્તિ વચ્ચેનું તંદુરસ્ત સમીકરણ શક્ય બને, પરસ્પરનો સંપર્ક વધે, એકબીજાની પરિસ્થિતિ ધ્યાનમાં રહે અને તે મુજબ વ્યક્તિ તથા પરિસ્થિતિને સાચવી લેવાય. આવાસની રચનામાં કૌટુંબિક સમીકરણોની જાળવણી બહુ જરૂરી છે

એમ જણાય છે કે કુટુંબમાં જ્યારે શુભ પ્રસંગ હોય તો આવાસ પણ શુભતા ધારણ કરે, અને કુટુંબમાં જ્યારે કંઈ મરણ થયું હોય ત્યારે એમ જણાય કે આવાસ પણ સ્વયં રડી રહ્યું છે. જન્મ દિવસના પ્રસંગે આવાસ નવા જ રંગ રૂપ ધારણ કરી તે પ્રસંગમાં સંમેલિત થાય અને કુટુંબમાં જો કોઈ માંદગી આવે તો આવાસ સ્વયં જાણે સ્વચ્છતા ધારણ કરી લે. લગ્ન પ્રસંગે આવાસ જાણે લગ્ન માટે તૈયાર થતું જણાય. આવાસ તે કુટુંબની પરિસ્થિતિને પ્રતિભાવ આપતું અસ્તિત્વ છે. તેની રચનામાં જુદા જ સ્તરની સંવેદનશીલતા અને સર્જનાત્મકતા જરૂરી છે.

આજના સંદર્ભમાં આવી જરૂરત પ્રત્યે વધારે અને સ્પષ્ટતાથી પ્રતિભાવ આપવાની જરૂર છે. માનવીના જીવનની ગુણવત્તા વધારવા માટે આવાસની રચનામાં સંવેદનાઓ વણાઈ જાય તે ઇચ્છનીય છે. ખાસ કરીને શહેરી વિસ્તારમાં જ્યાં આવાસને એક સગવડતાવાળા ડબ્બા તરીકે લેખવામાં આવે છે ત્યાં માનવીની ભાવનાઓનો આદર થાય તે જરૂરી છે. આ શક્ય પણ છે. ■

## ભાત ભાત કે લોગ (આઠમા પાનાનું ચાલુ)

અથડામણ પહેલા દગાપૂર્વક એના ભોજનમાં ઝેર ભેળવવામાં આવેલું. એ પછી બેભાન થઇ ગયેલા માનસિંહને અને કેટલાક સાથીદારોને ગોળી મારી દેવામાં આવી!

-તો આ હતી ચંબલના સૈથી ખૂંખાર અથવા સૌથી મહાન ડાકુ માનસિંહની કથા. ડાકુ માનસિંહ અને એની પત્ની રુક્મણીનું મંદિર સુધ્ધાં બનાવાયું છે, જ્યાં આજે ય ઘણા પૂજા કરે છે! આશ્ચર્યજનક રીતે તમામ મસાલાથી ભરપૂર એવી આ કથા પરથી ભાગ્યે જ કોઈએ ફિલ્મ ઉતારી. ૧૯૭૧માં આપણા ગુજરાતી દિગ્દર્શક અને કેમેરાના કસબી બાબુભાઈ મિસ્ત્રીએ દારા સિંહને લઈને 'ડાકુ માનસિંહ' ઉતારી. એ પછી ઠેઠ ૨૦૧૯માં આવેલી ફિલ્મ 'સોનચીડિયા'માં મનોજ બાજપાઈનું પાત્ર માનસિંહથી પ્રેરિત હોવાનું કહેવાયું. અનેક ફિલ્મોમાં તમને માનસિંહના જીવન પ્રસંગો જડી આવશે, પણ સંપૂર્ણપણે માનસિંહની બાયોપિક હજી નથી બની! ■

## નિસર્ગનો નિનાદ (આઠમા પાનાનું ચાલુ)

પોતાના રહેઠાણમાં લિવિંગ રૂમ ખૂબ ચોખ્ખો રાખે છે અને ઘરમાં કદી ભોજન લઈને આવતા નથી. તેઓ ખાવાનું ઘરની બહાર અને જાવાનું ઘરથી થોડે દૂર એટલે કે જાવા માટે ખાસ ખોદેલા ખાડામાં જ ટોયલેટ કરે છે.

અંતે ઇન્ડોનેસિયાના બોર્નિયોના વર્ષાવનોમાં વસતી માઉન્ટેઈન ટ્રી શ્રુ મતલબ કે પહાડોમાં વૃક્ષ પર રહેતી છછુંદરીની આપણા આજના વિષય પરની સ્ટોરી અનોખી છે. આ છછુંદરી જે વૃક્ષો પર રહે છે તે જ જંગલોમાં એક પિચર પ્લાન્ટ નામનો શોકારી છોડ થાય છે.

મોટે ભાગે જીવડાનો શિકાર કરતા આ છોડનો સબંધ શ્રુ સાથે અજાયબ છે. આ છોડને જીવતા રહેવા અને વિકાસવા માટે મોટે પાયે નાઈટ્રોજન વાયુની જરૂર પડે છે. ઢાંકણા વાળા પાણીના જગ જેવા આકારના પિચર પ્લાન્ટ પોતાના શિકારને આકર્ષવા માટે ઢાંકણ અને ઉપરના ભાગે મીઠો રસ બનાવે છે અને શ્રુબેનને સવારના નાસ્તામાં મીઠું કઈંક જોઈએ. આમ છછુંદરી સવારના પહોરમાં પોતાના વિસ્તારના પિચર પ્લાન્ટમાંથી મીઠો રસ પીએ. પછી શ્રુબેનને આવે પ્રેસર . . . આવા સંજોગોમાં છછુંદરી જે પ્લાન્ટમાંથી મીઠો મધુર રસ પીધો હોય એ જ જગના તળિયે સંડાસ પણ કરી લે . .. જહાં ખાતે હો, વહીં જાતે હો ? શરમ જૈસી કોઈ ચીજ હૈ કી નહીં? અરે પણ મિત્રો, પિચર પ્લાન્ટ અને છછુંદરી વચ્ચે એક એમ.ઓ.યુ. થયો છે કે એક હાથસે નાસ્તા દે, મૈ દૂસરે હાથ(!)સે તુમકો પોટ્ટી દૂંગી. છી છી છી . . . હવે જે રમત સમજવાની છે તે પરસ્પર અવલંબનની છે. સવારે છછુંદરીને પિચર પ્લાન્ટ પાસેથી નાસ્તો મળી રહે છે, અને ઉસ કે બદલે મે . . . શ્રુ જે ટટ્ટી આપે છે એમાંથી પિચર પ્લાન્ટને ઝડપી વિકાસ માટેનો જરૂરી નાઈટ્રોજન વાયુ મળી રહે છે. ■

## ટૂંકી વાર્તા

feedback@bombaysamachar.com
માવજી મહેશ્વરી

# એક્સિડન્ટ



ઘણા દિવસોના ઉકળાટ પછી આકાશ ઘેરાયું. વાદળાના ઘટ્ટ ઘર એકદમ નીચે આવી ગયા હતા. પવન પડી ગયો હતો. હવામાં કોઇ ઘેરી ઉદાસી ફેલાતી જતી હતી. આજે વરસાદ તૂટી જ પડશે એવું લાગતું હતું. રૂપલે ઉપરના રૂમની બારી ખોલી.

આ બારી રૂપલનું લાઇવ ટીવી હતું. જ્યારથી તે આ મકાનમાં આવી છે, મતલબ તે અને ગૌતમ અહીં રહેવા આવ્યા છે ત્યારથી, આ બારીનું તેને રીતસર વ્યસન થઇ પડ્યું છે. આમ તો આવું મકાન નાના એવાં શહેરમાં મળવું મુશ્કેલ હતું. પણ, ગૌતમની ઊંચા પગારવાળી નોકરીને કારણે શહેરના છેડે આવેલી સોસાયટીમાં સગવડોવાળું સુંદર મકાન મળી ગયું હતું. ગૌતમની ફેક્ટરી શહેરથી પચીસેક કિલોમીટર દૂર હતી. ગૌતમ સવારે કાર લઇને નીકળી જતો અને સાંજે આવતો. એ વચ્ચેનો નવરાશનો સમય પસાર કરવા માટે રૂપલને આ બારી ગમી ગઇ હતી. એણે બરાબર બારી નીચે જ એક સેટી મુકાવી હતી. તે સેટી પર પલાંઠીવાળીને બેસી જતી અને બારી બહાર જોયા કરતી. બારીમાંથી દેખાતા દશ્યો બદલાતા રહેતા. શહેરને ફરતે બનાવેલા રીંગ રોડ પરથી સતત પસાર થતા વાહનો, સિમેન્ટની ફેક્ટરીએથી વળતા મજૂરો, બકરીઓના ટોળા, ક્યારેક કોઇ નનામી લઇ જતા કે પાછા વળતા ડાઘૂઓ. આવું કંઇ કેટલુંય દેખાતું. એ તરફ એક જૂનું તળાવ પણ હતું. સાંજે મોટા ભાગે યુવાન છોકરા-છોકરીઓ એકાંતનો લાભ લેવા આવતાં. પાળ પર બાઇક પાર્ક કરીને એકમેકને અડીને બેઠેલા છોકરા-છોકરીઓના આકાર જોઇ ક્યારેક રૂપલ ઉદાસ થઇ જતી. સોસાયટીના મોટાભાગના મકાનોમાં હજી કોઇ રહેવા આવ્યું ન હતું. એના ઘેર ખાસ કારણ સિવાય કોઇ આવતું- જતું નહીં. ઘરમાં રૂપલ અને ગૌતમ બે જ. એટલે રૂપલ સાંજે ગૌતમની કારનું હોર્ન વાગે નહીં ત્યાં સુધી બારી પાસે બેસી રહેતી. ક્યારેક બારીના દશ્યો એને અકળાવતાય ખરા. ક્યારેક હાઇવે પર પસાર થતી ટ્રકનો અવાજ ડરાવી જતો. એના શરીરમાંથી ભયનું લખલખું પસાર થઇ જતું. આવું થાય ત્યારે તે સેટીને સામેની ભીંત પર મૂકેલી મોટી તસવીરને જોવા માંડતી. ગૌતમને યાદ કરતી. પણ કેમેય ગૌતમનો ચહેરો ઉપસતો નહીં. એક જુદો જ ચહેરો પેલી છબીમાં ગોઠવાઇ જતો. રૂપલની આંખોમાં પાણી આવી જતા. બધું ધૂંધળું ધૂંધળું દેખાતું.

સવારે નીકળતી વખતે ગૌતમ હંમેશની જેમ મસ્તીના મૂડમાં હતો. રૂપલ ત્યારે નીચી નમીને બેડસીટ સરખી કરતી હતી. ગૌતમ પાછળથી બાથ ભરીને ગરદન પણ હોઠ મૂક્તા બોલ્યો હતો. - રૂપા જોજે આજે વરસાદ આવશે, અને એય મોસમનો પહેલો વરસાદ ઉજવશું ને?

રૂપલે એકદમ પેલી છબી સામે જોયું. ચાર બાય અઢી ફૂટનો એ બ્લેટ એન્ડ વ્હાઇટ પોઝ હતો. ગૌતમે આ પોઝ લેવા કેટલીય મહેનત કરેલી. લગ્ન પછી પહેલીવાર આબુ ગયેલા એ પોઝમાં રૂપલ ખડકની પાર પગ ઝુલાવીને બેઠી છે. પાછળ ઊભેલા ગૌતમનો ડાબો હાથ રૂપલની આંખો પર મૂકેલો છે. જમણો હાથ રૂપલના જમણા હાથમાં. અદલ હસ્તમેળાપની જેમ! રૂપલ ખટખડાટ હસે છે. ગૌતમના હોઠ બરાબર જમણા કાન નીચે ગળા પર. રૂપલના ચહેરા પર એક સ્ત્રી સહજ સંકોચ છે. ગૌતમને જોઇતો હતો એવો પોઝ કેમેય આવતો ન હતો. એને જે પ્રકારનું હાસ્ય જોઇતું હતું એવું હાસ્ય પ્રગટતું ન હતું. આમ તો ગૌતમનો પોતાનો કેમેરા હતો. તેમ છતાં આ પોઝ એચ.ડી. કેમેરાથી પ્રોફેશનલ ફોટોગ્રાફ પાસેથી લેવડાવ્યો. ફોટોગ્રાફર યુવાન હતો. એ પોતે જ શરમાતો હતો. ગૌતમે એને કોઇ ફિલ્મ ડાયરેક્ટરની જેમ સમજાવ્યું. પણ જેવો ગૌતમ ગળા પર હોઠ મૂક્યો કે તરત હાસ્ય વિખેરાઇ જતું હતું.

કેટલાય પ્રયત્નો પછી ગૌતમને ગમે એવી તસવીર કેમેરામાં કેદ થઇ. રૂપલ એ પોઝને જોઇ રહી. શી ખબર કેમ આજે એને એ બધું યાદ આવતું હતું.

આખો દિવસ આબુની નાની મોટી ટેકરીઓમાં ફર્યા પછી તે રાતે ખીલ્યો હતો.

-કેમ આજે બપોરે ફોટો પડાવતી વખતે નખરા કરતી હતી.? શરમાતી એવું હતી જાણે પતિ સાથે નહીં પ્રેમી સાથે ફોટો પડાવતી હોય.

-યાર દિવસના અજવાળામાં અને કોઇની હાજરીમાં તું મની કીસ કરે તો શરમ જ આવે ને? -અત્યારે આખીય ખુલી પડી છો શરમ કેમ નથી આવતી? અંધારું છે એટલે ને?

-હટ! સાવ બેશરમ છો.

એય ચાલ લાઇટ કરું, તું જો તો ખરી..... કહેતાં ગૌતમે ઊડવા જેવું કર્યું હતું. રૂપલે ગૌતમને ખેંચી લીધો હતો. શિયાળો બેફામ હતો. આખુ પર્વત ઠરી ગયો હતો. ગૌતમ અને ઓરડો હાંફ હાંફ થતા રહ્યા.

ગૌતમ! એક ન સમજાય એવો પ્રેમાળ પુરુષ!

અંધારું તેને ઉશ્કેરી મૂકતું, અને દિવસે નાના બાળકની જેમ પાછળ પાછળ ફરતો. રુપલ કહેતી.

-ગૌતમ તું સાવ પાગલ છો.

-અરે! તને જોઇને હવે મારી સોસાયટીના છોકરાય પાગલ થશે. ભગવાને તને ઘડતી વખતે શી ખબર કઇ ડાઇ અને કેવું મટિરિયલ વાપર્યું છે. દિવસે તું ગુલાબનું ફૂલ અને રાતે છોડ. રૂપલી સાલ્લી તું તને મારી આંખથી જો, તો તને મારું પાગલપન સમજાશે.

કોઇ પતિ આટલી હવે પ્રેમ કરે? તેય લગ્નના બે વર્ષ વિત્યાં પછી પણ! જે સ્ત્રી આખે આખી એની હોય, એ એના દેહ અને દિલનો માલિક હોય છતાં ન ધરાય કે ન ધણી થાય. ગૌતમને ધણી બનતા આવડતું જ નથી. કઇ માટીમાંથી ઘડાયો છે ગૌતમ! સતત પાસે રહેવા તલસે, અડવાના, છેડછાડ કરવાના બહાના જ શોધતો હોય. રજાના દિવસે ઘેર હોય ત્યારે હાલતા ચાલતા- હાય જીપ્સી! કહી નીતંબ પર ટપલી મારે. ક્યારેક ઝનૂનભેર વળગી પડે, શ્વાસ રૂંધાઇ જાય એટલી હદે ભીંસી નાખે. તો ક્યારેક નાના બાળકની જેમ સોડમાં સંતાઇ જાય. એવું લાગે જાણે કેટલાય વર્ષોથી માના વાત્સલ્યથી વંચિત કોઇ બાળક હોય! એની હરકતો જોઇ હસવું આવે.

એકવાર રૂપલે કહેલું- ગૌતમ મને નવાઇ લાગે છે કે તને ઇન્જિનિયર કોણે બનાવી દીધો? તું કડિયા તરીકેય ચાલે તેવો નથી.

-યાર તારા શોધ પુરા કરવા માટે જ હું ઇન્જિનિયર બન્યો હોઇશ.

રૂપલ ગૌતમને જોઇ રહેતી. હા, તે ફેક્ટરીનો માનીતો ઇન્જિનિયર છે. ખાસ્સો પગાર છે. પણ પૈસા બાબતે જરાય ગંભીર નહીં. પગાર ઉડાડવા માટે જ મળતો હોય તેમ આડેધડ ખર્ચાઓ કરે. એની ધૂનોય વિચિત્ર! એક સાંજે હમણાં આવું હો કહીને ગયો. પાછો આવ્યો ત્યારે મોટી કોથળી ભરીને ગુલાબના ફૂલો લાવ્યો હતો.

-ગૌતમ આટલા બધા ફૂલોનું શું કરીશ?

-તારે કંઇ બોલવાનું નથી. કહીને બેડરૂમમાં ગયો. અંદરથી બેડરૂમ બંધ કરી દીધો. કલાકેક રહીને બહાર આવ્યો. એની આંખોમાં તોફાન હતું.

- શું કરતો હતો અંદર?

-એ રાતે ખબર પડશે. તારે બેડરૂમમાં જવાનું નથી. ચાલ આપણે બહાર જમશું.

તેણે સરખી તૈયાર પર થવા નહોતી દીધી. તે સાંજે બહાર ગયા. તેણે આગ્રહ કરી કરીને ખવડાવ્યું. ક્યાંય સુધી ડ્રાઇવ કર્યું. રાતે બેડરૂમ ખોલ્યો ત્યારે આંખો પહોળી થઇ ગઇ. આખાય બેડ પર ગુલાબની પાંખડીઓ પથરાયેલી હતી. ઓરડો અસ્સલ ગુલાબની સુગંધથી મહેક મહેક થતો હતો. તે રાતે ગૌતમને વળગીને જે આંસુ વહ્યા છે, જે આંસુ વહ્યા છે. ગૌતમ સતત રડવાનું કારણ પૂછતો રહ્યો. કેમેય જવાબ ન આપી શકાયો. ક્યારેક ગૌતમનું ગાંડપણ જોઇ ડર લાગે છે. એના મનમાં તળિયે એવું તે શું પડ્યું છે કે ઘડીભરેય તે છૂટો પડવા માગતો નથી. રાતે વળગીને જ સુવે. ક્યારેક અલગ સુવાનું કહું તો એ નારાજ થઇ જાય. મોં ફૂલાવી આંખો બંધ કરીને ખુરશી પર બેસી રહે. એને રીતસર મનાવવો પડે. એ પાછો તરત માની પણ જાય. છતાં પણ શરત મૂકે -બેય ગાલ પર મા કરે એવી કીસ કર. નહીંતર સૂઇ રહે એકલી. એક તરફ હસવું આવે. તો બીજી તરફ એની આંખો જોઇને હૈયું ઊછળી પડે. એ કહે એમ કરવું પડે. જાણે કે જ ન બન્યું હોય એમ તોફાને ચડે. પણ એ ઉતાવળો. કૈં ઉતાવળો. બે ચાર દિવસે ગાઉનના હૂક ટાંકવા પડે. કોઇ સ્ત્રી માનવા તૈયાર ન થાય કે પુરુષ આવો પણ હોય! હા, ગૌતમ એવો જ છે. લગ્નને બે વર્ષ થયાં છતાં જાણે ગઇ કાલે જ પરણ્યો હોય એટલો મુગ્ધ!

ગૌતમે બે વર્ષમાં એટલું આપી દીધું છે કે વર્ષો સુધીય ન પામે. તેણે અસ્તિત્વનો ખૂણે ખૂણો ભરી દીધો છે. મનમાં પડેલી બધી ધારણાઓને તેણે ઉખેડીને ફેંકી દીધી છે.

બધા સંતાપ સમાવી દીધાં જીવનમાં હવે કોઇ જ અભાવ નથી. કશું ખૂટતું નથી. તેમ છતાં એવું લાગે છે કે જાણે ઊંડે ઊંડે હજીય કોઇક જીવે છે. ક્યારેક અચાનક સપાટી પર આવી જાય છે. આવું બને છે ત્યારે આંખોમાં ઉદાસી છવાઇ જાય છે. શરીર એકદમ ઠંડું પડી જાય છે. ગૌતમ પ્રશ્નો પર પ્રશ્નો કરી નાખે. એની આંખોમાં દેખાતી ચિંતા જોઇને કેટલીય વાર એવું થયું છે કે, હું આ પ્રેમાળ પુરુષને શા માટે છેતરું છું? મારે ગૌતમને કહી દેવું જોઇએ. બધું જ કહી દેવું જોઇએ. પોતે ક્યાં સુધી ભૂતકાળના બોજ તળે દબાયેલી રહેશે? શબ્દો હોઠ પર આવી આવીને અટકી જતા. એક જુદો જ વિચાર ડરાવી જતો.

પોતે ગૌતમને કહી દેશે પછી ગૌતમનું શું? એના પ્રેમાળ હૈયાને કેટલી મોટી ઠેસ લાગશે? પોતે ગૌતમનો વિશ્વાસ ગુમાવી બેસશે. અને પછી ગૌતમ સાથે જીવાશે કેમ? ગૌતમ કેમ જીવી શકશે? એના કરતા જેમ ચાલે છે તેમ ચાલવા દેવું. હા, મારે ભૂલવું જ જોઇએ. મારા ભૂતકાળનો એ ટુકડો જો ગૌતમના સુખનો દુશ્મન બનતો હોય એ ભૂતકાળને ભૂલવો જ જોઇએ.


પણ કેમ કરીને ભૂલવો અરૂણને? એ દિવસો પોતાના અને અરૂણના હતા. જીવાયેલી જિંદગીનો હિસ્સો હતા એ દિવસો. અરૂણ ગૌતમની જેમ જ પોતાની પાછળ પાગલ હતો. અદલ ગૌતમ જેવો ઝનૂની અને પ્રેમાળ.! એ દુખદ ઘટના ન ઘટી હોત તો પોતે ગૌતમની નહીં, અરૂણની પત્ની હોત. એ ઘટના જ એવી હતી કે તમામ ઇચ્છાઓ પર ઉદાસીના ઘોડાપૂર ફરી વળ્યા. ગાંઠ વાળી

(જુઓ પાનું ૬) ▶▶

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

feedback@bombaysamachar.com
હેમંત વાળા

# આવાસ ને સંવેદનાઓ



કળાનાં અન્ય ક્ષેત્રો કરતાં સ્થાપત્ય સાથે લાગણીના સંબંધો વધુ સંકળાયેલા હોય છે. સ્થાપત્ય એ માત્ર કળા નથી, તેમાં વૈજ્ઞાનિક - ઇજનેરી બાબતો પણ વણાયેલી હોય છે. સ્થાપત્ય માત્ર અનુભૂતિ માટે નથી, તેમાં ઉપયોગિતાનું પણ મહત્ત્વ છે. કળાના અન્ય ક્ષેત્રની જેમ તે વ્યક્તિલક્ષી નથી, તે વધુ ધ્યેયલક્ષી છે. સ્થાપત્યમાં કલાકારની મારી ઈચ્છા ને સ્થાન નથી પણ વ્યક્તિ-નિરપેક્ષ રચનાનું મહત્ત્વ છે. સ્થાપત્ય એ એક વ્યક્તિ કે ચોક્કસ વ્યક્તિ સમૂહની માનસિક તૃષ્ટિ માટે નથી, તે વ્યક્તિ સમૂહ પ્રત્યેના સામાજિક ઉત્તરદાયિત્વ સમાન છે. સ્થાપત્ય તેની નિર્ધારિત ઉપયોગિતા માટે અસરકારક હોવું જોઈએ, તેની મજબૂતાઈ પણ જરૂરી છે અને સાથે સાથે તેનો દેખાવ સ્વીકૃત પણ હોવો જોઈએ.

આ બધા સાથે સ્થાપત્યમાં માનવીની સંવેદનાઓ પણ વણાઈ જવી જોઈએ. મકાન અને માનવી સાથે લાગણીનો સંબંધ બંધાવો જોઈએ. મકાનની અંદર માનવીની સંવેદનાઓને સ્થાન મળવું જોઈએ. મકાન એ માત્ર સગવડતાનું સ્થાન નહીં પણ વ્યક્તિની સંવેદનાઓને હકારાત્મક પ્રતિભાવ આપતી રચના હોવી જોઈએ. આવી સંવેદનાઓની સૌથી વધુ જરૂરિયાત આવાસની રચનામાં રહે છે. ભારતીય પરંપરા પ્રમાણે તો આવાસ એ કુટુંબના એક સભ્ય સમાન ગણાય છે. કુટુંબના સભ્યો પરસ્પર જે લાગણીથી જોડાય છે તેવી જ લાગણીથી સભ્યો પોતાના ઘર - આવાસ સાથે પણ જોડાય. .

આવાસ સાથે તાદાત્મ્યતા સ્થપાવી જોઈએ. વ્યક્તિને એમ લાગવું જોઈએ કે હું અને આવાસ એકબીજા માટે સર્જાયા છીએ. વ્યક્તિને એમ જણાવવું જોઈએ કે આવાસ મારી જે તે માનસિક સ્થિતિને યોગ્ય પ્રતિભાવ આપશે. વ્યક્તિ દુઃખી થાય ત્યારે તેને હૂંફ આપનાર ખૂણો તૈયાર હોવો જોઈએ અને જ્યારે તે આનંદિત હોય ત્યારે ઉજવણી કરવા માટે જરૂરી મોકળાશ તેને મળી રહેવી જોઈએ. આ માટે વ્યક્તિની મનોવૈજ્ઞાનિક સમજ પ્રમાણે



આવાસમાં ચોક્કસ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ કરવું પડે.

પોતાના આવાસ પ્રત્યે વ્યક્તિને ગૌરવની અનુભૂતિ થવી જોઈએ. જરૂર નથી કે આ માટે આવાસ મોટું કે વધુ કિંમતનું હોય. નાના આવાસની રચના પણ એ રીતે થઈ શકે કે વ્યક્તિ તેનાથી ગૌરાન્વિત થાય. જ્યાં વ્યક્તિની નાની નાની પસંદગી માટે પણ ધ્યાન અપાયું હોય, જ્યાં વ્યક્તિની વિશેષ જરૂરિયાતનો સમાવેશ કરાયો હોય, જ્યાં વ્યક્તિને એમ જણાતું હોય કે મારું આવાસ મારા વ્યક્તિત્વને સમગ્રતામાં પ્રતિબિંબિત કરે છે, અને જ્યાં રચના પાછળ વ્યક્તિને બિનજરૂરી રીતે ખેંચાવવાની સ્થિતિ ઊભી ન થતી હોય; તે પ્રકારના આવાસથી વ્યક્તિ ગૌરાન્વિત થઈ શકે.

વ્યક્તિને આવાસ સાથે માલિકીનો - પોતાપણાનો ભાવ સ્થપાવો જોઈએ. સાંપ્રત સમયમાં જ્યાં મકાનો એકધારાં બનતાં જાય છે ત્યાં વ્યક્તિ જે તે પરિસ્થિતિ સાથે ઇચ્છિત સંબંધ નથી સ્થાપી શકતો. આજકાલ બનતાં મકાનો ચહેરા વિનાના - ઓળખ વિનાના હોય છે. અહીં માત્ર સ્થાન અને બજેટ પ્રમાણે જ આવાસનું ચયન કરવું પડે છે. પછી તે કોઈ કળાકાર હોય કે શેરબજારનો વેપારી, બંને માટે સમાન ઘર જ બનાવાય છે. આવી એકધારી રચનાથી વ્યક્તિના મનમાં જે કોઈ પ્રકારની માલિકીનો ભાવ હોય છે તે ભૌતિક સ્તરે જ હોય છે. એમ દલીલ થઈ શકે કે આવી રચના સાંપ્રત પરિસ્થિતિનું પરિણામ છે. સાચી વાત છે, પણ પ્રયત્ન તો થવા જ જોઈએ. એમ બની શકે કે મુખ્ય માળખું દરેકને એક સમાન આપવામાં આવે પણ તેમાં વ્યક્તિ પોતાની નાની-મોટી જરૂરિયાત મુજબ સ્થાન નિર્ધારણ તથા વિગતિકરણ કરી શકે. આવા સફળ પ્રયત્ન થયા પણ છે. મુદ્દો એ છે કે વ્યક્તિ પોતાના આવાસ સાથે ચોક્કસ પ્રકારનું





હકારાત્મક મનોવૈજ્ઞાનિક સમીકરણ સ્થાપી શકે. આમ કરવાથી વિશેષ પ્રકારની માલિકીનો ભાવ ઊભરી શકે.

આવાસમાં વ્યક્તિને એક પ્રકારની મુક્તતાની અનુભૂતિ પણ થવી જોઈએ. જ્યારે આવાસ બંધિયાર લાગે ત્યારે વ્યક્તિની માનસિકતા પર નકારાત્મક અસર થઈ શકે. આવાસ સંભાવનાઓ પૂર્ણ હોવું જોઈએ. આવાસની અંદર માનવીને એક પ્રકારની મોકળાશની પ્રતીતિ થવી જોઈએ. આવાસ તેના પર જબરદસ્તી કરે છે તેવો ભાવ લાંબાગાળે લાગણીઓને નુકસાનકર્તા બની રહે. પોતાનું આવાસ છે અને પોતાની રીતે આવાસની જે તે પરિસ્થિતિને પ્રતિભાવ આપવાની એને છૂટ જોઈએ. આમ ત્યારે જ થઈ શકે જ્યારે, ખાસ કરીને નાના આવાસમાં, બિનજરૂરી બાબતો તથા સામગ્રીનો સમાવેશ કરવાનો આગ્રહ ન રખાયો હતો. જરૂર પૂરતી જ સવલતોનો સમાવેશ કરવાથી પણ મુક્તતાની અનુભૂતિ સંભવી શકે.

આવાસ વ્યક્તિની ઓળખ સમાન હોવું જોઈએ. આ ઓળખમાં તેની સાંસ્કૃતિક, સામાજિક, કૌટુંબિક તથા વ્યક્તિગત બાબતો પણ વણાઈ જવી જોઈએ. આવાસ જે તે વ્યક્તિના વ્યક્તિત્વ સમાન છે. વ્યક્તિ જેમ છે તેમ, તેના આવાસ થકી ઓળખાવો જોઈએ. વ્યક્તિના વ્યક્તિત્વનું પ્રતિબિંબ આવાસમાં જીલાવવું જોઈએ. વસ્ત્રથી જેમ વ્યક્તિ વિશે ધારણાઓ બંધાતી હોય છે તેવું જ આવાસ માટે છે. આવાસની રચનામાં ક્યાંક વ્યક્તિના ભૂતકાળના પડઘા પડવા જોઈએ, વર્તમાનની જરૂરિયાતો સંતોષવી જોઈએ, અને ભવિષ્ય માટેની દિશા નક્કી થવી જોઈએ. આવાસ થકી

(જુઓ પાનું ૬) ▶▶

## ઝાકળની પ્યાલી

feedback@bombaysamachar.com
ડૉ. એસ. એસ. રાહી

# મિલને કો તુઝસે દિલ તો મેરા બેકરાર હૈ તૂ આ કે મિલ ન મિલ, યહ તેરા અખ્તયાર હૈ

ઉર્દૂ શાયરીનો જન્મ દક્ષિણ (દખ્ખણ) ભારતમાં થયો. તેમ તેનો ઉછેર, પોષણ, ઉચિત-અનુકૂળ વાતાવરણ અને સાહિત્યિક માન્યતા- આ બધું તેને દખ્ખણના નગરોમાં મળ્યું. ઉર્દૂ ભાષાને તેના પ્રથમ શાયર 'વલી' ગુજરાતી પણ ઔરંગાબાદમાંથી મળ્યા. તો ઇબ્રાહીમ આદિલ, શાહ મુહમ્મદઅલી કુતુબશાહ, સુલતાન મુહમ્મદ કુતુબશાહ, સુલતાન અબ્દુલ્લા કુતુબશાહ, અને અબ્દુલહસન તાનાશાહ જેવા બીજાપુર અને ગોલકોન્ડા (હૈદરાબાદ)ના રાજા-મહારાજાઓએ ઉર્દૂ શાયરીના વિકાસમાં ફાળો આપ્યો. ઉર્દૂ શાયરી એક રીતે નસીબવંતી રહી કે ઉત્તર ભારતના લખનૌમાં કેટલાંક નવાબો તેમ તેઓની શાયિરા બેગમો ઉર્દૂ શાયરીની મોહબ્બતમાં તરબતર બન્યા હતા. લખનૌના નવાબ શાયરોમાં વઝીર અલીખાન, સઆદત અલીખાન, નાઝીઉદ્દીન હૈદર, નસીરુદ્દીન હૈદર, મુહમ્મદઅલી શાહ, અમજદઅલી શાહ અને વાજિદઅલી શાહનો સમાવેશ થાય છે. ઇ. સ. ૧૭૭૨થી લઇને ઇ. સ. ૧૮૫૬ સુધી આ નવાબોએ લખનૌ પર એકચક્રી શાસન તો કર્યું તેમ જ ઉર્દૂ શાયરીની સાથે સંગીત અને નૃત્ય જેવી કળાઓને પ્રોત્સાહન આપ્યું હતું.

લખનૌના નવાબી શાયરોમાં આસફ-ઉદ-દૌલા, 'આસફ'નું નામ વિશેષ જાણીતું છે. તેમનો શાસનકાળ ઇ.સ. ૧૭૭૨થી ૧૭૯૭ સુધીનો ગણાય છે. લખનૌના નવાબ મોગલ સલ્તનત વતી અવધ પ્રાન્તના શાસક (ગવર્નર-સૂબેદાર) અને મોગલ બાદશાહના નાયબ તરીકે ઓળખાતા હતા. તે સમયે અવધની રાજધાની ફૈઝાબાદ હતી. અવધના શાસક નવાબ શુજા-ઉદ-દૌલાના પુત્ર નવાબ 'આસફે' માત્ર ૨૭ વર્ષની વયે શાસનની ધુરા સંભાળી હતી. તેમણે ફૈઝાબાદથી બદલીને લખનૌને અવધનું પાટનગર બનાવ્યું હતું.

'આસફ' કલાપારખુ, ગુણજ્ઞ અને મોટા દાનવીર હતા. તેમની કલાપ્રિયતા અને સહૃદયતાની ખુશ્બુ ચોતરફ ફેલાઇ ગઇ હતી. તેથી હિન્દુસ્તાનના ખૂણે ખૂણેથી કવિઓ, ગાયકો, સંગીતકારો લખનૌમાં એકઠા થવા માંડયા હતા. 'આસફ'ને બેનમૂન ઇમારતો ઊભી કરવાનો એવો શોખ હતો કે તેઓ દરરોજ એક ઇમારતનો પાયો નાખતા હતા. તેમના જીવનકાળમાં હિન્દુસ્તાની સંગીતનો એટલો બધો વિકાસ થયો કે લખનૌ શહેર સંગીતકારો માટેનું અગત્યનું રંગસ્થળ બની ગયું હતું.

'આસફ' પોતે શાયર હોવાથી તેઓ શાયરોનો ખુલ્લા દિલથી આદર-સત્કાર કરતા અને સૌને માન-અકરામથી નવાજતા હતા. તેમના વખતમાં 'સૌદા','મીર તકી મીર' અને 'સોઝ'જેવા ઊંચા દરજ્જાના નામાંક્તિ શાયરો તેમના દરબાર સુધી ખેંચાઇને આવ્યા હતા. ('આસફ'નો અર્થ થાય લાયક વજીર કે મંત્રી) 'આસફ' તેમની રચનાઓ 'સોઝ' પાસે મઠારાવતા હતા.'આસફ'નો ૫૭૦ પાનાં ધરાવતો ઉર્દૂ કાવ્યગ્રંથ પ્રકાશિત થયો હતો. તેમાં તેમની ગઝલો, હઝલો, તઝમીન, હિજો, મસનવી (આખ્યાન પદ્યવાર્તાને મળતું સ્વરૂપ) પ્રકારનાં કાવ્યો ગ્રંથસ્થ કરાયેલ છે.

શાયર 'આસફે' લખેલી 'હિજો' શું ચીજ છે તે જાણવું રસપ્રદ થશે. કોઇ વ્યક્તિને ઉતારી પાડવા માટે તેની ટીકા નિન્દા કરવા માટે ખાસ લખાયેલી પદ્ય રચનાને 'હિજો' તરીકે ઓળખવામાં આવે છે. લખનૌના શાયરોની અંદરો-અંદરની ગળાકાપ સ્પર્ધા, ખિન્નતા, વેર, દુશ્મનીને લીધે 'હિજો' જેવા કાવ્ય-પ્રકારનો જન્મ થયેલો મનાય છે. તે અરસામાં જીવન-નિર્વાહ માટેની સુવિધા મેળવવી અઘરી થઇ પડતા નવરા પડેલા શાયરો એકબીજા પર આ રીતે કાદવ ફેંકતા હતા. 'ઇન્શા' અને 'મુસહફી' જેવા શાયરોએ લખેલી 'હિજો' પ્રખ્યાત કુખ્યાત છે. કેવળ સ્વાર્થ ખાતર અને આત્મસન્માનને નેવે મૂકીને રચાતી આ પ્રકારની કૃતિનો વિકાસ ન જ થાય તે સ્વભાવિક છે. 'મીર તકી મીરે' પોતાના પર લખેલી અને 'મુસહફી' એ પોતાના ઘરના માંકડ પર લખેલી 'હિજો' હાસ્યરસથી ભરપૂર છે.

'આસફ'ના કુટુંબ-કબીલામાં તેમના પહેલાં કોઇ શાયરનો જન્મ થયો નહોતો. તેમના વંશ-વારસમાં પ્રથમ શાયર તરીકે જન્મવાનું માન તેમના ફાળે જાય છે. આ પછી તેમની પેઢીમાં જન્મેલા કેટલાક શાયરોએ યથાશક્તિ પ્રદાન કર્યું છે. લખનવી રંગ અને શૈલી ધરાવતા કેટલાક નવાબી શે'રનું હવે રસપાન કરીએ.

*ઇસ અદા સે મુઝે સલામ કિયા*
*એક હી આન મેં ગુલામ કિયા*

તેમણે (સજનીએ) મને એવા હાવભાવથી નમસ્કાર કર્યા કે (કેવળ) એક જ ક્ષણમાં હું



તેમનો ગુલામ બની બેઠો.

*દર્દે દિલ હૈ તો યાર કે બાઇસ,*
*ગમ હૈ તો ઇસ નિગાહ કે બાઇસ.*

હૃદયમાં વેદનાનું કારણ મિત્ર છે અને દર્દ છે તો તેનું કારણ પેલી સુંદરી હસીના છે. (બન્નેથી કયાં છૂટી શકાય છે!)

*ચશ્મે આશિક મેં યારો ખ્વાબ કહાં?*
*દિલે આશિક મેં અબ્રોતાબ કહાં ?*

હવે પ્રેમીની આંખમાં સ્વપ્નાઓ કયાં છે? તેમ પ્રેમીના હૃદયમાં (પહેલાના જમાનામાં હતી તેવી) ધીરજ અને સહનશક્તિ કયાં છે?

*બડા ચરચા બઢેગા ઇસ કા 'આસફ'*
*હર ઇક બેદર્દ કો તૂ મત-સુના દર્દ.*

તું લાગણી વિનાના અને નિર્દયને તારી વ્યથા શા માટે સંભળાવે છે.?

તું જો આવું વર્તન કર્યા કરીશ તો તારા વિશેની ચર્ચા (અફવા)માં સતત વધારો થતો જશે. (માટે તું વ્હેલાસર ચેતી જા).

**મિલને કા તુઝ સે દિલ તો મેરા બેકરાર હૈ,**
**તૂ આ કે મિલ ન મિલ, યહ તેરા અખ્તયાર હૈ.**

તને (સજનીને) મળવા માટે મારું હૃદય વ્યાકુળ તો છે જ, પરંતુ તું મને મળવા આવ કે ન આવ. તો એ તારા અધિકારની વાત છે. (આ માટે હું તને ફરજ પાડતો નથી.)

*કાસિદ! તૂ લિયે જાતા હૈ પૈગામ હમારા,*
*પર, ડરતે હુવે લીજિયો વાં નામ હમારા.*

ઓ પત્રવાહક! તું મારો સંદેશો લઇને (મારી પ્રિયાને ત્યાં) જાય છે તો ખરો. પણ ત્યાં તું સ્હેજ ડર (અને સંકોચ) સાથે મારું નામ આપજે. (કદાચ તેનાથી તારો બચાવ થઇ જશે.) તે અરસામાં પ્રેમ-સંદેશાની આપ-લે માટે કાસિદની ભૂમિકા મહત્ત્વની ગણાતી તેનો સંકેત અત્રે મળે છે. વળી ક્યારેક તો આ કાસિદ જ વચ્ચે પડી આશિક અને પ્રતિસ્પર્ધી બની જતો.

**યહ સારી શોખિયાં હૈ, સુન લો યારો સામને હોકર,**
**કરે ગર બાત કોઇ ઇસ સિતમગર સે તો હમ જાને.**

તેમનું નટખટપણું તેમની સામે જઇને સાંભળી (જોઇ) લ્યો. એ સિતમગર (અત્યાચારી)ની પ્રત્યક્ષ જઇ કોઇ વાત કરે તો અમને કંઇક ખબર પડે.

*ફરહાદ થા યા મજનૂં ફિર અચ્છા ઝમાના થા,*
*અબ લુત્ફ નહીં 'આસફ' કુછ ઉલ્ફતે-ખૂબાં મેં.*

ફરહાદે તેની પ્રિયતમા શીરીંને મેળવવા રાજાની આજ્ઞા પ્રમાણે આખો પહાડ ખોદી નાખ્યો ને મોતને ભેટયો. તો મજનૂંએ લૈલાની શોધમાં ભટકીને તેનો પ્રાણ ન્યોછાવર કરી નાખ્યો. આમ, આ મહાન પ્રેમીઓનો સંદર્ભ ટાંકી શાયર લખે છે કે ફરહાદ-મજનૂં જે સમયમાં થઇ ગયા તે સમય શ્રેષ્ઠ હતો. હવે તો હસીનાઓ-સુંદરીઓના પ્રેમમાં પડવાથી જરા આનંદ પણ મળતો નથી.

*કિસ્સયે ફરહાદો-મજનૂં રાત દિન પઢતે થે હમ,*
*સો તો વહ માઝી પડા, અબ અપના અફસાના હુઆ.*
*રાત-દિન યહ સોચ રહતા હૈ મેરે દિલ કે તઇ,*
*એ ખુદા! યાંસે વહ જાકર કિસ કા હમખાના હુઆ?*

ફરહાદ-મજનૂંના કિસ્સાઓ તો અમે રાત-દિવસ વાંચતા હતા, પણ આ બધી તો જૂની વાત થઇ ગઇ. હવે આવું બધું તો અમારી કહાણીમાં વાંચવા મળે છે. હવે રાત દિવસ મારું પોતાનું હૃદય એમ જ વિચારે છે કે એ ખુદા! અમે અહીંથી પરવારી ત્યાં સુધી તો ગયા. પણ ત્યાં જઇને અમે કોના મહેમાન થયા તેની અમને ખબર પડતી નથી. ઉપરોક્ત બંને શેર તેના નિરાળા આલેખનની સાથે કાવ્યતત્ત્વને લીધે જુદા તરી આવે છે.

*કોઇ બાત તો હમારી ભી માન, અબ ખુદા સે ડર,*
*કબ તક દિયા કરેગા હમેં, તૂ જવાબ તલ્ખ.*
*ફિરતા હૂં કોહો-દશત મેં, રોતા હૂં ઝાર ઝાર,*
*તુઝ બિન હુવા હૈ ઘર મુઝે ખાના ખરાબ તલ્ખ.*

પ્રિયતમાને સંબોધીને શાયર કહે છે કે હવે તો તું મારી વાત માન અને ખુદાની બીક રાખ.

(જુઓ પાનું ૬) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ભાત ભાત કે લોગ

# ચંબલના સિંહ ગણાતા ડાકુ માનસિંહના જીવન પરથી બાયોપિક બનશે?

feedback@bombaysamachar.com
જ્વલંત નાયક






ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં સદીના મહાનાયક તરીકે ગણના પામેલા અમિતાભ બચ્ચનનો જન્મ ૧૯૪૨માં. એ હિસાબે ૧૯૫૫ માં એ બાર-તેર વર્ષના હશે. અમિતાભ બચ્ચનના ખુદના કહેવા મુજબ એમના બાળપણના વર્ષોમાં એમણે એક વ્યક્તિ વિષે પુષ્કળ વાતો સાંભળેલી. આ વ્યક્તિ એટલે ખૂંખાર ડાકુ માનસિંહ. ૧૯૫૫માં એક એન્કાઉન્ટરમાં ડાકુ માનસિંહને ઢાળી દેવામાં આવ્યો ત્યાં સુધીમાં એનો ધાક અને લોકપ્રિયતા બંને ચરમસીમાએ પહોંચી ગયેલા.

## વેર-ઝેર ને જ્ઞાતિવાદ

રાજસ્થાનનો ધોલપુર જિલ્લો એટલે કુખ્યાત ડાકુઓનું ઘર! ધોલપુરના ચંબલમાં એવો એક ડાકુ માનસિંહ થઇ ગયો, જેને આજે એક 'ઐતિહાસિક પાત્ર' ગણવું પડે. ચંબલમાં એક સમયે ડાકુ માનસિંહના નામના સિક્કા પડતા. ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લાથી લગભગ ૫૦ કિલોમીટર દૂર ખેડા રાઠોડ ગામમાં માનસિંહનો જન્મ, પિતા બિહારી રાઠોડ. વયસ્ક થતાની સાથે જ માનસિંહની નેતૃત્વ ક્ષમતા અને વર્તનની ખ્યાતિ ગામમાં ફેલાઈ ગઈ. ગામના નાના - મોટા ઝગડા- ટંટા યુવાન માનસિંહ પોતાની કોઠાસૂઝ મુજબ ઉકેલી આપતો. એ વખતે દેશમાં અંગ્રેજોનું રાજ હતું, અને જ્ઞાતિવાદના વેરઝેર પણ ખરા જ.

## ફિલ્મોમાં બનતું આવ્યું છે એમ જ...

માનસિંહના માનપાન વધતા ચાલ્યા, એ ગામના કેટલાક લોકોને ગમ્યું નહિ. જેમાં કેટલાક બ્રાહ્મણો અને

શાહુકારો સામેલ હતા. સમાજમાં માનસિંહનું કદ મોટું થઇ જાય, તો ભોળી જનતાને છેતરવાનું મુશ્કેલ બની જાય, એવું શાહુકારોને લાગ્યું હશે. એટલે કેટલાકે ખુદ માનસિંહની જ જમીન પચાવી પાડવાનો કારસો ઘડી કાઢ્યો. એમાં અંગ્રેજ સરકારના પોલીસખાતાનો ય સાથ લેવામાં આવ્યો. . પોતાની જમીન પર શાહુકારોએ કબજો જમાવ્યો, એની ફરિયાદ લઈને માનસિંહ પોલીસ પાસે ગયો. પોલીસે ઉલટાનું માનસિંહને જ ફટકાર્યો. એટલું ઓછું હોય એમ 'પાઠ ભણાવવા'ના હેતુસર થોડા દિવસો માટે જેલમાં પૂર્યો! બીજી તરફ ફિલ્મી ગુંડાઓ કરે છે એમ જ શાહુકારોના ગુંડાઓએ માનસિંહની ગેરહાજરીમાં એના પરિવારના સભ્યો પર ત્રાસ ગુજાર્યો અને ધુલાઈ કરી. માનસિંહનો રોષ ભડકાવવા માટે આટલું પૂરતું હતું. જેલમાંથી બહાર આવીને એણે પોતાના પરિવારના પુરુષ સભ્યોને ભેગા કર્યા અને જુલમગારો પર વળતો હુમલો કર્યો. બે બ્રાહ્મણ અને એક શાહુકારને મોતને ઘાટ ઉતાર્યા. જો કે માનસિંહનો ડાકુ બનવાનો કોઈ ઈરાદો નહોતો. એણે તો બસ બદલો લેવો હતો. પણ હત્યાઓ થઇ ગયા બાદ અંગ્રેજ પોલીસથી બચવાનો એક જ રસ્તો હતો, ચંબલની કોતરોમાં ઊતરી જવું. માનસિંહે પણ એમ જ કર્યું, પણ ત્યાં મન ન લાગ્યું. આમેય ડાકુ બનવામાં રસ હતો નહિ, એટલે મામલો ઠંડો પડતા માનસિંહ ગામમાં પાછો ફર્યો. કોઈકે એની ચાડી ખાધી અને પોલીસે એને ઝડપી પાડ્યો, મામલો હત્યાનો હતો એટલે ઉમરકેદની સજા થઇ. આ આખી વાર્તા કોઈ હિન્દી ફિલ્મના પ્લોટ જેવી લાગશે. કદાચ અનેક ફિલ્મોના પ્લોટ માનસિંહના જીવન પરથી લખાયા હોય તો નવાઈ નહિ...



## ..તો બંગડી પહેરી લો!

માનસિંહના મનમાં હશે કે ઠીક છે, દુશ્મનો સાથે વેર વાળી લીધું, હવે જેલની સજા કાપીને ફરી એક વાર નોર્મલ જીવન જીવી શકાશે. પણ વેર ક્યાં એમ પૂરા થાય? માનસિંહ જેલમાં હતો ત્યારે તલ્કીરામ નામના એક શખ્સે પોલીસને સાધીને માનસિંહના બે યુવાન દીકરાનું એન્કાઉન્ટર કરાવી નાખ્યું! જેલમાં બંધ માનસિંહ લોહીના ઘૂંટડા ગળે ઉતારી ગયો. દસ વર્ષની સજા કાપી લીધા બાદ ૧૯૩૯માં જેલમાંથી છૂટ્યો. કુલ ચાર દીકરામાંથી હવે બે જ બચ્યા હતા. બધું ભૂલીને પત્ની રુકમણી અને બે દીકરા સાથે શાંતિથી જીવવાની ઈચ્છા પણ જોર કરતી હતી, પણ રુકમણીએ એ રોકડી વાત કરી, બે-બે જુવાનજોધ દીકરાના ખૂનનો બદલો જોઈએ, નહિતર બંગડી પહેરી લો! ખલાસ, માનસિંહ માટે હવે સામાન્ય જીવન વ્યતીત કરવાના તમામ રસ્તાઓ બંધ થઇ ચૂક્યા હતા. હવે બાકીનાં વર્ષો લોહીની હોળી રમવામાં જ પસાર થવાના હતા.

## ને પછી ચંબલે જોયો સૌથી ખૂંખાર ડાકુ!

માનસિંહે સૌથી પહેલા તલ્કીરામને શોધીને એના રામ રમાડી દીધા. એ પછી અંગ્રેજ સરકારના પોલીસોનો વારો પાડવાનો હતો. તપાસ કરતા ખબર પડી કે એના દીકરાઓને મારવામાં એક-બે નહિ પણ બત્રીસ જેટલા પોલીસ સામેલ હતા. માનસિંહે તમામને વીણી વીણીને ઠાર માર્યા. માનસિંહના તમામ ભાઈ-ભત્રીજા-દીકરાઓ પાસે હવે એક જ માર્ગ હતો, બાગી બનવાનો. આખા પરિવારની ગેંગ બની ગઈ અને તમામ ચંબલના કોતરોમાં ઊતરી ગયા. ૧૯૩૯ થી ૧૯૫૫ સુધી ચંબલમાં ડાકુ માનસિંહની ગેંગે એકચક્રી આધિપત્ય ભોગવ્યું. એ દરમિયાન દેશની સરકાર બદલાઈ ગઈ અને સ્વદેશી રાજ આવ્યું, પણ ચંબલમાં માનસિંહનું રજવાડું બરકરાર રહ્યું. ઉલટાનું આ વર્ષોમાં માનસિંહની ગેંગ વિસ્તરતી ગઈ. એવું કહેવાય છે કે કાયમી અને કામચલાવ - એમ બંને પ્રકારના સભ્યો મળીને કુલ ચારસો ડાકુ માનસિંહની સરદારી હેઠળ કામ કરતા! સોળેક વર્ષના 'કાર્યકાળ'માં પેલા બત્રીસ પોલીસવાળાઓ સહિત ૧૮૫ હત્યાઓ અને ૧,૧૧૨ જેટલી ધાડ ડાકુ માનસિંહની ગેંગના નામે નોંધાઈ! માનસિંહનું કદ પોલીસવાળાની પહોંચ બહાર વધી ચૂક્યું હતું. મજાની વાત એ હતી કે એમાં માત્ર માનસિંહનો ધાક જવાબદાર નહોતો, બલકે 'રોબિનહુડ' તરીકેની છાપ પણ જવાબદાર હતી.

કહેવાય છે કે માનસિંહે અનેક વંચિતો-પીડિતોને ન્યાય અપાવ્યો. નબળા લોકો માટે એ હંમેશાં તારણહાર બની રહ્યો. અનેક ગરીબ દીકરીઓના લગન કરાવ્યા. માનસિંહ તરફે સૌથી મોટું જમા પાસુ એ હતું કે એની ટોળકીએ ક્યારેય કોઈ બળાત્કાર નહોતો કર્યો. સ્ત્રીઓની ઈજ્જત કરવાની માનસિંહની આજ્ઞાનું કડકપણે પાલન કરાતું. સુલતાના નામક એક સભ્યે એક વાર જરા અળવીતરા થવાની કોશિશ કરી તો એને તરત ગેંગમાંથી તગેડી મુકાયો!

આ બધાં કારણોને લીધે માનસિંહ પ્રજા માટે એક ડાકુને બદલે રાજા જેવો બની રહ્યો. 'ગાંધી પીસ ફાઉન્ડેશન'ના સભ્ય સાલેમ સુબ્બારાવે પોતાના એક લખાણમાં રસપ્રદ નોંધ કરી છે. સાલેમે ૧૯૫૩માં ડાકુ માનસિંહને સ્ટેજ પરથી ભાષણ આપતા સાંભળેલો. એ સમયે પોલીસ માટે એ મોસ્ટ વોન્ટેડ ગુનેગાર હતો, પણ એને જાહેર મંચ પરથી બોલતો સાંભળવા લોકોના ટોળેટોળા મોટી સંખ્યામાં હાજર હતા અને કોઈની હિમ્મત નહોતી કે માનસિંહની ધરપકડ કરે! સાલેમ સુબ્બારાવના કહેવા મુજબ, એમની ધારણાથી વિપરીત, માનસિંહ વાણી-વર્તનમાં ખૂંખાર ડાકુને બદલે ખૂબ પ્રેમાળ વ્યક્તિ જણાતો હતો. જો માનસિંહ લોકોનું હિત તડકે મૂકીને રાજકારણમાં જોડાઈ ગયો હોત, તો લાંબો સમય નેતાગીરી કરી શક્યો હોત, પણ એવું ન બન્યું. પોલીસે માનસિંહને ઠેકાણે પાડવા વિશેષ ટુકડીની રચના કરેલી. આ ટુકડીએ ૧૯૫૫માં માનસિંહ અને એના દીકરાનું એન્કાઉન્ટર કરી નાખ્યું. એવું માનવામાં આવે છે કે આ

(જુઓ પાનું ૬) ▶▶

નિસર્ગનો નિનાદ

# ખાવું, પીવું અને જવું ... ટોયલેટ એક પ્રેમ કહાની

feedback@bombaysamachar.com
ધર્મેન્દ્ર ત્રિવેદી

વર્ષો પહેલા એક ગુજરાતી વાર્તાએ સાહિત્યમાં ખેરખાંઓનું ધ્યાન આકર્ષિત કરેલું. નામ હતું પોલિટેકનિક. આપણને એમ થાય કે પોલિટેકનિકમાં એન્જિનિયરિંગમાં ભણતા છોકરાઓની કે પ્રોફેસરોની વાત હશે, પરંતુ ના . . . વાર્તા તો હતી એક શહેરમાં ગરીબ વસ્તીની સ્ત્રીઓની રાત્રે જાજરૂ જવાની જગ્યા છીનવાઈ જવાની અને એના કારણે એ સ્ત્રીઓની પીડાની. એવી પણ અફવા છે કે આ વાર્તાના આઈડિયાને કોપી પેસ્ટ કરીને અક્ષયકુમારનું ફિલ્મ ટોયલેટ એક પ્રેમ કહાની બનાવવામાં આવી છે. આ વાર્તાના લેખક સાગરાપેટા મહેન્દ્રસિંહે દીવાની દાવા કરવાનું માંડી વાળેલું અને એના કારણે એ ફિલ્મના નિર્માતા ડિરેક્ટરને આજે પણ પેટ સાફ આવતા હશે!

ખેર . . . એક જ જગ્યા અને એક જ પ્રક્રિયા માટે જાજરૂ, સંડાસ, ટોઇલેટ, લૂ, પાયખાનું જેવા અનેક શબ્દો અસ્તિત્વમાં છે. આપણે માનવ અને સુસંસ્કૃત પ્રાણી હોવાને નાતે એવું માની બેઠા છીએ કે પ્રવર્તમાન તમામ સમાજ વ્યવસ્થાઓના સર્જનહારા આપણે જાતે અને પોતે જ છીએ. સવારે ઉઠો અને પેટમાં વળ ચડે ત્યારે દરેક વ્યક્તિના પગ તેને એક જ દિશામાં લઈ જશે. જેમ આ સ્થળના અનેક નામ છે, તો એ સ્થળમાં થતી પ્રક્રિયાના પણ અનેક નામ છે . . . જાજરૂ જવું, સંડાસ જવું, ડબલે જવું, જાડે જવું, સીમમાં જાવું, ટટ્ટી કરવી, પોટ્ટી કરવી વોશરૂમમાં જવું



અને આજકાલના જવાનીયાઓ તો ફ્રેશ થવું જેવા શબ્દો પણ વાપરે છે. પ્રભુ . . . યે કયા વિષય લે કે બઈઠા હૈ યે આદમી . . . પણ બીડુ . . . મારે જે કહેવાનું છે એ માટે મારે ટોઈલેટની હિસ્ટરી પણ ખંગાળવી પડશે . . . છીઈઈઈ . . .

તો કાન માંડીને સાંભળો, બિફોર ક્રાઇસ્ટ ૨૫૦૦ની સાલમાં હડપ્પન સંસ્કૃતિના અવશેષોમાં, બિફોર ક્રાઈસ્ટ ૨૧૦૦ વર્ષો પહેલાં ઈજિપ્શીયન સંસ્કૃતિમાં આધુનિક ટોઈલેટનો પાયો નખાયેલો. પણ આ વાત કાઇ કોલર ઊંચા કરવા જેવી નથી, કારણકે જ્યારે માનવ આદિમ અવસ્થામાં હતો ત્યારે પણ પ્રાગ-ઐતિહાસિક સમયમાં આશરે ૨૭૦ મિલિયન વર્ષ પૂર્વે ડાયસિનોડોન્ટ નામનું એક પ્રાણી હતું જે પોતાના આવાસથી થોડે દૂર એક નિયત જગ્યા પર સામૂહિક શૌચ પ્રક્રિયા કરતું હતું. એની તો . . . હા અને આ ડાયસિનોડોન્ટના આ સંડાસને વિશ્વનું સૌથી જૂનું સામૂહિક સંડાસ માનવામાં આવે છે. સુસંસ્કૃત હોવાના આપના ઘમંડને ચકનાચૂર કરી નાખે તેવી પ્રાણીઓના ટોયલેટ સિસ્ટમ અંગે આપણે આજે જોઈશું, અને પછી વિચારીશું કે સાલા સુસંસ્કૃત કોન હૈ?

એવું થોડી છે કે માત્ર માણસે જ સંડાસ બનાવ્યા છે? કીડી તેમના પોતાના આવાસમાં શૌચાલય માટે નક્કી કરેલા ચોક્કસ વિસ્તારનો જ ઉપયોગ કરે છે. જાનવરો અને એમાં પણ ખાસ કરીને જંગલી જાનવરો અલગ સામૂહિક ટોઈલેટ્સનો ઉપયોગ કરે છે. આવાં પ્રાણીઓમાં વિદેશી રેકુન, ઘોરખોદિયા, ઝરખ, હાથી, મૃગ અને હરણાઓની મોટા ભાગની જાતિઓ, ઘણી જાતની ગરોળીઓ અને જંગલી ઘોડા પણ નિયત જગ્યા પર ટોઇલેટ કરે છે. એક મજાની વાત એ છે કે હરણા અને મૃગની જાતિઓ મોટે ભાગે જંગલના સૂકા અને રેતાળ વિસ્તારમાં સંડાસ કરે છે જેથી એ વિસ્તારો પણ ફળદ્રુપ અને સમૃદ્ધ બની જાય.

અમુક પ્રકારના ગીધ ઉનાળાના ભયાનક તાપમાં પોતાના શરીરના તાપમાનને કંટ્રોલ કરવા માટે પોતાના પગ પર જ લિક્વિડ ટટ્ટી કરી દે છે . . . અમુક જાતના કેટરપીલર શિકારી કીડીઓને છેતરવા માટે પોતાની પોટ્ટી એટલા જોરથી કરે છે કે તેની પોટ્ટી તેના શરીરની લંબાઈ કરતાં ચાલીસ ગણી દૂર ફેંકાઈ જાય છે. નોર્ધર્ન કોલર્ડ લેમિંગ નામનું એક પ્રાણીની પોટ્ટી રાત્રે અલ્ટ્રાવાયોલેટ લાઇટમાં ચમકતી હોવાથી શિકારી પંખીઓ તેમને શોધી કાઢવાનો ભય રહે છે, તેથી આ પ્રાણીઓ ચોક્કસ જગ્યા પર જમીનની નીચે દરોમાં અલગ બનાવેલા પાયખાનાનો ઉપયોગ કરે છે. અમુક પંખીડાઓ પોતાના માળામાં ટટ્ટી કરતાં નથી પણ બહાર કરે છે, અને મજાની વાત એ છે કે માળામાં નાના બચ્ચા જે ટોઇલેટ કરે તેને પણ ઊંચકીને દૂર ફેંકી આવે છે! છે ને જબરું? ઘોરખોદિયા જમીન નીચેના

(જુઓ પાનું ૬) ▶▶

વિશેષ

# સૌથી વધુ ખુશ કયા દેશના લોકો છે?

feedback@bombaysamachar.com
નિધિ ભટ્ટ

દરેક વ્યક્તિ જીવનમાં ખુશ રહેવા માગે છે. વીસમી માર્ચે વિશ્વને સુખનું મહત્ત્વ જણાવવા માટે દર વર્ષે આંતરરાષ્ટ્રીય સુખ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પરંતુ શું તમે જાણો છો કે દુનિયાનો કયો દેશ સૌથી ખુશ છે? મોટા ભાગના લોકોના મગજમાં અમેરિકા અને ચીન જેવા શક્તિશાળી દેશોના નામ આવતા હશે. પરંતુ આંકડા દર્શાવે છે કે પૈસા અને સત્તા હોવી જરૂરી નથી કે દેશમાં સમૃદ્ધિ આવે. દુનિયાનો સૌથી ખુશ દેશ ફિનલેન્ડ છે. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં ફિનલેન્ડને સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે.

વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ અનુસાર ફિનલેન્ડ દુનિયાનો સૌથી ખુશ દેશ છે. પરંતુ સૌથી મહત્ત્વની વાત એ છે કે ફિનલેન્ડે સતત સાતમા વર્ષે આ સ્થાન હાંસલ કર્યું છે. તેને સમૃદ્ધિમાં મોટા દેશોને પાછળ છોડી દીધા છે. ડેનમાર્ક, આઈસલેન્ડ અને સ્વીડન જેવા દેશો પણ ટોપ ૨૦માં સામેલ છે.

વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ અનુસાર ખુશીની બાબતમાં ભારત વિશ્વના અન્ય દેશોમાં સૌથી નીચે છે. ખુશીની રેન્કિંગમાં ભારત




ગયા વર્ષની જેમ ૧૨૬માં સ્થાને છે. અમેરિકાને વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ માનવામાં આવે છે. પરંતુ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં અમેરિકા, ચીન, જર્મની જેવા મોટા દેશો દુનિયાના ૨૦ સૌથી ખુશ દેશોમાં સામેલ નથી. સર્વેમાં અમેરિકાને ૨૩મું સ્થાન મળ્યું છે જ્યારે જર્મની ૨૪મા સ્થાને છે. જોકે કોસ્ટા રિકા અને કુવૈત ૨૦ સૌથી ખુશ દેશોમાં સામેલ છે. કોસ્ટા રિકા ૧૨મા સ્થાને છે અને કુવૈત ટોપ ૨૦ દેશોમાં ૧૩મા સ્થાને છે.

વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ અનુસાર ૨૦૨૦માં તાલિબાનના નિયંત્રણમાં આવ્યા બાદથી અફઘાનિસ્તાન માનવતાવાદી વિનાશનો ભોગ બનેલું અફઘાનિસ્તાન સર્વેમાં સામેલ ૧૪૩ દેશોમાં સૌથી નીચું સ્થાન ધરાવે છે. આંકડા દર્શાવે છે કે અફઘાનિસ્તાનના લોકો ખુશ નથી.

વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે હવે દુનિયાના સૌથી મોટા દેશોમાંથી કોઈ પણ ખુશ દેશોમાં સામેલ નથી. ટોચના ૧૦ દેશોમાં માત્ર નેધરલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની વસ્તી ૧૫ મિલિયનથી વધુ છે. આ સાથે ટોપ ૨૦ દેશોમાં કેનેડા અને યુકેની વસ્તી ૩ કરોડથી વધુ છે.

વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ કેવી રીતે બનાવવામાં આવે છે?

હેપ્પીનેસ રેન્કિંગ એ લોકોના જીવન સંતુષ્ટિ તેમજ માથાદીઠ જીડીપી, સામાજિક સમર્થન, સ્વસ્થ જીવન, સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચારના મૂલ્યાંકન પર આધારિત એક રિપોર્ટ છે. રિપોર્ટમાં ૨૦૦૬-૧૦થી ઉત્તર અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોમાં ખુશીમાં ઘટાડો જોવા મળ્યો છે. જૂની પેઢી હવે યુવાનો કરતાં વધુ ખુશ છે. ■

વ્યંગ

feedback@bombaysamachar.com
ભરત વૈષ્ણવ

# બોલો, ટ્યુટર ટમેટા, પ્રોફેસર પરવળ, રીડર રીંગણા, કુલપતિ કારેલા ખરીદવા છે તમારે?




'સાહેબ, આ ટ્યુટર ટમેટા લઇ લો. એક કિલોના માત્ર બે હજાર રૂપિયા છે!' બકાલીએ ગ્રાહકને કહ્યું.

'વોટ ? ટ્યુટર ટમેટા?' આખલો લાલ લૂગડું જોઇ ભડકે તેમ ગ્રાહક ટ્યુટર ટમેટાનું નામ સાંભળી ભડક્યો.

'યેસ સર. તમે બિલકુલ બહેરા નથી. તમે બરાબર સાંભળો છો.આ મારી શોપની સ્પેશિયલ આઇટમ છે!' બકાલીએ જવાબ આપ્યો.

યાર, ટમેટા કાચા કે પાકા હોય. દેશી કે વિદેશી હોય. ટ્યુટર ટમેટાનું નામ પહેલી વખત સાંભળ્યું. ટ્યુટર ટમેટા ભણે છે કે ભણાવે છે?' ગ્રાહકે બકાલીને પૂછી નાંખ્યું.

'અરે, બોસ... મારી શોપમાં પ્રોફેસર પરવળ પણ મળશે' બકાલીએ જાણે બાઉન્સર ફેંક્યો.

'વોટ...વોટ? ટ્યુટર ટમેટા પછી પ્રોફેસર પરવળ? ભાઇ, તું ઓર્ગેનિક એટલે પ્રાકૃતિક ફાર્મમાંથી શાકભાજી ખરીદ કરે છે?' ગ્રાહકે સંશય વ્યક્ત કર્યો.

'સાહેબ, મારે ત્યાં રીડર રીંગણા પણ મળે છે' બકાલીએ હવે ગૂગલી ફેંક્યો.

'યાર, સવાર સવારમાં પહેલી ધારનો ચડાવ્યો છે કે શું?' રીંગણા લીલા, કાળા કે રીંગણી રંગના હોય. રીંગણા કાંટાવાળા કે કાંટા વગરના હોય,એ તો સમજ્યા. રીંગણાને અને રીડરને શું લેવાદેવા?' ગ્રાહકે બકાલીને પૂછયું.

બકાલી જયાં લારી લઇને ઊભો હતો તે જગ્યા કોલેજ, યુનિવર્સિટી કે વિદ્યાપીઠ પણ ન હતી. ગ્રાહક માથું ખંજવાળતો રહી ગયો

'સાહેબ, હું ક્લાર્ક કોથમીર પણ વેચું છુ'

'અલ્યા, તારું ચસ્કી ગયું છે? ભવન ચકરાઇ ગયું છે?' ગ્રાહકને બકાલીની દિમાગી સંતુલન પર શંકા થવા લાગી.

'સર હું કુલપતિ કારેલાનું કિફાયતી દરે વેચાણ કરું છું...એક કિલો કારેલા પર એક કિલો ફ્રી આપું છું.' બકાલીએ ઓર માહિતી આપી.

'તારી લારી-દુકાનનું નામ એબ્સર્ડ વેજીટેબલ સ્ટોર' રાખી લે!' ગ્રાહકે સજેશન કર્યુ.

'મારી શોપની લેકચરર લોકીમાંથી હલવો બનાવશો તો તમે હલવા ઉપરાંત આંગળા પણ ચાટી જશો..આંગળા ચાટવાથી પેટ ન ભરાય એ કહેવત પણ ખોટી સાબિત થશે!' બકાલીએ એક ઓર નજરાણું રજૂ કર્યું:

'સાહેબ, તમને ખબર હશે કે ટયુલિપ નામનું પુષ્પ હોય છે. તેને હમણા હોલેન્ડમાં ટયુલિપ ભારતીય એમ્બેસેડર શેફાલી રાજદૂતનું નામ આપવામાં આવ્યું છે.' બકાલીએ ઇન્ટરનેશનલ ઇન્ફોર્મેશન આપી.

'એમ તો આપણે ત્યાં ડ્રેગન નામના ફ્રૂટને કમલમ્ નામ આપવામાં આવ્યું જ છેને?! .' ગ્રાહક પણ બકાલીનું માથું ભાંગે તેવો હતો.

'બીજું બધું તો બરાબર . મારી શાકભાજીના નામ તમને યુનિક લાગ્યા કે નહીં?' બકાલીએ પૂછ્યું.

'અરે, ઝકકાશ છે. ધાંસુ આઇડિયા છે. ચેતન ભગતની જેમ ફિકશન લખ. તારા મગજમાં યુનિકોર્ન સ્ટાર્ટઅપ જેવા આઇડિયા ઠાંસી ઠાંસીને ભર્યા છે. તેને એન્કેશ કર! તને આવું બધું કેવી રીતે સૂઝે છે?' ગ્રાહકે પૂછયું.

'સાહેબ, પેટ કરાવે વેઠ.' બકાલી નિરાશાથી બોલ્યો.

અરે, કાંઇ સમજાયું નહીં. તું પહેલિયા મત બુઝા! ગ્રાહક મૂંઝાયો.

'સર, આ દેશમાં પકોડા તળવા એ પણ રોજગારી છે. દેશની તમામ વ્યક્તિ પકોડા તળશે તો પકોડા વ્લાદિમીર પુટિન , બાયડન, નેતન્યાહૂ કે ઝેલેન્સ્કી ખાશે?' કંપનીઓ પ્રદૂષિત પાણી ખારીકટ કેનાલમાં ઠાલવે તેમ બકાલીએ આક્રોશ મારી સામે ઠાલવ્યો.

'અખા ભગતની જેમ ચાબખા મારે છે. કેમ આવું બોલે છે?' ગ્રાહકે અણિયાળો સવાલ કર્યો.

'સાહેબ, આ દેશમાં શિક્ષણની ઘોર ખોદાઈ છે. વાલીઓના ગજવા કાપવા ખાનગી કોલેજ, સ્કૂલો, યુનિવર્સિટી પાનના ગલ્લાની જેમ ધમધમે છે. ત્રણ કે ચાર વરસે ગ્રેજયુએટ, બે વરસે પોસ્ટ ગ્રેજયુએટ અને પીએચડી કરેલ બેકારોની ફોજ ઊભી થાય છે. પ્યુનની જગ્યા માટે પીએચડી હોલ્ડર અરજી કરે છે. કારકુનની પોસ્ટ પર પીએચડી હોલ્ડર કામ કરવા મજબૂર થાય છે! ' બકાલીએ શિક્ષણની અવદશા કહી.

'આ પણ અંદર કી બાત હૈ..સાહેબ, માણસ ભણીને અભણ જેવા વ્યવસાય કરવાની નોબત આવે છે. બી ટેક પાણીપુરીવાળો, એમબીએ ચાયવાળો, પોસ્ટ ગ્રેજયુએટ પાનવાળો, ગ્રેજયુએટ રિક્ષાવાળો.!' બકાલી બગડ્યો

'આ બધી વાત અને તારે શું લાગેવળગે?'

'સર, હું પણ સિસ્ટમનો વિકટિમ છું. તમે મારી શોપનું નામ વાંચવાની તસ્દી લીધી?' બકાલીએ ગ્રાહકને પૂછયું.

'પીએચડી સબ્જીવાલા' ગ્રાહકે મોટેથી નામ વાંચ્યુ. તમે વર્દીવાલા ગુંડા એવું બધું જોયું હશે પરંતુ, પીએચડી સબ્જીવાલા? પહેલીવાર આવું વાંચવા મળ્યું.

'મારું નામ સંદીપ છે. મારું નામ માત્ર સંદીપ નથી, પરંતુ, ડોકટર સંદીપસિંહ છે. દવાખાનાનો ડોકટર નથી. પીએચડી ડોકટર છું. મેં ચાર ફેકલ્ટીમાં પોસ્ટ ગ્રેજયુએશન પણ કરેલ છે. મેં અગિયાર વરસ એડહોક લેકચરર તરીકે પંજાબ યુનિવર્સિટીમાં નોકરી કરી છે. આ નોકરીમાં કોથમીર-મીઠા લીંબડા જેટલા રૂપિયા પાંત્રીસ હજારનો પગાર મળતો હતો. નેશનલાઇઝડ બેંકના ચપરાસીને મારા કરતાં વધારે પગાર મળે છે. પાણી જેવા પાતળા પગારમાં પરિવારનું પૂરું થતું ન હોઇ નોકરી છોડી શાકભાજી વેચું છું!' સંદીપે એની વ્યથા વ્યક્ત કરી.

'અરે બોસ, વી આર સેઇલીંગ ઇન સેમ બોટ. હું પણ બેકાર મેડિકલ પ્રેકટિશનર છું. આવ ભાઇ હરખા, આપણે બેય સરખા' એમ કહી બેકાર ગ્રાહક અને ડોકટર સંદીપસિંહ ગર્મજોશીથી ભેટી પડ્યા.

આપણે સંદીપ સિંહનું શાકપાંદડું લેવા ચંદીગઢ ન જઇ શકીએ, પરંતુ સંદીપસિંહનો વેજીટેબલ બિઝનેસ 'બિગબાસ્કેટ' કંપની જેટલો વધે તેવી શુભેચ્છા જરૂર આપીએ. ભવિષ્યમાં કોઇ પીએચડી કે હાયર એજયુકેટેડને વખાના માર્યા શાક વેચવું ન પડે તેના ગેરેંટી કોઇ પણ પક્ષ ચૂંટણી ઢંઢેરામાં આપે તેમજ તેનો અમલ પણ કરે તેની રાહ જોઇએ...બીજું તો મતદાર શું કરી શકે ?! ■

### ૧૭. જગ્યા આપવી છે

1 BHK 305 CARPET SQ. feet Flat for Sale, Net 60 Lac, No Agent D2/602 Road facing in BMC 14 Storied Tower, M G Cross Road No-1, Opp Tata Motor, Near Swami Vivekanand School, Kandivali West. Contact: 9510343202 Vasanji. (176)

3500 CARPET 4 BED HALL Napeansea Road, Price 16 Crores. Also Town Properties of Birla - Godrej - Lodha - Piramal - Shapoorjee - Pallonjee - Rustomjee - L. & T. Mobile: 9619275336. (14299-A)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા**

કાંદિવલી (વેસ્ટ) ચારકોપ - ફેક્ટરી બિલ્ડિંગ - Plot - અર્જન્ટ લેવા - વેચવા - ભાડેથી સંપર્ક ફેલીસીયા એસોસિયેટ્સ એજન્ટ અનિલ શાહ 9820031373 બીપીન શાહ 9820320599. (જેપી/૪૯૦૬-બી)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**INDEPENDENT FACTORY FOR RENT**

Atgaon, Mumbai Nashik Highway. Builtup 7,000 sq. ft. with Open Plot of 12,000'. Ideal for Fabrication. Power 100 HP. Contact: Madhukar Thakkar, Estate Agent - 9820016348. (14285-C)

### ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

**એમ.જી. રોડ, કોમર્શીયલ લીફ્ટવાળું બિલ્ડિંગ ૧૬૨' ફર્નિશ્ડ ઓફિસ વેચાણથી આપવાની છે. ''કરણ નીતિન દવે'' 7738741851. (૧૪૨૩૫-ઈ)**

**કાંદિવલી (વેસ્ટ)**

૧૦૦૦ કાર્પેટ કોર્નર દુકાન અને ૩૨૨+૪૩૩ કાર્પેટ Jodi કોર્નર દુકાન લિંક રોડ ટચ સેલ્ફ કન્ટેન્ટ દરેક ધંધા લાયક રેડી ઓસી સાથે @૭૫૦૦૦/- PSF લેવા ઓનરઃ 9819827714. (બી-૧૩૯૭૮)

**મસ્જિદ બંદર**

ઈન્દુ ચેમ્બર્સ ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ, ફ્રન્ટરોડ સાઈડ, રેડી ટુ મુવ, તુરંત પજેશન ઓનરશિપથી વેચવાનું છે. ઓનર શાહ - 9821054179. (જી-૨૪૯૧-સી)

■ **ગોરેગાંવ (વેસ્ટ) કમર્શિયલ કોર્નરની દુકાન ૨૮૭ સ્કે. ફીટ, કારપેટ, બાથરૂમ સાથે, હાઈટ ૧૪ ફીટ, દુકાન દર્શન ૧૦ ફીટ, પ્રી-લીઝ વેચવાની છે. સંપર્ક ઓનર : 9699885522. (એસડીબી-૧૭૯૫)**

■ અંધેરી, સાકીનાકા, સારા રિટર્નવાળી, પ્રિલીઝડ શોપ લેવા. Contact: 9820262922. (બી-૧૩૯૬૧)

**ઓપેરા હાઉસ**

દુકાન (૨૫૦ + ૨૫૦) (જૂના ભાડે) (રોડ ટચ) ૧૨૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૧૯)

■ મલાડ (વેસ્ટ) સ્ટેશન પાસે નટરાજ માર્કેટ બાજુમાં, મંત્રી વાડી, વિરલ શોપિંગ સેન્ટરમાં, પહેલે માળે, સારી ફર્નિશ્ડ ઓફિસ, તુરંત વેચવાની છે. ઓનર - યોગેશભાઈ - 9223367192. (એસડીબી-૧૮૧૪)

**સિક્કાનગર**

પાસે ધંધાદારી જગ્યા ભાડેથી/ વેચવા માટે 600 - 1000. માલકીન 9619235756. (બી-૧૪૦૨૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**૯૦ ફીટ રોડ, ઈસ્ટ પોઇન્ટ બિલ્ડિંગમાં, કોમર્શિયલ ઓફિસ, હાયર ફ્લોર, આઉટ રાઈટથી લેવા. અમિત શાહ - 9833260261, અનિલ શર્મા - 9820612111. (૧૪૨૮૮-સી)**

**વિલેપાર્લે વેસ્ટ**

**એસ. વી. રોડ, લીવલાયસન્સથી 1600' અને 663' ફુલ્લી ફરનીશ્ડ ઓફિસ. એજન્ટઃ અશ્વિન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૧૮૨૧)**

**દુકાનો-શોરૂમ**

નાની મોટી દુકાનો/શોરૂમ-ભાડેથી-વેચાણ લેવા/વેચવા પદ્માવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072/ 9322296555. (બી-૧૩૫૮૮)

**REQUIRED - GODOWN**

Bhiwandi, Dapoda - Mankoli. 10,000 - 20,000 sq. ft., Ground Floor, Outright Purchase only. Contact Madhukar Thakkar, Estate Agent - 9820016348. (14285-A)

**LOWER PAREL**

1200 sqft Office & 1700 sqft Godown available for Leave and Licence. Only WhatsApp 73044 72581 (Owner). (SDB-1815)

**OFFICE SALE**

Borivali (West) area 338' to 4800' Rs. 1.18 Cr. onwards New Tower, Glass Facad, Rooftop Amenities @ S. V. Road, Near Station & Mc'Donalds, best for Investment M. G. Realtors - 9820964062. (JP/4906-C)

### ૨૦. ધંધાદારી જગ્યા

**SHOWROOM AVAILABLE ON LEASE**

Nariman Point 2500' + 4000', Fort 5000', Mahim Matunga 13000' Vile Parle East 2500', 3500', Andheri 2000', 2600', 2840', 9000', Goregaon 13000', Vashi 38000', Airoli 30000' Belapur 9000' Contact: Naresh Kanani: 9322257207 / 9987763404. (14293-A)

### ૩૧. નાણાંકીય

**STARTUP FINANCE**

**પ્રોજેક્ટ ફાઈનાન્સ, Private Equity, હોમ, મોરગેજ, બિઝનેસ લોન. ઉદિતભાઈ: 8080522500, 7666612000. (૧૪૨૭૮-એ)**

First Time in India Semi Algo Software with 100% Accuracy.
Software for MCX Gold & Silver Intra Day Monthly Return Approx 20 To 25%
STRICLY INTRADAY
1 Month Trial Free
Please contact on Saturday Sunday only on this no
9879898795

(14299-B)

### ૩૨. જમીન-મિલકત

Coming soon
Abrama- dharampur main road
VALSAD
4 BHK BANGLOWS



size : 25/50
HOME BUY NOW
HOME FEATURES: 4 Bedrooms 4 Bathroom 3side open Garden Corner Property
Contact : 9879172247

(B-13435)

**વલસાડ**

ચાલુ ધંધા સાથેની દુકાન (મોલ), - બંગલો વેચાણથી 9274793095. (૧૪૨૯૫-એ)

Agriculture land
24 Gunthas for Sale
in residential zone at amli dadra & Nagar Haveli - Silvasa
Contact number-
9824496583

(179)

### ૩૩. ધંધાદારી

**LIC - MEDICLAIM**

કોઈપણ કંપની / ઉંમર / Preexisting કોઈપણ કેસ Fresh / Renewal - સંપર્કઃ Shah Insurance - 9920628333. (એસડીબી-૧૭૮૨)

**એકાઉન્ટ**

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ- 9869587290. (બી-૧૩૯૫૦)

સર્ચ રીપોર્ટ
ઓલ્ડ એગ્રીમેન્ટ
ઓલ્ડ OC પ્લાન્સ
એરીયા સર્ટીફિકેટ
પોઈંટ એડવાઈઝરી
9029077715

(જેપી/૪૯૦૪-બી)

■ દર મહિને 6%-7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાયિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

**AMNESTY SCHEME**

Stampduty Professional Charges 7499/- Bulk Agreements 5000/- Jitendra Kanabar 9821411200. (JP/4903-C)

**DEEMED CONVEYANCE**

Order, Adjudication, Insertion Name in Property Card - 9821411200. (JP/4903-D)

GOLDEN OPPORTUNITY. Require Joint Developers, Corporates. Big Plot. Malad (West), Mumbai. Ideal + Profitable for Many Projects. Rich Surroundings. 9320166788. (B-13433)

### ૩૪. ફર્નીચર ફીક્ચર

**વેચવાનો છે**

નવો ગોદરેજ કબાટ (2023) Rs. 12000 7400313150. (એસડીબી-૧૮૨૦)

## કોહલીની ૧૨,૦૦૦ રનની સિદ્ધિઃ અનુજ અને કાર્તિકની ફટકાબાજી

ચેન્નઈઃ આઇપીએલની ૧૭મી સીઝનનો એક તરફ ઓપનિંગમાં બૉલીવૂડના સિતારાઓ દ્વારા દબદબાભેર આરંભ થયો ત્યાર બાદ પ્રથમ મૅચમાં વિરાટ કોહલીએ એક અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી અને ત્યાર પછી ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈ સામે બેન્ગલૂરુની ટીમે ધબડકા બાદ બૅટિંગમાં ઘણા ધમાકા કર્યા હતા. કોહલી (૨૦ બૉલમાં ૨૧ રન)એ છ રન બનાવ્યા ત્યારે તે ટી-૨૦ ફૉર્મેટમાં ૧૨,૦૦૦ રન પૂરા કરનારો ભારતનો પ્રથમ અને વિશ્વનો છઠ્ઠો ખેલાડી બન્યો હતો. બેન્ગલૂરુના અનુજ રાવત (૪૮ રન, પચીસ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) અને દિનેશ કાર્તિક (૩૮ અણનમ, ૨૬ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૫૭ બૉલમાં ૯૫ રનની ભાગીદારી થઈ હતી. દેશપાંડેની એક ઓવરમાં કાર્તિક-અનુજની ફટકાબાજીને કારણે કુલ પચીસ રન (વાઇડ, ૬, વાઇડ, ૧, ૬, ૦, ૬, ૪) બન્યા હતા. બૅટિંગ-પિચ પર પહેલાં બૅટિંગ કરવાનું પસંદ કરનાર બેન્ગલૂરુની ટીમે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૩ રન બનાવ્યા હતા. બેન્ગલૂરુએ ફક્ત ૭૮ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી. ચેન્નઈના મુસ્તફિઝુરે ચાર વિકેટ લીધી હતી.■

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

FREE VASTU ADVISES from Mr. K. V. Rao with over 35 years of experience. For Free Advise on all your Vastu Problems, Contact +91 9987621234. (B-13975)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**FREE DESIGNING**

[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

DP PEST CONTROL
(Trusted name since 1997. ISO certified company)
TERMITE SPECIALIST
"attack them. before they attack your house/ valuables"
• 10 yrs. Warranty for Bldgs Foundation Termite Treatment
• 7 yrs Warranty for Full Bldg. Treatment
• 3 yrs Warranty for Flats / Office Termite Injection Treatment
No smell, No vacate, Gel injection. Herbal / chemical treatments for Cockroaches, Ants, Termite, Bedbugs, Rats at 15% Special Discounted Rates
Carpet, Sofa, Chair, Curtain, Watertank Cleaning & Sanitization
Home Cleaning / Housekeeping
9322504177 • 8080575877 • 9702875877

(B-13429)

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફિંગ**

ટેરેસ, આઉટસાઈડ, ક્રેક ફિલિંગ, બાથરૂમ ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ પેઈન્ટિંગ- 9076066069. (જેપી/૪૯૦૬-એ)

**બિલ્ડિંગ રિપેરીંગ**

ટેરેસ, સોસાયટી ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, પોડિયમ એરિયા, આઉટસાઈડ વોલ, છજીયા, બિંબ કોલમ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9320210293. (૧૪૨૫૪-ડી)

**વોટરપ્રુફીંગ વર્ક**

PU ફોમ ઈન્જેક્શન. ગ્રાઉન્ટીંગ તોડ્યા વગર વોટરપ્રુફીંગ વર્ક - બાથરૂમ, ટોયલેટ, સ્વિમીંગ પુલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૧૩૪૮૪-બી)

**બિલ્ડિંગ રીપેરિંગ**

ટેરેસ, છજીયા, વોટર ટેન્ક, બાથરૂમ, બિલ્ડિંગની આઉટસાઈડ વોલ, પ્લાસ્ટરિંગ, પેઇન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9324558334, 9987414990. (૧૪૨૯૨-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)




# આઈપીએલનું એન્ટરટેઈનિંગ અને એનર્જેટિક ઓપનિંગ







ચેન્નઈઃ અહીંના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં ટાટા આઇપીએલની સત્તરમી સીઝનના કર્ટન-રેઇઝર સમાન ઓપનિંગમાં બૉલીવૂડના કલાકારો અને ડાન્સર્સ સોળે કળાએ ખીલ્યા હતા.

જેકી શ્રોફના પુત્ર અને યુવા વર્ગના કરોડો લોકોના લોકપ્રિય ઍક્ટર-ડાન્સર ટાઇગર શ્રોફના પર્ફોર્મન્સથી મનોરંજક પ્રારંભિક સમારોહની શાનદાર શરૂઆત થઈ હતી. એનર્જેટિક અને ઇલેક્ટ્રિફાઇંગ પર્ફોર્મન્સ માટે જાણીતા ટાઇગરના પ્રત્યેક મૂવમેન્ટમાં ગજબની ઊર્જાનો અહેસાસ થતો હતો. કરોડો ચાહકોમાં 'ખિલાડી' તરીકે જાણીતા અક્ષય કુમારે તિરંગા સાથે એન્ટ્રી કરી હતી અને જમ્પ મારીને આગવી સ્ટાઇલમાં ધમાકાભેર આગમન કર્યું હતું.ટાઇગર અને અક્ષય, બન્નેએ સુપર હિટ ગીતોની ધૂન પર ડાન્સ કર્યો હતો તેમ જ ડેન્જરસ સ્ટન્ટ સાથે ચાહકોને સ્તબ્ધ કરી દીધા હતા.ખ્યાતનામ સિંગર સોનુ નિગમ અને વિખ્યાત સંગીતકાર-સિંગર એ. આર. રહમાને પણ પર્ફોર્મ કરીને સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. સોનુ અને રહમાને 'વંદે માતરમ' દેશભક્તિ ગીત ગાઈને આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સેલિબ્રિટી સિંગર્સના આ પર્ફોર્મન્સથી આખું સ્ટેડિયમ ગૂંજી ઊઠ્યું હતું. તેમણે 'માં તૂઝે સલામ' ગીત ગાઈને સૌનું મન મોહી લીધું હતું.

હજારો પ્રેક્ષકોમાં મોટા ભાગે યજમાન ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) તરફી યલો જર્સીમાં સજ્જ ક્રિકેટપ્રેમીઓ નજરે પડતાં હતાં. રંગારંગ કાર્યક્રમના આરંભમાં આઇપીએલની તમામ ૧૦ ટીમના લોગો, કલર્સ અને અસલ પહેચાનથી તેમ જ ચળકતી ટ્રોફીને કારણે અભૂતપૂર્વ માહોલ સર્જાયો હતો.

ઑગમેન્ટેડ રિયાલિટી (એઆર) ટેક્નોલૉજી આ સમારોહની વિશેષતા હતી.ચેન્નઈ-બેન્ગલૂરુ વચ્ચેની પ્રથમ મૅચ માટેનો ટૉસ દસ મિનિટ મોડો ઉછાળવામાં આવ્યો હતો. ■

# મોહાલીના 'અખાડા'માં પંજાબ-દિલ્હી વચ્ચે જંગ

## બન્ને ટીમ ૧૬-૧૬ મૅચ જીતી છે, આજે નવો હિસાબ શરૂ થશે





મોહાલીઃ પંજાબ રાજ્યની વાત હોય અને અખાડાનો ઉલ્લેખ ન થાય તો નવાઈ લાગે. ભારતીય ખેલકૂદને અનેક વીરો અને વીરાંગનાઓ આપી ચૂકેલા આ દમદાર રાજ્યના મોહાલી શહેરમાં મુલ્લાનપુર વિસ્તારમાં નવું ક્રિકેટ સ્ટેડિયમ બન્યું છે. આમ તો એનું નામ મહારાજા યદવિન્દ્ર સિંહ ઇન્ટરનૅશનલ ક્રિકેટ સ્ટેડિયમ છે, પણ સ્થાનિક સ્તરે એ 'સફ઼ા અખાડા ૨.૦' તરીકે ઓળખાય છે. આ જ 'અખાડા'માં શનિવાર, ૨૩મી માર્ચે આઇપીએલની બીજી મૅચમાં પંજાબ કિંગ્સનો દિલ્હી કૅપિટલ્સ સાથે મુકાબલો (બપોરે ૩.૩૦ વાગ્યાથી) છે.આઇપીએલમાં બન્ને ટીમના પર્ફોર્મન્સ પર નજર કરીએ તો ૧૬ વર્ષના ઇતિહાસમાં પંજાબ અને દિલ્હી, બેમાંથી એક પણ ટીમ ટાઇટલ નથી જીતી શકી. બન્ને ટીમનું એક સરખાપણું એ છે કે તેઓ એક-એક વખત રનર-અપ બની છે. ૨૦૧૪ની આઇપીએલની ફાઇનલમાં પંજાબનો કોલકાતા સામે અને ૨૦૨૦ની ફાઇનલમાં દિલ્હીનો મુંબઈ સામે પરાજય થયો હતો.

જોકે દિલ્હીની ટીમ છ વખત પ્લે-ઑફમાં પહોંચી શકી છે, પણ પંજાબે બે જ વાર લાસ્ટ-ફોરમાં સ્થાન મેળવ્યું છે.

બન્ને ટીમનો આમનેસામને હિસાબ એકસરખો રહ્યો છે. આઇપીએલના ૧૬ વર્ષના ઇતિહાસમાં પંજાબ અને દિલ્હી વચ્ચે કુલ ૩૨ મૅચ રમાઈ છે જેમાંથી ૧૬ પંજાબે અને ૧૬ દિલ્હીએ જીતી છે.દિલ્હીની ટીમ પંજાબ સામે રનની દૃષ્ટિએ ૨૦૧૭માં સૌથી મોટા ૫૧ રનના માર્જિનથી જીતી હતી. એ પહેલાં, ૨૦૦૯માં દિલ્હીનો પંજાબ સામે (ડકવર્થ/લુઇસ) મેથડને આધારે ૧૦ વિકેટે વિજય થયો હતો. પંજાબે દિલ્હી સામે ૨૦૧૭માં ૧૦ વિકેટના માર્જિનથી જીત મેળવી હતી. ત્યારે પંજાબે દિલ્હીની ટીમને ૬૭ રનમાં આઉટ કરી દીધી હતી અને ૭.૫ ઓવરમાં લક્ષ્યાંક મેળવી લીધો હતો. રનની દૃષ્ટિએ પંજાબે દિલ્હી સામે વધુમાં વધુ ૩૧ રનના તફાવતથી વિજય મેળવ્યો છે. દિલ્હી સામે પંજાબનો હાઈએસ્ટ સ્કોર ૨૩૧ રન અને પંજાબ સામે દિલ્હીનો સૌથી ઊંચો સ્કોર ૨૦૨ રન છે. દિલ્હીના ૬૭ રનના સ્કોર સામે પંજાબનો દિલ્હી સામેનો સૌથી નીચો સ્કોર ૧૦૪ રન રહ્યો છે. ■

### બન્ને ટીમમાં કોણ-કોણ છે?

**પંજાબ કિંગ્સઃ** શિખર ધવન (કૅપ્ટન), પ્રભસિમરન સિંહ, જિતેશ શર્મા (વાઇસ-કૅપ્ટન, વિકેટકીપર), જૉની બેરસ્ટો, અર્શદીપ સિંહ, રાહુલ ચાહર, સૅમ કરૅન, રિશી ધવન, નૅથન એલીસ, હરપ્રીત બ્રાર, હરપ્રીત સિંહ, વિદ્વથ કેવરપ્પા, લિઆમ લિવિંગસ્ટન, હર્ષલ પટેલ, સિકંદર રઝા, પ્રિન્સ ચૌધરી, કૅગિસો રબાડા, રાઇલી રોસોઉ, શશાંક સિંહ, શિવમ સિંહ, ક્રિસ વૉક્સ, અથર્વ ટેઇડ, આશુતોષ શર્મા, તનય ત્યાગરાજન અને વિશ્વનાથ સિંહ.

**દિલ્હી કૅપિટલ્સઃ** રિષભ પંત (કૅપ્ટન, વિકેટકીપર), શાઈ હોપ (વિકેટકીપર), પૃથ્વી શો, ડેવિડ વૉર્નર, ટ્રિસ્ટન સ્ટબ્સ (વિકેટકીપર), અભિષેક પોરેલ (વિકેટકીપર), રિકી ભુઈ, સ્વસ્તિક ચિકારા, જેક ફ્રેઝર-મૅકગર્ક, યશ ધુલ, કુમાર કુશાગ્ર, મિચલ માર્શ, લલિત યાદવ, અક્ષર પટેલ, સુમીત કુમાર, ઇશાંત શર્મા, ખલીલ અહમદ, પ્રવીણ દુબે, મુકેશ કુમાર, કુલદીપ યાદવ, ઍન્રિચ નોર્કિયા, વિકી ઓસ્તવાલ, રસિખ સલામ અને ઝાય રિચર્ડસન.

### આજે બીજા મુકાબલામાં સ્ટાર્ક-કમિન્સ વચ્ચે કશ્મકશ

કોલકાતાઃ ઑસ્ટ્રેલિયાનો ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક આઇપીએલના ઇતિહાસનો સૌથી મોંઘો ૨૪.૭૫ કરોડ રૂપિયાવાળો ખેલાડી છે અને શનિવારે સાંજના (૭.૩૦ વાગ્યાથી) મુકાબલામાં તેની અને તેના જ દેશના પૅટ કમિન્સ વચ્ચે ચડિયાતા પુરવાર થવાની રસાકસી જોવા મળશે. સ્ટાર્ક કોલકાતા નાઇટ રાઇડર્સનો મુખ્ય ફાસ્ટ બોલર છે, જ્યારે સનરાઇઝર્સ હૈદરાબાદે ૨૦.૫૦ કરોડ રૂપિયામાં ખરીદેલો ફાસ્ટ બોલર પૅટ કમિન્સ આ ટીમનો કૅપ્ટન છે.

બન્ને ટીમ વચ્ચે પચીસ મૅચ રમાઈ છે જેમાંથી સોળ કોલકાતાએ અને નવ હૈદરાબાદે જીતી છે. એકમેક સામેના પર્ફોર્મન્સમાં કોલકાતાનો હાઈએસ્ટ સ્કોર ૨૦૫ અને હૈદરાબાદનો ૨૨૮ રન છે. એ જ પ્રમાણે કોલકાતાનો લોએસ્ટ સ્કોર ૧૦૧ રન અને હૈદરાબાદનો ૧૧૫ રન છે.૨૦૨૩ની આઇપીએલમાં બન્ને ટીમે એકમેક સામે એક વિજય મેળવ્યો હતો. ■

# ઝૅમ્પાએ રમવાની ના પાડી એટલે મુંબઈના રણજી ચૅમ્પિયન કોટિયનનું ભાગ્ય ચમકી ગયું

## યુવાન ઑલરાઉન્ડરને આઈપીએલમાં એન્ટ્રી કરવા મળી ગઈ



જયપુરઃ મુંબઈના પચીસ વર્ષના ઑફ-સ્પિનિંગ ઑલરાઉન્ડર તનુષ કોટિયનના નસીબમાં છેલ્લા થોડા મહિના દરમ્યાન મોટા પલટા જોવા મળ્યા. ડિસેમ્બર, ૨૦૨૩ના પ્લેયર્સ-ઑક્શન પહેલાં તેને ખરીદવા આઇપીએલના ઘણા ફ્રેન્ચાઇઝીએ રસ બતાડ્યો હતો, પણ તેની શંકાસ્પદ બોલિંગ-ઍક્શનને લીધે તેનું ભાગ્ય બદલાઈ ગયું અને એક પણ ટીમે તેને ખરીદવામાં રસ નહોતો બતાડ્યો. ત્યાર બાદ તેનું ભાગ્ય ફરી પલટાયું અને રણજી ટ્રોફીમાં તે એક પછી એક મૅચમાં સારું રમતો ગયો અને છેવટે તેના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સની મદદથી મુંબઈએ ૪૨મું રણજી ટાઇટલ મેળવ્યું.

આ રણજી સીઝનમાં તેણે મુંબઈ વતી ૫૦૨ રન બનાવ્યા જે ટીમના તમામ બૅટર્સમાં સેકન્ડ-બેસ્ટ હતા. કોટિયને ૨૯ વિકેટ પણ લીધી હતી. આ પર્ફોર્મન્સ તેને હવે કામ લાગ્યો, કારણકે ઑસ્ટ્રેલિયાના પીઢ સ્પિનર ઍડમ ઝૅમ્પાએ વર્ક-લોડને કારણે તેમ જ જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટે પોતાને ફુલ્લી ફિટ રાખવા આઇપીએલમાં રમવાનું ટાળ્યું છે. રાજસ્થાન રૉયલ્સે ઝૅમ્પાને ૧.૫૦ કરોડ રૂપિયામાં રીટેન કર્યો હતો, પણ તેણે રમવાની ના પાડી દીધી છે અને રાજસ્થાનના ફ્રેન્ચાઇઝીએ કોટિયનને ૨૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસમાં સાઇન કરી લીધો છે.

ઝૅમ્પા અગાઉ બૅન્ગલોર અને રાઇઝિંગ પુણે સુપરજાયન્ટ ટીમ વતી રમ્યો હતો. ભારતમાં ગયા ઑક્ટોબર-નવેમ્બરમાં રમાયેલા વન-ડેના વર્લ્ડ કપમાં તેણે ઑસ્ટ્રેલિયાને ચૅમ્પિયન બનાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

ઝૅમ્પા બિગ બૅશમાં પણ રમ્યો હતો અને ભારત સામેની ઑસ્ટ્રેલિયાની મર્યાદિત ઓવરોવાળી સિરીઝમાં પણ રમ્યો હતો. તે ન્યૂ ઝીલૅન્ડ અને વેસ્ટ ઇન્ડિઝ સામે પણ રમ્યો હોવાથી તેના વર્ક-લૉડની બાબતમાં ઑસ્ટ્રેલિયાનું ટીમ-મૅનેજમેન્ટ સતર્ક થઈ ગયું હતું અને તેને જૂનના વિશ્વ કપ માટે ફિટ રાખવા માગે છે. ■

# આઈપીએલના પહેલા આદિવાસી ક્રિકેટર રૉબિન મિન્ઝે ₹ ૩.૬૦ કરોડનો કૉન્ટ્રેક્ટ ગુમાવ્યો



અમદાવાદઃ પૈસા ભાગ્યમાં હોય તો મળે અને નસીબ સારું ન હોય તો હાથમાં આવી રહેલા પૈસા પણ છીનવાઈ જાય.

ઝારખંડના ગુમલા જિલ્લાના શિમાલ ગામના ૨૧ વર્ષના રૉબિન મિન્ઝ નામના લેફ્ટ-હૅન્ડ બૅટર અને વિકેટકીપર તેમ જ લેફ્ટ-આર્મ સ્પિનરની જ વાત કરીએ. ડિસેમ્બર, ૨૦૨૩માં ગુજરાત ટાઇટન્સે રસાકસી બાદ તેને મોટી રકમમાં ખરીદી લીધો ત્યારે તે દુનિયાભરના અખબારોમાં, વેબસાઇટો પર અને મીડિયામાં ચમકી ગયો હતો. એ પહેલાં ભાગ્યે જ કોઈએ તેનું નામ સાંભળ્યું હશે. ગુજરાત જેવી ટોચની ટીમ જેને ૨૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૩.૬૦ કરોડ રૂપિયામાં ખરીદે તો એ ખેલાડીની કિસ્મત ખૂલી જ ગઈ કહેવાય. રૉબિન આઇપીએલના ફ્રેન્ચાઇઝી દ્વારા ખરીદવામાં આવેલો પહેલો જ આદિવાસી ખેલાડી છે.

'ઝારખંડના ક્રિસ ગેઇલ' અને 'ભવિષ્યના ધોની' તરીકે જેની ગણના પણ થતી હોય એવા ખેલાડીએ સ્વાભાવિક છે કે પોતાની કાબેલિયત અને ક્ષમતા પુરવાર કરવા પાકી તૈયારી કરી લીધી હશે. જોકે માર્ચ મહિનાની શરૂઆતમાં તે બાઇક અકસ્માતનો શિકાર થયો અને ત્યારથી તેના ભાગ્યમાં પલટો આવી ગયો. રૉબિનને ૨૦૨૪ની આઇપીએલની બહાર થઈ ગયેલો જાહેર કરવામાં આવ્યો છે. હરાજીમાં તેને મહામહેનતે ખરીદનાર ગુજરાત ટાઇટન્સના ટીમ-મૅનેજમેન્ટે પ્લેયર-સિલેક્શનની બાબતમાં કોઈ જોખમ ઉઠાવવા નથી માગતું અને એટલે જ એણે રૉબિન મિન્ઝને બાજુ પર રાખીને કર્ણાટકના વિકેટકીપર-બૅટર બી. આર. શરથને ટીમમાં સમાવ્યો છે. ■

# શૅરબજારમાં સતત ત્રીજા સત્રમાં આગેકૂચ, જોકે સેન્સેક્સ ૭૩,૦૦૦ની સપાટી વટાવવામાં નિષ્ફળ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારમાં ભારે અફડાતફડી અને ઊથલપાથલ જોવા મળી હતી. મોટા ગેપ સાથે નીચી સપાટીએ સત્રની શરૂઆત બાદ એક તબક્કે ૭૩,૦૦૦ની સપાટી પાર કરી લીધા બાદ સેન્સેક્સ લપસી ગયો હતો અને સામાન્ય સુધારા સાથે ૭૨,૦૦૦ની સપાટી ટકાવી શક્યો હતો. બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી સપ્તાહના અંતિમ દિવસે શુક્રવારે સતત ત્રીજા સત્રમાં ઊંચા સ્તરે બંધ રહ્યા હતા.

ફેડરલ રિઝર્વે આ વર્ષે ત્રણ દરમાં કાપના સંકેત આપ્યા બાદ યુએસ બજારોમાં રેકોર્ડ રેલીને પગલે ખાસ કરીને એલએન્ડટી, આઇટીસી અને મારૂતિ જેવી જે ઇન્ડેક્સની મુખ્ય હેવીવેઇટ કંપનીઓમાં આવેલા ઉછાળાને કારણે બેન્ચમાર્ક પોઝિટીવ જોનમાં આગળ વધવામાં સફળ રહ્યાં હતા. જોકે, બેન્ચમાર્ક સેન્સેક્સ ૭૩,૦૦૦ની સપાટી પાર કરવામાં સફળ રહ્યો નહોતો. પ્રારંભિક સત્રમાં ઘટાડા પછી બજારોએ સ્માર્ટ રિકવરી કરી હતી. ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૧૯૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા વધીને ૭૨,૮૩૧.૯૪ પોઇન્ટના સ્તર પર સેટલ થયો હતો. જો કે, આઇટી અને ટેક શેરોમાં તીવ્ર કરેક્શને ઉછાળાને મર્યાદિત કર્યો હતો. દિવસ દરમિયાન તે ૪૭૪.૪૩ પોઈન્ટ અથવા ૦.૬૫ ટકા વધીને ૭૩,૧૧૫.૬૨ પોઇન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૪.૮૦ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૨,૦૯૬.૭૫ના સ્તરે પહોંચ્યો હતો.

સન ફાર્મા, મારુતિ, ઇન્ડસઇન્ડ બેંક, ટાઇટન, આઇટીસી, ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટુબ્રો અને જેએસડબ્લ્યુ સ્ટીલ ટોપ ગેઇનર બન્યાં હતાં. બીજી તરફ ઈન્ફોસિસ, વિપ્રો, એચસીએલ ટેક્નોલોજીસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા અને બજાજ ફિનસર્વ ટોપ લુઝર શેરોની યાદીમાં હતા. બીએસઇ આઇટી ઇન્ડેક્સ બે ટકા ઘટ્યો હતો.

એસઆરએમ કોન્ટ્રાક્ટર્સ લિમિટેડ, ૨૬ માર્ચે રૂ. ૧૩૦ કરોડના જાહેર ભરણા સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૦૦થી ૨૧૦, લોટ સાઈઝ ૭૦ ઈક્વિટી શેર છે, જે એનએસઇ અને બીએસઇ પ્લેટફોર્મ પર લિસ્ટ થશે. એન્કર પોર્શન માટે બિડિંગ ૨૨ માર્ચે રોજ ખુલશે અને ઇશ્યુ ૨૮ માર્ચે બંધ થશે. લીડ મેનેજર ઇન્ટરેક્ટિવ ફાઇનાન્સિયલ સર્વિસિસ અને ઇશ્યુ રજીસ્ટ્રાર બિગશેર સર્વિસીસ છે. એસએમઇ સેગમેન્ટમાં ફરી ધમધમાટ વધી રહ્યો છે. રેડિયોવાલા નેટવર્ક રૂ. ૧૪.૨૫ કરોડના આઇપીઓ સાથે ૨૭મી માર્ચે મૂડીબજારમાં પ્રવેશ કરી રહી છે.આ જાહેર ભરણું બીજી એપ્રિલે બંધ થશે. ઇશ્યૂનું કદ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૧૮.૭૫ લાખ શેરનું છે. પ્રાઇસ બેન્ડ શેર દીઠ રૂ. ૭૨થી રૂ. ૭૬ની રેન્જમાં છે,મિનિમમ લોટ ૧,૬૦૦ શેરનો છે. શેર એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટ થશે. નાર્નોલિયા ફાનિાનાન્શિયલ લીડ મેનેજર અને માશિતલા સિક્યુરિટીઝ ઇશ્યૂ રજિસ્ટ્રાર છે.

ડિજિટલ બેન્કિંગ અને પેમેન્ટ્સ ટેક્નોલોજીમાં અગ્રણી નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ (એનપીએસટી) લિમિટેડને ડિજિટલ પેમેન્ટ સ્પેસમાં તેની નવીનતાઓ માટે પ્રતિષ્ઠિત ઇટી નાવ બીએસએફઆઇ બેસ્ટ બ્રાન્ડ્સ ૨૦૨૪ એવોર્ડ મળ્યો છે. પાછલા ૧૨ મહિનામાં, એનપીએસટીએ યુપીઆઇ પ્લગઈન, યુપીઆઇ પર ક્રેડિટ, ઇવોક ૨.૦ સહિત અનેક ઓનલાઈન ડિસ્પ્યુટ રિઝોલ્યુશન નવીન ઓફરો શરૂ કરી છે. પ્રથમ ત્રણ ક્વાર્ટરમાં, કંપનીએ રૂ. ૮,૫૪૦.૧૪ લાખની એકીકૃત આવક જાહેર કરી છે.

ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ શુક્રવારે ફ્લેટ નોટ પર વેપાર કર્યો હતો કારણ કે બજારના સાધનો અનુસાર આઇટી સેક્ટરની બેલવેધર ગણાતી કંપની એક્સેન્ચરની રેવન્યુને લગતી ચેતવણીને કારણે આઇટી શેરોમાં જોરદરા વેચવાલી સાથે ઘટાડો થયો હતો અને તેની અસર બેન્ચમાર્ક ઇન્ડેક્સ પર જોવા મળી હતી.

સવારના સત્રમાં જ વિપ્રો, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, એચસીએલ ટેકનો, એલટીઆઇમાઇન્ડટ્રી અને ઇન્ફોસિસ જેવા ટેક્નોલોજી શેરમાં ૨.૩ ટકાથી ૪.૫ ટકા સુધીના કડાકા બોલી જતાં આઇટી ઇન્ડેક્સ ટોચનો સેક્ટોરલ લુઝર ઇન્ડેક્સ બન્યો હતો. આઇટી શેરો પણ નિફ્ટીના ટોચના પાંચ લુઝર હતા. આઇટીને બાદ કરતાં અન્ય તમામ ૧૨ મુખ્ય સેક્ટરમાં સુધારો થયો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વે મજબૂત આર્થિક સંકેત હોવા છતાં આ વર્ષે ત્રણ તબક્કાના રેટ કટની આગાહી કરી છે. મુખ્ય સૂચકાંકો વિક્રમી ઊંચાઈને અથડાતાં વૈશ્વિક બજારનું આઉટલૂક તેજીનું રહ્યું છે. એક્સેન્ચરની આવકને લગતી નકારાત્મક આગાહીને પગલે આઇટી શેરોમાં આગળ પણ મંદી જોવા મળી શકે છે. નિફ્ટી જોકે આગેકૂચ જાળવી રાખવાનો પ્રયાસ કરશે. નિફ્ટીમાં ૨૧,૭૧૧ ટેકાની સપાટી રહેશે, જ્યારે બેન્ક નિફ્ટીમાં આગેકૂચની સંભાવના દેખાય છે.

એશિયન બજારોમાં સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ નેગેટીવ ઝોનમાં લપસ્યા હતા, જ્યારે ટોક્યો પોઝિટીવ ઝોનમાં રહ્યું હતું. યુરોપિયન બજારોમાં બપોરના સત્ર સુધી મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

વોલ સ્ટ્રીટે ગુરુવારે સતત બીજા સત્રે તાજા રેકોર્ડ શિખરો સર કર્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૧,૮૨૬.૯૭ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૨ ટકા ઘટીને ૮૫.૫૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ગુરુવારે બીએસઇ બેન્ચમાર્ક ૫૩૯.૫૦ પોઈન્ટ અથવા ૦.૭૫ ટકા વધીને ૭૨,૬૪૧.૧૯ પર બંધ થયો હતો. નિફ્ટી ૧૭૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા વધીને ૨૨,૦૧૧.૯૫ પર પહોંચ્યો હતો.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૬.૪૦ અબજ ડૉલરનો વધારો

મુંબઈ: ગત તા. ૧૫ માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી ચલણી અસ્ક્યામતો ૬.૩૯૬ અબજ ડૉલર વધીને ૬૪૨.૪૯૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧૦.૪૭ અબજ ડૉલરના ઉછાળા સાથે ૬૩૬.૦૯૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અગાઉ ઑક્ટોબર, ૨૦૨૧માં દેશની વિદેશી ચલણી અસ્ક્યામતો ૬૪૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા હાજર બજારમાં ડૉલરમાં વેચવાલી રહેતી હોવાથી ક્રમશઃ અનામતમાં ઘટાડો થતો રહ્યો હતો.


**PUBLIC NOTICE**

Take notice that we, MAKBUL SULEMAN SHEIKH AND MUSTAK ASRAF SHEIKH hereby declare that the Power of Attorney dated 27/11/1995 jointly given by us and (1) USMANGANI PEER MOHAMED SHEIKH (2) YAKUB PEER MOHAMED SHEIKH AND (3) MR. FAZAL MOHAMED DELWAR SHEIKH to LATIF PEER MOHAMED SHEIKH in respect of under mentioned property has been REVOKED AND CANCELLED.

Hence the Attorney LATIF PEER MOHAMED SHEIKH has no authority and power of represent us i.e. MAKBUL SULEMAN SHEIKH AND MUSTAK ASRAF SHEIKH in respect of any of the affairs including the said property described in the schedule hereunder written.

TAKE ONE that any person or party entering into any Agreement or dealing with the said Attorney LATIF PEER MOHAMED SHEIKH shall not be binding upon MAKBUL SULEMAN SHEIKH AND MUSTAK ASRAF SHEIKH and any such dealing and Agreement will not be binding upon us.

**SCHEDULE**
**(Description of the property)**

213, 214, 215, 216, 217A, 217B, 217C, 217D, and 217E Maulana Shaukatali Road, Bombay-400008 and bearing C.S. no. 950 of the Girgaum Division of the Bombay District, known as Goradwala Estate (formerly known as Kutra Galli).
Mumbai dated this 19th day of March, 2024

Sd/-
MS. MAHLAQA M. LADIWALA
B.COM. LLB.
ADVOCATE HIGH COURT
Advocate for
Mr. MAKBUL SULEMAN SHEIKH and
Mr. MUSTAK ASRAF SHEIKH
124 A, Jolly Maker Chamber–2, Jamnalal Bajaj Marg, Nariman Point, Mumbai - 400021



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**જાહેર નોટિસ**

આ સાથે નોટિસ આપવામાં આવે છે કે અમારા અસીલે શ્રી ફારૂખ દાદી મિસ્ત્રી પાસેથી બોજા, ચાર્જ, લિયન, દાવા, અધિકાર અથવા કોઈના પણ તેની ઉપર યેનકેન પ્રકારે રહેતા અન્ય કોઈ હિત રહિત અને તેનાથી મુક્ત એવી સદરહુ મિલ્કત ખરીદવા/ હસ્તગત કરવા સંમત થયા છે.

સદરહુ મિલ્કત પર કોઈ પણ પ્રકારના બોજા, ચાર્જ, લિયન, દાવા, અધિકાર અથવા કોઈના પણ તેની ઉપર યેનકેન પ્રકારે રહેતા અન્ય કોઈ હિત કે હકદાવો કોઈ વ્યક્તિ અથવા સંસ્થા ધરાવતી હોય, તો તેમણે આ નોટિસ પ્રકાશિત થયાના ૧૫ દિવસમાં નીચે સહી કરનારાની ૩૦૫-૯, નીલકંઠ, ૯૮, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦ ૦૦૨ સ્થિત ઓફિસે અથવા yasmin@dmharish.com પર ઈમેઈલ કરીને લેખિતમાં લાગતા-વળગતા પૂરાવા સહિત જાણ કરવાની રહેશે, અને આમ કરવામાં નહીં આવે તો તે પછી આવા કોઈ પણ દાવા, અધિકાર, હિત, ચાર્જ, બોજા અથવા અન્ય કોઈ પણ પ્રકારના હકદાવાને સંદર્ભિત કર્યા વિના આ ટ્રાન્ઝેક્શનને પરિપૂર્ણ કરી દેવામાં આવશે.

**મિલ્કતનું વર્ણન**

રૂ. ૫૦/-ના મૂલ્યના ૫૦૦ શેર્સ કે જેનો ૧૮ મી જૂન ૧૯૬૭ અને ૪ થી ઓક્ટોબર ૧૯૬૭ ના રોજ જામસજી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા જારી કરાયેલા બે શેર સર્ટિફિકેટ નંબર ૨૯ અને ૫૯ હેઠળના વિભિન્ન ક્રમાંક ૧૪૧ થી ૧૪૫ અને ૧૪૦૧૧ થી ૧૪૫૦૫ સુધી છે અને જે મુંબઈના તારદેવ ડિવિઝનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૨૮૩ ધરાવતા "જામસજી એપાર્ટમેન્ટ્સ" તરીકે ઓળખાતા અને તે નામના બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોરની એક દુકાન નં. ૧૨ (જેનો ગેરેજ તરીકે ઉપયોગ કરાઈ રહ્યો છે) અને તેની સાથે પાંચમા માળ પરના ફ્લેટ નં. ૫૪/૫૫ છે કે જે ૩૨, સ્લેટર રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૭ ખાતે આવેલા છે.

શ્રીમતી યાસ્મિન એચ. કર્નાક
એડવોકેટ
ડી. એમ હરિશ એન્ડ કં. વતી
એડવોકેટ્સ
તારીખ : ૨૩/૦૩/૨૦૨૪


# વૈશ્વિક સોનામાં થાક ખાતી તેજીઃ નફારૂપી વેચવાલીએ સોનામાં ₹ ૬૪૩નો અને ચાંદીમાં ₹ ૯૯૩નો ઘટાડો

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજદરના કપાતના અણસાર આપ્યા બાદ ગઈકાલે વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૨૨૨.૩૯ ડૉલરની વિક્રમ સપાટીએથી પાછા ફર્યા બાદ આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં લંડન ખાતે સોના-ચાંદીમાં તેજીએ થાક ખાધો હતો અને હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૮ ટકા ઘટીને અને વાયદામાં ભાવ ટકેલા ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવમાં વધુ ૦.૮ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૪૩થી ૬૪૬નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૮ પૈસા ગબડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતર વધવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે .૯૯૯ ટચ ચાંદીમાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૯૯૩ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ, સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૪૩ ઘટીને રૂ. ૬૬,૬૪૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૪૬ ઘટીને રૂ. ૬૬,૨૬૮ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૯૯૩ ઘટીને રૂ. ૭૪,૦૫૨ના મથાળે રહ્યા હતા.

વૈશ્વિક બજારમાં ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી ૦.૮ ટકાનું બાઉન્સબૅક જોવા મળતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૮ ટકા ઘટીને ઔંસદીઠ ૨૧૬૬.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સત્રમાં ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૨૨૨.૩૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, આજે સોનાના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૧૮૨.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૨૪.૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ફેડરલના રેટકટના અણસારો પશ્ચાત્ સોનાના ભાવમાં ઝડપી ઉછાળો આવી ગયા બાદ આજે થોડાઘણાં અંશે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કરેક્શન જોવા મળ્યું હોવાનું ટીડી સિક્યોરિટીઝનાં વિશ્લેષક ડેનિયલ ઘલીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલ ટ્રેડરો આગામી જૂન મહિનાથી રેટ કટ જોવા મળે તેવી ૭૨ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે, જ્યારે અગાઉ ૬૫ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી હતી. વધુમાં બોફા રિસર્ચે એક નૉટ્સમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪માં રોકાણકારો માટે ઈક્વિટી સામે હેજ માટે હજુ સોનું આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. તેમ જ કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં ખરીદીનો ટેકો સમયાંતરે મળતો રહે તેવી શક્યતા નોટ્સમાં વ્યક્ત કરવામાં આવી છે.

# એક્સેન્ચરના ગાઈડન્સે અમેરિકન કરંટનો ફ્યૂઝ ઉડાવી નાખ્યો

*નિલેશ વાઘેલા*

મુંબઈ: અમેરિકાની ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ત્રણ તબક્કે કાપ મૂકવાના સંકેત જાહેર કર્યા હોવાથી વૈશ્વિક ઇક્વિટી બજાર સાથે સ્થાનિક સ્તરે પણ સુધારો જોવા મળ્યો હતો અને એકંદર બજારને ટેકો મળ્યો હતો, પરંતુ અમેરિકાની જ ટેકનોલોજી જાયન્ટ એક્સેન્ચરે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે તેની આવકની આગાહીમાં ઘટાડો જાહેર કર્યો હોવાના અહેવાલો વચ્ચે શુક્રવારે પ્રારંભિક તબક્કાથી જ આઇટી શેરોમાં ધોવાણ શરૂ થઇ ગયું અને તેને પરિણામે ભારતીય બેન્ચમાર્ક શેરઆંકોનો સુધારો ધોવાઇ ગયો હતો.

યુએસ-લિસ્ટેડ એક્સેન્ચરે નબળા અનુમાન જાહેર કર્યા પછી ઇન્ફોસિસ અને વિપ્રો એડીઆર (અમેરિકન ડિપોઝિટરી રિસિપ્ટ)ના શેરમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ એક તબક્કે ૭૩,૦૦૦ની સપાટી પાર કરી ગયો હોવા છતાં ઊંચી સપાટી સામે લગભગ ૯૫૦ પોઇન્ટ ગબડ્યો હતો અને અંતે માત્ર ૧૯૦ પોઇન્ટ જેવા સુધારા સાથે બંધ રહ્યો હતો. પ્રારંભિક સત્રમાં જ બીએસઇ પર એચસીએલ ટેક્નોલોજીસના શેરમાં ૫.૬૨ ટકા, વિપ્રોમાં ૪.૨૪ ટકા, એલટીઆઇમાઇન્ડ્ટ્રીમાં ૪.૧૭ ટકા અને એલએન્ડટી ટેક્નોલોજી સર્વિસિસના શેરમાં ૪.૧૩ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. ઇન્ફોસિસના સ્ટોકમાં આ તબક્કે ૩.૭૦ ટકા, ટેક મહિન્દ્રાના શેરમાં ૩.૫૭ ટકા અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના સ્ટોકમાં ૨.૯૭ ટકાનો કડાકો નોંધાયો હતો. બીએસઇ આઇટી ઇન્ડેક્સ ૧.૬૩ ટકા નીચો ક્વોટ થયો હતો. સત્રને અંતે આ ઇન્ડેક્સ બે ટકા અથવા તો ૭૨૯.૬૧ પોઇન્ટના કડાકા સાથે ૩૬,૫૫૪.૩૪ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. બેન્ચમાર્ક ઇક્વિટીની બે દિવસની તેજીને આઇટી શેરોના ધોવાણને કારણે સહેજ બ્રેક લાગી હતી અને સુધારો ધોવાયો હતો. આઇટી શેરોના ધોવાણ સાથે પ્રારંભિક સત્ર દરમિયાન બીએસઇનો ત્રીસ શેરવાળો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૧૩.૩૬ પોઈન્ટ ઘટીને ૭૨,૨૨૭.૮૩ પોઇન્ટના સ્તર પર અને એનએસઇનો નિફ્ટી ૮૬.૮ પોઈન્ટ ઘટીને ૨૧,૯૨૫.૧૫ પર પહોંચ્યો હતો. ટોચના બ્રોકિંગ હાઉસના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટે જણાવ્યું હતું કે, એક્સેન્ચરના નબળા માર્ગદર્શનને જોતાં આઇટી દબાણ હેઠળ રહેવાની શક્યતા છે.

# નિરસ માગ વચ્ચે દેશી – આયાતી તેલમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં ૩૫ પૉઈન્ટનો ઘટાડો તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં વધુ ૬૨ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ, સ્થાનિકમાં ખપપૂરતી માગ અને આયાતી તેલના શિપમેન્ટો બંદર પર હોવાથી ફરતા માલની ખેંચ હળવી થતાં આયાતી તેલમાં પીછેહઠ જળવાઈ રહી હતી. આજે હાજરમાં ૧૦ કિલોદીઠ આયાતી તેલમાં સોયા ડિગમમાં રૂ. ૨૦, આરબીડી પામોલિનમાં રૂ. ૧૩, સન ક્રૂડમાં રૂ. ૧૦ તથા ક્રૂડ પામતેલ, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે મથકો પાછળ દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર હાલ આયાતી તેલના મુંબઈ બંદર પર ૭૦થી ૮૦ હજાર ટનના અને કંડલા બંદર પર ૧.૫૦થી ૧.૭૫ લાખ ટનના શિપમેન્ટો લાગ્યા હોવાથી આગામી ટૂંક સમયમાં ફરતા માલની ખેંચ હળવી થવાની શક્યતા ઉપરાંત માર્ચ એન્ડિંગને કારણે સ્થાનિકમાં મોટા વેપારોમાં નિરસતા જોવા મળી રહી છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રી, ગ્લેન્ટેક અને એએનએના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૯૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આગામી ૫થી ૧૫ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા બે-પાંચ ટ્રક આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૮થી ૯૫૨ આસપાસના મથાળે થયા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૪૫, ક્રૂડ પામતેલના રૂ. ૯૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૯૫, સોયા ડિગમના રૂ. ૯૪૫, સન રિફાઈન્ડના રૂ. ૯૭૦, સન ક્રૂડના રૂ. ૯૦૦, સિંગતેલના રૂ. ૧૫૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૯૦ અને સરસવના રૂ. ૧૦૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦થી ૨૩૫૦માં અને લૂઝના ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦થી ૧૪૭૫માં અને કપાસિયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૫થી ૯૨૦માં થયા હતા.

વધુમાં આજે મધ્યપ્રદેશનાં મથકો પર સોયાસીડની ૭૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૦૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૦૦થી ૪૬૭૫માં થયા હતા, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૭૫થી ૯૮૫માં થયા હતા. આ સિવાય આજે રાજસ્થાનના મથકો પર અંદાજે ૭.૫૦ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૭૫થી ૫૫૦૦માં થયા હતા, જ્યારે સન એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૨૯થી ૧૦૩૦માં અને કચ્ચી ઘાણીના વેપાર રૂ. ૧૦૩૯થી ૧૦૪૦માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૪૮૦થી ૨૪૮૫માં થયાના અહેવાલ હતા.


**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

પશ્ચિમ રેલવે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

| અનું. નં. | ટેન્ડર નં. | વસ્તુનું ટૂંકું વર્ણન | નંગ | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| (1) | 82245501 | ERC માર્ક-V (RT-5919) | 98917 નંગ | 11-એપ્રિલ-24 ના 11:00 કલાકે |
| (2) | 82245483 | મેચીંગ સામગ્રી સાથે ડ્રોઈંગ નં. 60 Kg R-260 મુજબ વેલ્ડિંગ ભાગ. | 2548 નંગ | 01-એપ્રિલ-24 ના 11:00 કલાકે |
| (3) | 82245521 | AT વેલ્ડિંગ ઉપકરણ (કિપ પ્રી હિટીંગ સિસ્ટમ) | 9 નંગ | 04-એપ્રિલ-24 ના 11:00 કલાકે |

વિગતવાર નોટીસ ઈએમડી, ખરીદીના નિયંત્રણો અને વિગતવાર શરતો અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને www.indianrailways.gov.in ની મુલાકાત લેશો. BRC-352

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

વિવિધ સિગ્નલીંગ કામ

ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/36/SIG-R તા.18-03-2024

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત Sr.DSTE/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_23-24_36_SIG-R. ની સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ તેમની અસલ/ સુધારેલી બિડ માત્ર બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થયેલ હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ (1) વડોદરા મંડળ - ADSTE-GDA ના અધિકારક્ષેત્રમાં 43.474 Tkm. - TRR(P) (2) BRC મંડળ - નડિયાદ-મોડાસા સેક્શન ઉપર CRO સંભાવનાવાળા સ્થળો ખાતે W મેટલ બિમ કેશ બેરિયરની જોગવાઈ. (3) BRC મંડળ - ANNDCBY સેક્શન ઉપર કિ.મી. 4.0 થી 8.0, કુલ 04 કિ.મી. CRO સંભાવનાવાળા સ્થળો ખાતે W મેટલ બિમ કેશ બેરિયરની જોગવાઈ. (4) BRC મંડળ - ANND GDA સેક્શન ઉપર કુલ 5.575 કિ.મી. CRO સંભાવનાવાળા સ્થળો ખાતે W મેટલ બિમ કેશ બેરિયરની જોગવાઈ. (5) BRC મંડળ - ANND CBY સેક્શન ઉપર કિ.મી. 0.0 થી 4.0, કુલ 04 કિ.મી. CRO સંભાવનાવાળા સ્થળો ખાતે W મેટલ બિમ કેશબેરિયરની જોગવાઈ. (6) ANND-GDA સેક્શન :- 1.017 કિ.મી. TRR(P) ના એન્જિનિયરીંગ કામના સંબંધમાં સામગ્રીની આંશિક આપૂર્તિ, ખાઈઓ ખોદવી, કેબલ્સ પાથરવા, ગેન્ગની જોગવાઈ કરવા દ્વારા ટ્રેક માઉન્ટેડ ઉપકરણોની જાળવણી, પોઈન્ટ મશીન માટે ગેન્ગની જોગવાઈ કરવા સહિત ટ્રેક માઉન્ટેડ ઉપકરણો સાથે સહાયક કામો વગેરે જેવા સિગ્નલીંગ કામ કરવાનું કામ. (2) કામની અંદાજીત પડતરઃ ₹ 73,60,391.70 (3) જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ ₹ 1,47,200.00 (4) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.15-04-2024 ના 15:00 કલાકે અને તા.15-04-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ http:// www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-354

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે**

પાર્સલ SLRના લિઝિંગ માટે કોન્ટ્રાક્ટ

ડિવિઝનલ ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, પાર્સલ SLRના લિઝિંગના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન મંગાવે છે, ઉપરોક્ત સંદર્ભમાં, મુંબઈ ડિવિઝનથી ઉપડતી ટ્રેનોમાં પાર્સલ SLR લીઝ પર આપવાના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન મંગાવાય છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે, વિગતો નીચે મુજબ આપવામાં આવી છે.

| ઓક્શન કેટલોગ નંબર | લોટ નંબર | | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|---|
| MMCT-PLS-૨૪-૦૭ | 22921-SLR-F1-BDTS-GKP-24-1<br>22933-SLR-R1-BDTS-JP-24-1<br>22949-SLR-R1-BDTS-DEE-24-1<br>20941-SLR-R1-BDTS-GCT-23-2 | 19051-SLR-F1-BL-MFP-24-1<br>22913-SLR-R1-BDTS-SHC-24-1<br>22971-SLR-F1-BDTS-PNBE-22-1<br>22971-SLR-R1-BDTS-PNBE-23-2 | લોટ માટે ઈ-ઓક્શન ૨૮/૦૩/૨૦૨૪ના ૧૨.૦૦ કલાકે શરૂ થશે. |
| MMCT-PLS-૨૪-૦૮ | 12961-SLR-R1-MMCT-INDB-23-1 | | લોટ માટે ઈ-ઓક્શન ૦૧/૦૪/૨૦૨૪ના ૧૨.૦૦ કલાકે શરૂ થશે. |

કોન્ટ્રાક્ટના પ્રકારઃ પાર્સલ, કેટેગરી : પાર્સલ SLR, કોન્ટ્રાક્ટ મુદ્તઃ ૨ વર્ષ, નોંધઃ સંભવિત બિડર્સને IREPS વેબસાઈટઃ www.ireps.gov.in પર ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ ૩૦ મિનિટ છે. 1299

અમને લાઇક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે**

મટેરિઅલ્સ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ મટેરિઅલ્સ સપ્લાય

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નં. S/૧૫/૨૦૨૪ તારીખઃ ૧૯/૦૩/૨૦૨૪

| ક્ર.નં. | આઈટમનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૧૭૭ | ફ્રેટ સ્ટોકના કારતૂસ ટેપર રોલર બેરિંગ્સ માટે AAR મંજૂર/RDSO મંજૂર ગ્રીસ | ૬૫૦૦ કિ.ગ્રા. | ૦૩-૪-૨૪ |
| ૧૭૮ | કન્ડેન્સર કોઈલ એસેમ્બલીનો સેટ | ૩૦ સેટ | ૦૮-૪-૨૪ |
| ૧૭૯ | ZPRD તરીકે ઉપયોગમાં લેવાતી હેડલાઈટની તીવ્રતા માટે સ્વિચ કરો | ૨૩૫ નંગ | ૦૮-૪-૨૪ |
| ૧૮૦ | રૂફ માઉન્ટેડ એર કન્ડિશનીંગ સિસ્ટમ | ૧૧૮ નંગ | ૧૦-૪-૨૪ |
| ૧૮૧ | ટ્રેક્શન મોટર સ્પીડ સેન્સર કેબલ સાથે ફીટ | ૨૨ નંગ | ૧૦-૪-૨૪ |
| ૧૮૨ | કંડક્ટર કોપર હાર્ડ ડ્રોન, ૫ મીમી ડાયા | ૩૩૬૯ નંગ | ૧૦-૪-૨૪ |
| ૧૮૩ | WAP-૫ થ્રી ફેઝ લોકો માટે ગિયર બોક્સ મશીન | ૭ નંગ | ૧૦-૪-૨૪ |
| ૧૮૪ | હિતાચી ટાઈપ ટ્રેક્શન મોટર માટે ગિયર કેસ એસેમ્બલી | ૧૪૦ નંગ | ૧૧-૪-૨૪ |
| ૧૮૫ | એપ્રીકોટ યેલો | ૩૦૦૦૦ લીટર | ૧૨-૪-૨૪ |
| ૧૮૬ | હાઈ વોલ્યુમ લો સ્પીડ (HVLS) ફેન ૧૦ ફીટ ડાયામીટર | ૧૫ નંગ | ૧૨-૪-૨૪ |
| ૧૮૭ | ૬૬ KVની સપ્લાય, સિંગલ કોર, ૬૩૦ ચો.મીમી | ૨ કિમી | ૧૨-૪-૨૪ |
| ૧૮૮ | ઈકો-ફ્રેન્ડલી પેપર પેકિંગ (બેડ રોલ કવર) | ૧૨૫૦૦ નંગ | ૧૫-૪-૨૪ |
| ૧૮૯ | R/M પેઈન્ટ પોસ્ટ ઓફિસ રેડ | ૧૪૩૨૦ લીટર | ૧૭-૪-૨૪ |
| ૧૯૦ | R/M પેઈન્ટ સ્મોક ગ્રે. | ૨૦૫૬૦ લીટર | ૧૭-૪-૨૪ |
| ૧૯૧ | ઈપોક્સી કમ પોલીયુરેથીન ગ્રે | ૧૫૨૦૦ લીટર | ૧૭-૪-૨૪ |
| ૧૯૨ | ફ્લેક્ઝિબલ અર્થિંગ | ૧૯૧૧૩ નંગ | ૧૭-૪-૨૪ |
| ૧૯૩ | ૪ કોર ૩૫ ચો. મીમી નોમિનલ એલ્યુમિનિયમ કંડક્ટર | ૧૫૩૬૫ મીટર | ૧૭-૪-૨૪ |
| | **રિવર્સ ઓક્શન** | | |
| ૧૮ | ૬૦ કિગ્રા. UIC/૫૨ કિગ્રા. રેલ સેક્શનથી Drg. નં. RDSO T-૫૯૧૯ માટે ફ્લેટ ટોઈ સાથે ઈલાસ્ટીક રેલ ક્લીપ MK-V | ૧૩૩૧૭૭૮૪ નંગ | ૧૫-૪-૨૪ |

વિગતવાર નોટિસ બારડી, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઈટઃ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.inની મુલાકાત લો.

1287 પ્રિન્સિપલ ચીફ મટેરિઅલ્સ મેનેજર માટે

અમને લાઇક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly



**મધ્ય રેલવે**

**ઈ-ઓક્શનની નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી પ્રિન્સિપાલ એડિશનલ ચીફ મટિરિઅલ મેનેજર નીચે મુજબ સ્ક્રેપના વેચાણ માટે માર્ચ ૨૦૨૪ના મહિના દરમિયાન ઈ-ઓક્શન યોજશે.
**નોંધઃ**- ભવિષ્યમાં અખબારોમાં ઈ-ઓક્શન પ્રોગ્રામનું પ્રકાશન બંધ કરવામાં આવશે અને ખરીદદારોને મધ્ય રેલવે IREPS વેબસાઈટ સરનામું www.ireps.gov.in સાથે લિંક કરવું.

| ઓક્શન હાથ ધરતા અધિકારીઓ | તારીખ અને સંપર્ક નંબર | |
|---|---|---|
| Sr.DMM/NGP | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૭૨૧૯૬૧૨૭૫૦ |
| Sr.DMM/BSL With MMR depot. | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૭૨૧૯૬૧૧૭૫૧ |
| Sr.DMM/PA | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૭૨૧૯૬૧૩૭૫૦ |
| Sr.DMM/BB | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૮૮૨૮૧૧૯૭૫૦ |
| Sr.DMM/SUR | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૭૨૧૯૬૧૪૭૫૦ |
| Dy.CMM(Tr)HQ For SMM (G) CRD | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૮૮૨૮૧૧૦૭૬૧ |
| Dy..CMM(M) PR | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૮૮૨૮૧૧૯૭૫૫ |
| Dy.CMM(M) (CWE) MTN | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૮૮૨૮૧૧૯૭૭૦ |
| Dy.CMM(Tr)HQ For AMM/HBHR | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૮૮૨૮૧૧૦૭૬૧ |
| Dy.CMM (ACL) BSL | ૩૦.૦૩.૨૦૨૪ શનિવાર | ૭૨૧૯૬૧૧૭૫૦ |

**નોંધઃ**- જો જરૂરી હોય તો લાયક લોટસ માટે ઓક્શનની અસલ તારીખ અને સમયથી કામકાજના બીજા દિવસે પૂરક ઓક્શન હાથ ધરવામાં આવશે. રેલવે પ્રશાસન પોતાની મુનસફીએ કોઈપણ પૂરક ઓક્શન રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.
નોંધ :- એ) રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ પાછો ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. રેલવે કોઈપણ ડેપો/ડિવિઝનના કોઈપણ લોટને કોઈપણ અનુગામી ઓક્શનમાં કોઈપણ યોગ્ય રીતે ઓક્શન કરવાનો અધિકાર પણ અનામત રાખે છે. મધ્ય રેલવેના અન્ય ડેપો/ડિવિઝનના અનુગામી ઓક્શનમાં કોઈપણ ડેપો/ડિવિઝનની ન વેચાયેલી ઘણી બધી વસ્તુઓ વેચવામાં આવશે. બી) સરકારી નીતિ મૂજબ, જ્યાં સ્ક્રેપ મટેરિઅલના રિસાયકલિંગમાં પર્યાવરણ અને પ્રદૂષણની સમસ્યાઓનો સમાવેશ થાય છે, આવા લોટ માત્ર કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)/ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (SPCB) દ્વારા જારી કરાયેલ માન્ય લાયસન્સ ધરાવતા અધિકૃત બિડર્સને જ વેચવામાં આવશે. સી) ઈ-ઓક્શન કેટલોગ વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ રહેશે. ડી) જો ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષર, નોંધણી પ્રક્રિયા અને સહભાગિતા વગેરે સંબંધિત કોઈપણ સહાયની જરૂર હોય, તો કૃપા કરીને ઉપરોક્ત સંબંધિત ઓક્શન આયોજક અધિકારીઓને અથવા Dy.CMM/Sales/HQ, મો. નં. ૮૮૨૮૧૧૦૭૬૧, ઈમેલ સરનામું: dycmm.s.cstm@gmail.com અથવા dycmms@cr.railnet.gov.in સંપર્ક કરવો.

AK-999 પ્રિન્સિપલ ચીફ મટેરિઅલ્સ મેનેજર

ટિકિટો માટે UTS એપ ડાઉનલોડ કરો.

### મહાયુતિમાં મનસેની એન્ટ્રીની સાઈડ-ઈફેક્ટ

# હોળીની ઉજવણીમાં ભાજપના ગુજરાતી-મારવાડી કાર્યકર્તાઓને તકલીફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની આગામી મહિને થનારી ચૂંટણીમાં મહારાષ્ટ્રની સત્તાધારી મહાયુતીમાં રાજ ઠાકરેના પક્ષ મનસેને સામેલ કરવાનો વિચાર ચાલી રહ્યો છે અને તેમનો પ્રવેશ લગભગ નિશ્ચિત માનવામાં આવે છે ત્યારે મુંબઈમાં ભાજપને મનસેની એન્ટ્રીની સાઈડ ઈફેક્ટનો સામનો કરવો પડી રહ્યો છે. મુંબઈમાં હોળીના સાર્વજનિક કાર્યક્રમોનું મોટા પાયે ભાજપના ગુજરાતી-મારવાડી અને ઉત્તર ભારતીય સમાજના લોકો દ્વારા આયોજન કરવામાં આવે છે. ભાજપ દ્વારા આ વર્ષે પણ (જુઓ પાનું ૪) ▶▶

# શિવસેનાને ₹ ૧૫૨.૪ કરોડનું ડોનેશન

## અડધોઅડધ રકમ પુણેની એક હાઉસિંગ કંપનીએ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપને ઈલેક્ટોરલ બોન્ડમાંથી ડોનેશન તરીકે મળેલી રકમની ભારે ચર્ચા થઈ રહી છે ત્યારે એક નવી વાત સામે આવી છે કે રાજ્યમાં અઢી વર્ષ સુધી સત્તામાં રહેલી શિવસેનાને પુણેની એક મોટી હાઉસિંગ કંપની દ્વારા મોટી રકમનું ડોનેશન આપવામાં આવ્યું હતું. શિવસેનાને બધું મળીને રૂ. ૧૫૨.૪ કરોડનું ડોનેશન મળ્યું છે.

મળતી માહિતી મુજબ પુણેની રિયલ એસ્ટેટ ક્ષેત્રની મોટી કંપની બીજી શિરકે કન્સ્ટ્રક્શન શિવસેનાના સૌથી મોટા ડોનર હોવાનું સામે આવ્યું છે. કંપનીના ડોનેશન છેલ્લા બે વર્ષમાં આવ્યા છે, એમ ચૂંટણી પંચની વેબસાઈટ પર આપવામાં આવેલી માહિતીમાંથી સામે આવ્યું છે.

કંપનીએ કુલ ૧૧૮.૫ કરોડના બોન્ડની ખરીદી કરી હતી અને તેમાંથી રૂ. ૮૫ કરોડ શિવસેનાને આપવામાં આવ્યા હતા, જ્યારે ભાજપને ૨૦૨૩-૨૪માં રૂ. ૩૦ કરોડ આપવામાં આવ્યા હતા. શિવસેનામાં ભાગલા પડી ગયા (જુઓ પાનું ૪) ▶▶

# સાથી પક્ષો પર પ્રહાર નહીં કરો

## શિંદેએ શિવસૈનિકોને સમજાવ્યા

મુંબઈ: આગામી લોકસભા ચૂંટણીના અનુસંધાનમાં મહાયુતિમાં પેદા થયેલી અસ્વસ્થતાના સંદર્ભમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શિવસૈનિકોને સાથી પક્ષો પર પ્રહાર નહીં કરવા તેમજ સાથી 'હાથ બઢાના'ની (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા ડિફોલ્ટરોને ફરી નોટિસ

## જાણીજોઈને વિલંબ કરનારા સામે કાયદેસર પગલાં લેવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નિર્ધારિત સમયમાં પ્રોપર્ટી ટેક્સ ભરવાનું જાણીજોઈને ટાળનારા તેમ જ આર્થિક ક્ષમતા હોવા છતાં પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા મોટા ડિફોલ્ટરોને મુંબઈ મહાનગરપાલિકાએ નોટિસ ફટકારી છે. આપેલી મુદતમાં તેઓએ ટેક્સ નહીં ચૂકવ્યો તો મુંબઈ મહાનગરપાલિકાના અધિનિયમમાં રહેલી જોગવાઈ મુજબ પ્રોપર્ટી સીઝ કરવાની સાથે જ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે એવું નોટિસ મારફત સ્પષ્ટ કરવામાં આવ્યું છે.નાણાકીય (જુઓ પાનું ૪) ▶▶

'ગોવિંદા આલા રે'



# શિંદે જૂથમાં એન્ટ્રી?

મુંબઈ: જાણીતા અભિનેતા ગોવિંદા રાજકારણમાં તેની બીજી ઇનિંગ શરૂ કરવા માટે તૈયાર છે. ૨૦૦૪માં કૉંગ્રેસની ટિકિટ પર સાંસદ બનેલા ગોવિંદા બીજી સિઝનમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈ ઉત્તર પશ્ચિમ લોકસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડે તેવી શક્યતા છે. મહાગઠબંધનમાં ઉત્તર પશ્ચિમ બેઠક ભાજપને ફાળે જવાની ચર્ચા હતી, પરંતુ હવે શિંદે જૂથ આ બેઠક પરથી ઉમેદવાર ઊભા રાખવાની હિલચાલ (જુઓ પાનું ૪) ▶▶

પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w). Since 2003
PANKAJ CHHEDA
9869559938

# અટલ સેતુની સુરક્ષા એરણ પર: પોલીસ બંદોબસ્ત વધારવા પર ભાર

મુંબઇ: અટલ સેતુ પર આવેલી મુંબઈની મહિલાએ થોડા દિવસ પહેલા આત્મહત્યા કરી હતી. હજી બે મહિના પહેલા ૧૨ જાન્યુઆરીએ શરૂ થયેલા દેશના સૌથી વિશાળ સાગર પુલની સુરક્ષા કસોટીની એરણ પર ચડી છે. સમુદ્ર પર આવેલા આ પુલ પર પોલીસ બંદોબસ્ત વધારવાની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. જોકે, એ માટે જરૂરી સગવડો ઉપલબ્ધ નથી કરવામાં આવી. ૨૧ કિલોમીટર લાંબો સાગરી પુલ ઉરણના ચિરલેથી શરૂ થાય છે અને ૧૪.૫ કિલોમીટરનો હિસ્સો ન્હાવા શેવા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે. આગળનો હિસ્સો મુંબઈમાં સામેલ છે. પુલનો મહત્તમ હિસ્સો નવી મુંબઈ પોલીસની હદમાં છે. જોકે, આ પુલ પર ન્હાવા શેવા પોલીસે બંદોબસ્ત રાખવો હોય (જુઓ પાનું ૪) ▶▶


# હીરાવેપારીઓ સાથે ૨૬ કરોડ રૂપિયાની છેતરપિંડી: મલાડના વેપારી સામે બે એફઆઈઆર

મુંબઈ: ઊંચી કિંમતે વેચી આપવાને બહાને હીરા લીધા પછી બે વેપારીઓ સાથે અંદાજે ૨૬ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા પ્રકરણે બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી) પોલીસે મલાડના વેપારી સામે બે એફઆઈઆર નોંધ્યા હતા. આરોપીએ આ રીતે અન્ય હીરાવેપારીઓ સાથે પણ છેતરપિંડી કરી હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

બીકેસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મલાડમાં રહેતા અને કિશા ડાયમંડ એક્સપોર્ટ ફર્મ ચલાવતા શાલીન નીતિનકુમાર શાહ (૪૨) વિરુદ્ધ ગુના નોંધવામાં આવ્યા હતા. એક વેપારી સાથે ૪.૪૯ કરોડ, (જુઓ પાનું ૪) ▶▶




અંક પ્રગટ થઈ ચૂક્યો છે




# ચહલ શિંદે કાર્યાલયના એડિશનલ ચીફ સેક્રેટરી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર દ્વારા ચૂંટણી પંચના નિર્દેશ પર,વરિષ્ઠ આઈએએસ અધિકારી ઈકબાલ સિંહ ચહલની શુક્રવારે મુંબઈ મહાપાલિકામાંથી બદલી કર્યા બાદ મુખ્ય પ્રધાન કાર્યાલયમાં વધારાના મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

ચહલની નવી પોસ્ટિંગ અંગેનો સત્તાવાર આદેશ અહીં જારી કરવામાં આવ્યો હતો. ભારતના ચૂંટણી પંચે, ૧૬ માર્ચે લોકસભા ચૂંટણીના સમયપત્રકની જાહેરાત થતા , રાજ્ય સરકારને ચહલને મુંબઈ મ્યુનિસિપલ કમિશનરના પદ પરથી ટ્રાન્સફર કરવા કહ્યું હતું કારણ કે તેમણે તે પદ પર ત્રણ વર્ષથી વધુ સમય પૂરો કર્યો હતો. બુધવારે, સીએમઓમાં (જુઓ પાનું ૪) ▶▶

### કેજરીવાલની ધરપકડ

# ભાજપે સત્તાના દુરુપયોગની કિંમત ચૂકવવી પડશે: શરદ પવાર

પુણે: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી-શરદચંદ્ર પવારના વડા શરદ પવારે શુક્રવારે મહારાષ્ટ્રના પુણે જિલ્લાના બારામતી ખાતે પત્રકારો સાથે વાત કરતા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઇડી દ્વારા દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ધરપકડની નિંદા કરતા કહ્યું હતું કે ભાજપને સત્તાના દુરુપયોગની કિંમત ચૂકવવી પડશે.''

પવારે કહ્યું કે તેમને વિશ્વાસ છે કે લોકો ચૂંટણીમાં તેમની સામૂહિક શક્તિ બતાવશે.

કેજરીવાલની ધરપકડનો ઉલ્લેખ કરતા પવારએ કહ્યું કે વિપક્ષના અવાજને દબાવવા માટે ફેડરલ એજન્સીઓનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. એનસીપી (એસપી) (જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**